**Listing:**The Equity Shares offered through the Red Herring Prospectus are proposed to be listed on the Stock Exchanges. Our Company has received 'in-principle' approvals from BSE and NSE for the listing of the Equity Shares pursuant to letters each dated February 4, 2026. For the purposes of the Offer, BSE Limited is the Designated Stock Exchange. A copy of the Red Herring Prospectus has been filed with the RoC and a copy of the Prospectus shall be filed with the RoC in accordance with Sections 26(4) and 32 of the Companies Act, 2013. For details of the material contracts and documents available for inspection from the date of the Red Herring Prospectus until the Bid / Offer Closing Date, see "***Material Contracts and Documents for Inspection***" on page 538 of the RHP.

**Disclaimer Clause of the Securities and Exchange Board of India ("SEBI"):** SEBI only gives its observations on the Draft Red Herring Prospectus and this does not constitute approval of either the Offer or the specified securities stated in the Offer Documents. The investors are advised to refer to page 424 of the RHP for the full text of the disclaimer clause of the SEBI.

**Disclaimer clause of the NSE:** It is to be distinctly understood that the permission given by NSE should not in any way be deemed or construed that the Draft Red Herring Prospectus has been cleared or approved by NSE nor does it certify the correctness or completeness of any of the contents of the Draft Red Herring Prospectus. The investors are advised to refer to page 427 of the RHP for the full text of disclaimer clause of NSE.

**Disclaimer clause of the BSE** (**Designated Stock Exchange**)**:** It is to be distinctly understood that the permission given by BSE should not in any way be deemed or construed that the Draft Red Herring Prospectus has been cleared or approved by the BSE nor does it certify the correctness or completeness of any of the contents of the Draft Red Herring Prospectus. The investors are advised to refer to page 427 of the RHP for the full text of disclaimer clause of BSE.

**General Risks:** Investments in equity and equity-related securities involve a degree of risk and investors should not invest any funds in the Offer unless they can afford to take the risk of losing their entire investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in the Offer. For taking an investment decision, investors must rely on their own examination of our Company and the Offer, including the risks involved. The Equity Shares have not been recommended or approved by SEBI, nor does SEBI guarantee the accuracy or adequacy of the contents of the Red Herring Prospectus. Specific attention of the investors is invited to "*Risk Factors*" on page 28 of the Red Herring Prospectus.

| BOOK RUNNING LEAD MANAGERS | | | | REGISTRAR TO THE OFFER | COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER |
|---|---|---|---|---|---|
| JM Financial | Avendus^ Next is the only level | motilal oswal Investment Banking | NOMURA | MUFG MUFG Intime | **Salil Jain**, 385/2, Pigdamber, Rau, Mhow, Indore – 453 331, Madhya Pradesh, India; **Email:** secretarial@symbiotec.com |
| **JM Financial Limited**<br>7th Floor, Cnergy Appasaheb Marathe Marg Prabhadevi, Mumbai 400 025, Maharashtra, India<br>**Telephone:** +91 22 6630 3030<br>**E-mail:** symbiotec.ipo@jmfl.com<br>**Investor Grievance email:** grievance.ibd@jmfl.com<br>**Website:** www.jmfl.com<br>**Contact Person:** Prachee Dhuri<br>**SEBI Registration No.:** INM000010361 | **Avendus Capital Private Limited**<br>Platina Building, 9th Floor, 901, Plot No C-59, Bandra Kurla Complex, Bandra (East), Mumbai - 400 051, Maharashtra, India<br>**Telephone:** +91 22 6648 0050<br>**Email:** symbiotec.ipo@avendus.com<br>**Investor grievance email:** investorgrievance@avendus.com<br>**Website:** www.avendus.com<br>**Contact person:** Sarthak Sawa / Ananya Chawla<br>**SEBI Registration No:** INM000011021 | **Motilal Oswal Investment Advisors Limited^^**<br>Motilal Oswal Tower, Rahimtullah Sayani Road, Opposite Parel ST Depot, Prabhadevi, Mumbai – 400 025, Maharashtra, India<br>**Telephone:** +91 22 7193 4380<br>**E-mail:** spl.ipo@motilaloswal.com<br>**Investor Grievance E-mail:** moiaplredressal@motilaloswal.com<br>**Website:** www.motilaloswal.com<br>**Contact Person:** Kunal Thakkar/Vaibhav Shah<br>**SEBI Registration No.:** INM000011005 | **Nomura Financial Advisory and Securities (India) Private Limited**<br>Ceejay House, Level 11, Plot F, Shiv Sagar Estate, Dr. Annie Besant Marg, Worli, Mumbai – 400 018, Maharashtra, India<br>**Telephone:** +91 22 4037 4037<br>**E-mail:** symbiotecipo@nomura.com<br>**Investor Grievance E-mail:** investorgrievances-in@nomura.com<br>**Website:** www.nomuraholdings.com/company/group/asia/india/index.html<br>**Contact Person:** Vishal Kanjani / Chirag Shah<br>**SEBI Registration No.:** INM000011419 | **MUFG Intime India Private Limited**<br>(*Formerly Link Intime India Private Limited*)<br>C-101, Embassy 247, L.B.S. Marg, Vikhroli (West), Mumbai 400 083, Maharashtra, India<br>**Telephone:** +91 810 811 4949<br>**Email:** symbiotecpharmalab.ipo@in.mpms.mufg.com<br>**Investor grievance email:** symbiotecpharmalab.ipo@in.mpms.mufg.com<br>**Website:** www.in.mpms.mufg.com<br>**Contact person:** Shanti Gopalkrishnan<br>**SEBI Registration No:** INR000004058 | Bidders may contact the Company Secretary and Compliance Officer, the BRLMs or the Registrar to the Offer in case of any Pre-Offer or Post-Offer related problems, such as non-receipt of letters of Allotment, non-credit of Allotted Equity Shares in the respective beneficiary account, non-receipt of refund orders or non-receipt of funds by electronic mode. For all Offer-related queries and for redressal of complaints, investors may also write to the BRLMs. |

*^^In compliance with the proviso to regulation 21A(1) and explanation (iii) to regulation 21A(1) of the SEBI Merchant Bankers Regulations, and regulation 23(3) of the SEBI ICDR Regulations, Motilal Oswal Investment Advisors Limited will be involved only in marketing the Offer. Motilal Oswal Investment Advisors Limited has signed the due diligence certificate and has been disclosed as a BRLM for the Offer.*

**AVAILABILITY OF RHP:** Investors should note that investment in Equity Shares involves a high degree of risk and investors are advised to refer to the RHP and the Risk Factors contained herein, before applying in the Offer. Full copy of the RHP shall be available at the website of SEBI at www.sebi.gov.in, the website of Stock Exchanges at www.nseindia.com and www.bseindia.com the website of our Company at www.symbiotec.com and the website of BRLMs, i.e., JM Financial Limited at www.jmfl.com, Avendus Capital Private Limited at www.avendus.com, Motilal Oswal Investment Advisors Limited at www.motilaloswal.com and Nomura Financial Advisory and Securities (India) Private Limited at www.nomuraholdings.com/company/group/asia/india/index.html.

**AVAILABILITY OF THE ABRIDGED PROSPECTUS:** A copy of the Abridged Prospectus shall be available on the website of our Company at www.symbiotec.com, the BRLMs, i.e., **JM Financial Limited** at www.jmfl.com, **Avendus Capital Private Limited** at www.avendus.com, **Motilal Oswal Investment Advisors Limited** at www.motilaloswal.com and **Nomura Financial Advisory and Securities (India) Private Limited at** www.nomuraholdings.com/company/group/asia/india/index.html respectively.

**AVAILABILITY OF BID CUM APPLICATION FORMS:** Application forms can be obtained from the Registered Office of our Company **Symbiotec Pharmalab Limited**, **Tel:** +91 731 667 6405 and the BRLM **– JM Financial Limited**, Tel: +91 22 6630 3030, **Avendus Capital Private Limited, Tel:** +91 22 6648 0050, **Motilal Oswal Investment Advisors Limited** Tel: +91 22 7193 4380 and **Nomura Financial Advisory and Securities (India) Private Limited, Tel:** +91 22 4037 4037.

**SYNDICATE MEMBER: JM Financial Services Limited, Tel:** +91 22 6136 3400, **Spark Institutional Equities Private Limited, Tel:** +91 22 6885 4503/ +91 44 4344 0078/ +91 99209 31711 and **Motilal Oswal Financial Services Limited, Tel:** +91 22 7193 4200/ +91 22 7193 4263 and the select locations of the Sub-syndicate Members (as given below), SCSBs, Registered Brokers, RTAs and CDPs participating in the Offer. Bid cum Application Forms will also be available on the websites of BSE and NSE and the Designated Branches of SCSBs, the list of which is available at websites of the Stock Exchanges and SEBI.

**APPLICATIONS SUPPORTED BY BLOCKED AMOUNT (ASBA):** Investors have to apply through the ASBA process. ASBA has to be availed by all the investors. For details on ASBA process, please refer to the details given in the ASBA Form and Abridged Prospectus and also please refer to "*Offer Procedure*" on page 451 of the RHP. Further ASBA Application forms can be obtained from Designated Branches of SCSBs, the list of banks that are available on website of SEBI at www.sebi.gov.in and website of Stock Exchanges at www.nseindia.com and www.bseindia.com. The investors are required to fill the Bid Cum Application form and submit the same to the relevant SCSBs at the specific locations or registered brokers at the broker centers or RTA or DP's. The SCSB's will block the amount in the account as per the authority contained in application form. On allotment, amount will be unblocked and account will be debited only to the extent required to be paid for allotment of shares. Hence, there will be no need of refund.

**UPI:** UPI Bidders can also Bid through UPI Mechanism.

**SUB-SYNDICATE MEMBERS:** 5paisa Capital Limited, Alankit Imaginations Limited, Almondz Global Securities Limited, Ambit Capital Limited, Anand Rathi Share & Stock Brokers Limited, Arihant Capital Markets Limited, Asit C. Mehta Investment Interrmediates Limited, Axis Capital Limited, Bajaj Financial Securities Limited, Centrum Finverse Limited, DALAL & BROACHA STOCK BROKING PVT Limited, Eureka Stock & Share Broking Services Limited, Finwizard Technology Private Limited, Globe Capital Market Limited, HDFC SECURITIES Limited, ICICI SECURITIES Limited, IDBI Capital Market Services Limited, IIFL Capital Services Limited, Kantilal Chhaganlal Securities Pvt. Limited, Keynote Capitals Ltd, KJMC Capital Market Services Limited, Kotak Securities Limited, LKP Securities Limited, Nuvama Wealth and Investment Limited, Pantomath Financial Services Limited, Prabhudas Lilladher Pvt Limited, Pravin Ratilal Share And Stock Brokers Limited, Religare Securities Limited, RR Equity Brokers Pvt. Limited, SBICAP Securities Limited, Sharekhan Limited, SMC Global Securities Limited, SS Corporate Securities Limited, Standard Chartered Securities, TradeBulls Securites (P) Limited, Trust Securities Limited, Upstox Securities Private Limited and YES Securities (India) Limited.

**Bankers to the Offer: Escrow Collection Bank, Refund Bank:** Kotak Mahindra Bank Limited

**Public Offer Account Bank:** Axis Bank Limited | **Sponsor Bank:** Kotak Mahindra Bank Limited and Axis Bank Limited.

All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in RHP.

For **Symbiotec Pharmalab Limited**
On behalf of the Board of Directors
Sd/-
**Salil Jain**
Company Secretary and Compliance Officer

Place: Madhya Pradesh, India
Date: August 24, 2026

**Symbiotec Pharmalab Limited** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offering of its Equity Shares and has filed the RHP with the Registrar of Companies, Madhya Pradesh at Gwalior, SEBI and the Stock Exchanges on August 18, 2026. The RHP is to be read with Addendum to the RHP dated August 19, 2026 ("**Addendum**") which is available on the websites of the Company i.e. www.symbiotec.com and SEBI, BSE and NSE at www.sebi.gov.in, www.bseindia.com and www.nseindia.com, respectively, and on the website of the Book Running Lead Managers i.e. JM Financial Limited at www.jmfl.com, Avendus Capital Private Limited at www.avendus.com, Motilal Oswal Investment Advisors Limited at www.motilaloswal.com and Nomura Financial Advisory and Securities (India) Private Limited at www.nomuraholdings.com/company/group/asia/india/index.html. Potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see the section titled "*Risk Factors*" on page 28 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI for making any investment decision but should only rely on the information included in RHP filed by the Company with the RoC for making investment decisions.

This announcement does not constitute an invitation or offer of securities for sale in any jurisdiction.

The Equity Shares offered in the Offer have not been, and will not be, registered under the U.S. Securities Act of 1933, as amended ("**U.S. Securities Act**") or any other applicable law of the United States, and unless so registered may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside of the United States in "offshore transactions" as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where such offers and sales are made.

Adfactors

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 201 ■ વિક્રમ સંવત ૨૦૮૨
શ્રાવણ સુદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 August 2026, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૨૫ ઑગસ્ટ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ‘વન નેશન, વન ઈલેક્શન’ ૨૦૨૯થી?




**લોકસભા અને બાવીસ રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે ૨૦૨૯માં યોજાવાની શક્યતાઃ આ દિશામાં સરકારે ગતિવિધિઓ તેજ કરી**

નવી દિલ્હીઃ ભારતમાં એક રાષ્ટ્ર, એક ચૂંટણી ખરડાને મુદ્દે કવાયત તેજ કરવામાં આવી છે. બંધારણના ૧૨૯માં સુધારા અંગે જેપીસી દ્વારા વિચાર-વિમર્શ કરવામાં આવી રહ્યો છે. જેમાં સત્તાધારી પક્ષ ઉપરાંત વિપક્ષ નેતાઓ પણ સામેલ થઇ રહ્યા છે. અત્યારે તો મોદી સરકાર આ ખરડાને કાયદો બનાવીને તેનો ૨૦૨૯ની ચૂંટણી સાથે જ કરવા માગતી હોય એવું લાગી રહ્યું છે. કેન્દ્રીય પ્રધાન શિવરાજસિંહ ચૌહાણે વન હરિદ્વારમાં કહ્યું હતું કે, ૦૩૪ ભૂલી જજો, ૨૦૨૯માં જ વન નેશન વન ઈલેક્શન થઈ શકે છે. વિકસિત ભારત માટે વન નેશન વન ઈલેક્શન જરૂરી છે. ૨૦૩૪માં નહીં પણ ૨૦૨૯માં જ વન નેશન વન ઇલેક્શન થઈ શકે છે. ૨૦૨૯માં લોકસભા અને બાવીસ રાજ્યોની ચૂંટણીઓ એકસાથે યોજાઈ શકે છે.

આ બિલ અંગે સોમવારે જેપીસીના અધ્યક્ષ પી.પી. ચૌધરીની અધ્યક્ષતામાં બેઠક યોજાઇ હતી. આમાં કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી અને કોંગ્રેસના નેતા પી. ચિદમ્બરમે હાજરી આપી હતી. તેમજ ટીએમસી સાંસદ સાગરિકા ઘોષ અને એનસીપી (શરદ પવાર) સાંસદ સુપ્રિયા સુલેએ પણ બેઠકમાં ભાગ લીધો હતો.

જોકે, વિપક્ષ વન નેશન વન ઇલેક્શન બિલનો (જુઓ પાનું ૨) ▶▶




## એચ-વનબી વિઝા ફી હવે એક લાખ ડૉલરથી પણ વધુઃ નવો પ્રસ્તાવ

વૉશિંગ્ટનઃ અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઑફ હોમલૅન્ડ સિક્યોરિટી (ડીએચએસ)એ ચોક્કસ એચ-વનબી વિઝા અરજીઓ માટેની ફી વધારીને ૧,૦૩,૨૬૫ ડૉલર કરવાનો સોમવારે પ્રસ્તાવ મૂક્યો હતો. આ પ્રસ્તાવથી ભારતીયોને ફરક પડશે.

આ પ્રસ્તાવ ગયા વરસે ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા એચ-વનબી વિઝા માટે એક લાખ ડૉલર ફી ચુકવવાના મૂકવામાં આવેલા પ્રસ્તાવનું સ્થાન લેશે.

આ પ્રસ્તાવિત નિયમને ૩૦ દિવસ માટે જાહેર ચર્ચા માટે મૂકવામાં આવશે અને ત્યાર બાદ વરસના અંત સુધીમાં ડીએચએસ તેને અંતિમ સ્વરૂપ આપશે.

એચ-વનબી વિઝા અંગે વધી રહેલી અનિશ્ચિતતા (જુઓ પાનું ૨) ▶▶

## ડુંગળીના ભાવ આસમાનેઃ ૫૯ ટકાથી વધુનો વધારો

**પુરવઠો વધારવા માટે સરકારે નાશિકથી શરૂ કરી ‘કાંદા એક્સપ્રેસ’**

નવી દિલ્હીઃ ગ્રાહક બાબતોના કેન્દ્રીય સચિવ નિધિ ખરેએ સોમવારે જણાવ્યું હતું કે, પુરવઠો વધારવા અને ભાવમાં મોસમી વધારાને રોકવાના પ્રયાસોના ભાગરૂપે, કેન્દ્રએ મહારાષ્ટ્રના નાશિકથી સમર્પિત રેલવે રેક ’કાંદા એક્સપ્રેસ’ દ્વારા જથ્થાબંધ ડુંગળીના સ્ટોકને મુખ્ય વપરાશ કેન્દ્રોમાં ખસેડવાનું શરૂ કર્યું છે.

તેમણે જણાવ્યું હતું કે, આ રેક પર હાલમાં લોડ કરવામાં આવી રહેલો સ્ટોક બુધવાર સુધીમાં ઓળખાયેલા કેન્દ્રો સુધી પહોંચવાની અપેક્ષા છે.

મંત્રાલય દ્વારા જાળવવામાં આવેલા ડેટા દર્શાવે છે કે ૨૪ ઓગસ્ટના રોજ ડુંગળીનો સમગ્ર ભારતમાં સરેરાશ છૂટક ભાવ વાર્ષિક ધોરણે ૫૯ ટકા વધીને ૪૩.૫૩ રૂપિયા કિલો થયો છે, જે એક વર્ષ પહેલાં ૨૭.૩૭ ૪૩.૫૩ રૂપિયા કિલો હતો. સરેરાશ જથ્થાબંધ ભાવ ૬૮ ટકા વધીને ૩૫.૫૮ ૪૩.૫૩ રૂપિયા કિલો થયો હતો, જે એક વર્ષ પહેલાંના સમયગાળામાં ૨૧.૨૩ રૂપિયા કિલો હતો.

ખરેએ જણાવ્યું હતું કે શરૂઆતમાં, ડુંગળી પાંચ મુખ્ય વપરાશ કેન્દ્રો, જેમ કે ચેન્નઈ, મદુરાઈ, દિલ્હી, એર્નાકુલમ (જુઓ પાનું ૨) ▶▶

**વિદ્યાર્થીઓ સામેના એફઆઈઆર પાછા નથી ખેંચાયા**

## કૉક્રોચ પાર્ટી ફરી આંદોલન કરશે

**પાંચમી સપ્ટેમ્બરે ઈન્ડિયા ગેટથી કૂચ કાઢશે**

નવી દિલ્હીઃ સરકાર પર આપેલી ખાતરીનો આદર કરવામાં નિષ્ફળ જવાનો આક્ષેપ કરીને કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)એ પાંચ સપ્ટેમ્બરે યુવાનોની કૂચ કાઢવાની જાહેરાત કરી હતી. કૂચની શરૂઆત ઈન્ડિયા ગેટથી થશે અને તે નવી દિલ્હીના પોલીસ વડા મથક ભણી જશે, એવી માહિતી સીજેપીની રાષ્ટ્રીય કારોબારીએ બહાર પાડેલાં નિવેદનમાં આપવામાં આવી છે. આ કૂચની આગેવાની નીટની પરીક્ષાના મૃતક પડિતોના કુટુંબો અને પોલીસના દમનના શિકાર બનેલા યુવાનો કરશે. આમાં વિદ્યાર્થીઓ અને યુવા સંગઠનો જોડાય એવી વકી છે.

સીજેપીએ કહ્યું હતું કે પચીસ જુલાઈના જંતર મંતર ખાતેના વિરોધ પ્રદર્શનને પાછા ખેંચવા માટે સરકારે આપેલી ખાતરીનો અમલ ન કર્યો હોવાથી આ કૂચ કઢાશે. આમાં મુખ્તત્વે વિદ્યાર્થીઓ અને દેખાવકારો સામેનો એફઆઇઆર પાછો ખેંચવાની ખાતરીનો સમાવેશ થાય છે.

સીજેપીએ એક નિવેદનમાં કહ્યું હતું કે સીજેપી (જુઓ પાનું ૨) ▶▶

## દિલ્હી-એનસીઆર અને ગુરુગ્રામમાં વરસાદી આફત



**જળબંબાકારઃ** ભારે વરસાદને લીધે ગુરુગ્રામમાં ઠેર ઠેર પાણી ભરાયાં હતાં અને ટ્રાફિક જૅમ થયો હતો. (પીટીઆઈ)

નવી દિલ્હીઃ ઉત્તર ભારતના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદને લીધે ખાસ કરીને દિલ્હી-એનસીઆર વિસ્તારમાં ફ્લાઈટને બીજે વાળવામાં આવી હતી, ઠેર ઠેર પાણી ભરાયાં હતાં અને ટ્રાફિક જૅમ થયો હતો. રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને હિમાચલ પ્રદેશના અમુક વિસ્તારોમાં વરસાદે હાજરી પૂરાવી હતી.

ગુરુગ્રામમાં વરસાદની સોથી વધારે માઠી અસર જોવા મળી હતી. ટ્રાફિક ગોકળગાયની ગતિએ ચાલ્યો હતો. માતાપિતા બાળકોને ખભા પર બેસાડીને જળબંબાકાર રોડમાંથી પસાર થતાં જોવાં મળ્યાં હતાં. સ્કૂલ બસ અને બીજા વાહનો પાણીમાં અટવાઈ ગયાં હતાં.

વરસાદને લીધે જૂના ગુરુગ્રામના અનેક વિસ્તારોમાં તેમ જ હીરો હોન્ડા ચોક, રાજીવ ચોક અને આઈએફએફસીઓ ચોક જળબંબાકાર થઈ ગયા હતા. સોહના રોડ પર શાળાની બસ (જુઓ પાનું ૨) ▶▶

## અમરાવતીમાં હૉસ્પિટલની આગ ત્રણ નવજાત શિશુને ભરખી ગઇ

અમરાવતી (મહારાષ્ટ્ર): સોમવારે વહેલી સવારે મહારાષ્ટ્રનાં અમરાવતી શહેરમાં આવેલી એક સરકારી હૉસ્પિટલના નિયોનેટલ ઇન્ટેન્સિવ કેર યુનિટ (એનઆઇસીયુ )માં આગ લાગવાની દુઃખદ ઘટનામાં ત્રણ નવજાત શિશુનાં મોત થયાં હતા. અમરાવતી પોલીસ કમિશનર (જુઓ પાનું ૨) ▶▶

**આગઃ** અમરાવતી જિલ્લામાં સરકારી હૉસ્પિટલમાં નિયોનેટલ ઈન્ટેન્સિવ કેર યુનિટ (એનઆઈસીયુ)માં આગ લાગતા ઓછામાં ઓછા ત્રણ નવજાત શિશુ મરણ પામ્યાં હતાં. (પીટીઆઈ)



## ફૂટપાથ માનવજીવનનું અભિન્ન અંગઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ફૂટપાથનું અસ્તિત્વ એ માનવજીવનનું અભિન્ન અંગ છે એમ કહીને બધાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પદયાત્રીઓ માટે સીમાંકન કરેલી અને અતિક્રમણમુક્ત ફૂટપાથના તેના નિર્દેશોના અમલ અંગેનો જવાબ આપવા કહ્યું હતું.

જ્યાં રોડ છે ત્યાં અલગ પાડેલી યોગ્ય ફૂટપાથ હોવાની તકેદારી લેવાના કેસમાં જસ્ટિસ પી. એસ. નરસિંહ અને આલોક અરાધેની બનેલી બેન્ચે બધાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પક્ષકાર બનાવ્યા હતા. અદાલતે ફૂટપાથની બાબતની પોતે જ નોંધ લઈને કેસ બનાવ્યો છે.

બેન્ચે કેન્દ્ર વતી રજૂઆત કરતા વધારાના સોલિસિટર જનરલ કે. એમ. નટરાજને કહ્યું હતું કે પહેલા તો પદયાત્રીઓના ચાલવા માટે યોગ્ય રીતે અલાયદી જગ્યા હોવી જોઈએ. ચાલતી વખતે પદયાત્રીઓને તેમની સુરક્ષાની ખાતરી હોવી ઘટે. જ્યાં પણ રોડ હોય (જુઓ પાનું ૨) ▶▶

## ઇરાનનું ચલણ રિયાલ નવાં તળિયે

તહેરાનઃ અમેરિકા ઇરાન પર નવા પ્રતિબંધો જાહેર કરવાની તૈયારી કરી રહ્યું હોવા વચ્ચે ઇરાનનું ચલણ રિયાલનું મૂલ્ય સોમવારે ઐતિહાસિક નીચલી સપાટીએ પહોંચી ગયું હતું.

અમેરિકાના જણાવ્યા અનુસાર નવા પ્રતિબંધો અગાઉના પ્રતિબંધો અને અમેરિકી નૌકાદળની નાકાબંધીને કારણે પહેલા જ મુશ્કેલીમાં મુકાયેલી ઇરાનની અર્થવ્યવસ્થા પર વધુ દબાણ લાવશે.

સોમવારે બજાર ખૂલતાં જ રિયાલનો ભાવ એક અમેરિકી ડૉલર સામે ૨૦.૨ લાખ રિયાલ જેટલો થઈ ગયો હતો. સત્તાવાર દર અંદાજે ૧૫ લાખ રિયાલ પ્રતિડૉલર હતો. જોકે મોટાભાગના ઇરાનીઓ માટેબજાર ભાવ જ મહત્ત્વનો છે.

અમેરિકા અને ઇઝરાયલે ૨૮ ફેબ્રુઆરીએ ઇરાન પર હુમલો કર્યો તે પહેલાથી જ રિયાલ દબાણ હેઠળ હતો. ઇરાનમાં બે આંકડાની મોંઘવારી અને નકારાત્મક વૃદ્ધિદર (જુઓ પાનું ૨) ▶▶

## બાંગ્લાદેશના પીએમ ભારતની મુલાકાતે નહીં આવે

ઢાકાઃ બાંગ્લાદેશના વડા પ્રધાન તારીક રહેમાન ૨૩ ઑગસ્ટથી ભારતની ત્રણ દિવસની મુલાકાતે આવવાના હતા, પરંતુ આ મુલાકાત મુલતવી રાખવામાં આવી છે. આ મુલાકાત મુલતવી રાખવાના કારણો અને તેને પગલે સર્જાયેલા શૂન્યાવકાશે બંને દેશ વચ્ચેના વર્તમાન સંબંધો અંગે અનેક પ્રશ્નો ઊભા કર્યા છે.

બાંગ્લાદેશની અસુરક્ષિત સત્તા વ્યવસ્થા અને ટૂંકી દૃષ્ટિ આ પાછળનું મુખ્ય કારણ હોવાનું માનવામાં આવે છે.

બાંગ્લાદેશ અસ્તિત્વમાં ન હોય તેવા જોખમોની કલ્પના કરવામાં વ્યસ્ત હોવાને કારણે બંને દેશ વચ્ચેના લાંબાગાળાના અને લાભદાયી સંબંધો ફરીથી સ્થાપિત કરવાના પ્રામાણિક પ્રયાસોને નુકસાન થયું છે.

મુલાકાત રદ થવાના થોડા સમય અગાઉ જ રહેમાનના એક વિરષ્ઠ સહાયકે ‘ઇસ્લામિક નાટો’ માટે ખુલ્લાપણાનો સંકેત આપ્યો હતો અને એ જ સમયે બાંગ્લાદેશે ભારત પાસે ભૂતપૂર્વ વડાં પ્રધાન શેખ હસીનાની સોંપણીની અલગથી માગણી પણ કરી હતી.

આ બંનેમાંથી કોઈ પગલું ભારત (જુઓ પાનું ૨) ▶▶

## સરકારી બંગલા માટે કરોડો ને સ્કૂલો માટે કાંઈ નહીં?: સીજેપી, વિપક્ષો

નવી દિલ્હીઃ કેન્દ્રીય પ્રધાનોના સત્તાવાર નિવાસસ્થાનોની જાળવણી પાછળ વીતેલા નાણાકીય વર્ષમાં વિક્રમજનક ૯૨.૩૫ કરોડ રૂપિયાના કરવામાં આવેલા ખર્ચ સામે કૉંગ્રેસ, સીજેપી અને ‘આપ’એ એમ કહીને સવાલ ઉઠાવ્યા છે કે શાળાઓ સુધારો વૈભવી ઘરો નહીં.

દેશમાં વધતીજતી મોંઘવારી, બેરોજગારી અને સરકારી શાળાઓની વધેલી જરૂરિયાત વચ્ચે કેન્દ્ર સરકારની ખર્ચની પ્રાથમિકતાઓ સામે તેમણે સવાલ ઉઠાવ્યા હતા.

‘આપ’એ આ ખર્ચની સરખામણી ભાજપ દ્વારા દિલ્હીના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાન પાછળના ખર્ચ અંગે કરવામાં આવેલી ટીકા સાથે કરી હતી.

આ મામલે સોશ્યલ મીડિયા પર પ્રતિક્રિયા આપતાં સીજેપીએ કહ્યું હતું કે તમારા વૈભવી ઘરોની મરામત કરાવવાનું બંધ કરો અને શાળાઓની મરામત કરાવો.

પ્રધાનો દ્વારા કબજે કરાયેલા બ્રિટિશકાળના બંગલાઓની (જુઓ પાનું ૨) ▶▶

## તેલંગણાનું અપમાનઃ અમેરિકા મુલાકાત નામંજૂર કરાતા રેવન્થ રેડ્ડી બોલ્યા

હૈદરાબાદઃ અમેરિકાની મુલાકાત અંગે રાજકીય મંજૂરી ન આપવામાં આવી હોવા અંગે પ્રથમ પ્રતિક્રિયા આપતાં તેલંગણાના મુખ્ય પ્રધાન રેવન્થ રેડ્ડીએ સરકારના આ નિર્ણયને તેલંગણાનું અપમાન લેખાવ્યો હતો.

કેન્દ્ર સરકારે મંજૂરી ન આપતાં રેડ્ડીએ શુક્રવારે તેમની બે દેશની મુલાકાતનો તબક્કો રદ કર્યો હતો.

રેડ્ડી અમેરિકા અને યુકેની દસ દિવસની મુલાકાતે ગયા હતા. યુકેના પ્રવાસ માટે તેમને રાજકીય મંજૂરી મળી હતી અને તેઓ ૨૩ ઑગસ્ટે હૈદરાબાદ પરત ફરવાના હતા.

મુખ્ય પ્રધાનના કાર્યાલયના જણાવ્યા અનુસાર રાજકીય કારણોસર રેડ્ડીને અમેરિકાની મુલાકાત માટે પરવાનગી આપવામાં નહોતી આવી.

અમેરિકાના પ્રવાસ દરમિયાન રેડ્ડી હાર્વર્ડ યુનિવર્સિટી, મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યુટ ઑફ ટૅક્નોલૉજી (એમઆઈટી) અને વર્જિનિયા ટૅકની મુલાકાત લેવાની હતા.

વિદેશ ખાતાના જણાવ્યા અનુસાર રેડ્ડીની અમેરિકાની પ્રસ્તાવિત મુલાકાત રાજકીય મંજૂરી આપવા માટેના નિર્ધારિત માપદંડોને પૂર્ણ કરતી નહોતી. (એજન્સી) ■

**નીટ-વિરોધ-પોલીસ દમન**

## જાતીય હુમલાની ફરિયાદોને તપાસ સમિતિ અગ્રક્રમ આપશેઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ નીટ વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ હિંસાના આરોપોની તપાસ માટે સુપ્રીમ કોર્ટ દ્વારા રચાયેલી ઉચ્ચ સત્તાધારી તપાસ સમિતિ (એચપીઇસી)ને મહિલા વિરોધીઓ દ્વારા સામનો કરવામાં આવેલા જાતીય હુમલાની ફરિયાદોને પ્રાથમિકતા આપવાનું કહેવામાં આવ્યું છે, એમ સુપ્રીમ કોર્ટે સોમવારે જણાવ્યું હતું.

મુખ્ય ન્યાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને વી. મોહનાની બનેલી બેન્ચ દ્વારા આ સ્પષ્ટતા કરવામાં આવી હતી, જ્યારે વરિષ્ઠ વકીલ શોભા ગુપ્તાએ ૨૦ જુલાઈના રોજ જંતર-મંતર ખાતે થયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન મહિલાઓ પર જાતીય હુમલો અને છેડતીના આરોપોની સ્વતઃ નોંધ લેવા વિનંતી કરી હતી.

ગુપ્તાએ બેન્ચને એવી પદ્ધતિ સ્થાપિત કરવા પણ વિનંતી કરી હતી જેના દ્વારા કથિત પીડિતો સીધી તપાસ માટે તેમની ફરિયાદો રજૂ કરી શકે.

સીજેઆઇએ કહ્યું કે ઉચ્ચ સત્તાધારી તપાસ સમિતિ (એચપીઇસી) વિરોધીઓ દ્વારા સામનો કરવામાં આવેલા જાતીય હુમલાની ફરિયાદોને પ્રાથમિકતા આપશે.

સીજેઆઇએ કહ્યું કે ગયા અઠવાડિયે (જુઓ પાનું ૨) ▶▶



## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ‘મનુસ્મૃતિ’ મુદ્દે રાહુલ પર તૂટી પડનારા બાબાસાહેબની ટીકા કરશે?

**લોકસભામાં** વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ શનિવારે ‘છાત્રો કી ગૂંજ’ કાર્યક્રમમાં 'મનુસ્મૃતિની માનસિકતા' ફગાવીને છોકરીઓને દબાવી દેવાના બદલે આઝાદ કરવાની તરફેણ કરી તેમાં બબાલ થઈ ગઈ છે. લગભગ ૧૫ હજાર વિદ્યાર્થિનીઓની હાજરીમાં રાહુલે હાકલ કરેલી કે, છોકરીઓએ 'મનુસ્મૃતિની માનસિકતા' ફગાવીને પુરુષવાદી સત્તાની માનસિકતાનો અંત લાવવો જોઈએ અને છોકરીઓને થતા અન્યાયો સામે અવાજ ઉઠાવવો જોઈએ.

રાહુલની વાતથી ભાજપના ઘણા નેતાઓને મરચાં લાગી ગયાં છે. રાહુલે ‘મનુસ્મૃતિ’ની ટીકા કરીને ભારતીય પરંપરા અને વારસાનું અપમાન કર્યું છે ત્યાં સુધીની ટીકાઓ થઈ રહી છે. ભાજપનો આક્ષેપ છે કે રાહુલ ગાંધીને ભારતના મૂળભૂત ગ્રંથોની યોગ્ય સમજ નથી અને રાજકીય ફાયદા માટે ખોટો વિવાદ ઊભો કરી રહ્યા છે. અમિત માલવિય અને નિશિકાંત દુબે સહિતના નમૂના બધું તેમના કહેવાતા હિંદુત્વના ચશ્માંથી જોવા ટેવાયેલા છે તેથી તેમણે એવો આક્ષેપ કર્યો છે કે, રાહુલ ગાંધી હિન્દુ-વિરોધી માહોલ ઊભો કરવા માટે ધર્મગ્રંથોમાંથી ચોક્કસ અંશોને ટાંકી રહ્યા છે. માલવિય અને દુબેએ તો ‘મનુસ્મૃતિ’માં મહિલાઓ વિશે સારું લખાયેલું છે એમ કહીને તેનો બચાવ પણ કર્યો છે.

વખારમાંથી બહાર કઢાયેલાં સ્મૃતિ ઈરાનીએ વળી નવું જ વાજું વગાડ્યું છે કે, રાહુલ ગાંધી મહિલાઓના સમર્થક હોય તો પહેલાં મહિલા અનામત લાગુ કરવાને સમર્થન આપવું જોઈએ. આ બેનને કોણ સમજાવે કે, સંસદ અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે બેઠકો અનામત રાખવાનો ખરડો પસાર થઈ ગયો છે, રાષ્ટ્રપતિએ સહી પણ કરી દીધી છે ને હવે અમલ જ કરવાનો છે. આ અમલ ભાજપ સરકારે કરવાનો છે, રાહુલે નહીં. સ્મૃતિબેને તો આખું વંદે માતરમ્ ગાવાની પારાયણ પણ માંડી દીધી છે. માણસ બહાર રહે તેના કારણે થોડોક નરમ પડે પણ બુદ્ધિ ના આવે તે આનું નામ.

ભાજપના નેતા રાહુલની ટીકા અને મનુસ્મૃતિનો બચાવ કરી રહ્યા છે ત્યારે થોડોક ઈતિહાસ પણ તેમણે જાણવો જોઈએ. ‘મનુસ્મૃતિ’ની ટીકા ઘણાંએ કરી છે ને તેમાં સૌથી મોટું નામ ડૉ. બાબાસાહેબ આંબેડકરનું છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે ‘મનુસ્મૃતિ’ પુસ્તકને ‘‘ગુલામીનું બાઇબલ’’ ગણાવીને ફગાવી દીધું હતું. બાબાસાહેબ માનતા કે, ‘મનુસ્મૃતિ’ ભારતના જ્ઞાતિભેદ, અસ્પૃશ્યતા અને સ્ત્રીઓને સાવ હલકી કક્ષાની ગણીને નીચલા દરજ્જાની માનવા માટે ધાર્મિક આધાર પૂરો પાડે છે તેથી આ પુસ્તક કોઈ રીતે સ્વીકૃત નથી. બાબાસાહેબનો સ્પષ્ટ અભિપ્રાય હતો કે, ‘મનુસ્મૃતિ’ સ્ત્રીઓને શૂદ્રોની કક્ષામાં મૂકે છે અને તેની શરૂઆત જ સ્ત્રીઓ વિશે હલકા અભિપ્રાયથી શરૂ થાય છે એ જોતાં મનુને શૂદ્રો તરફ હતો એટલો જ અણગમો સ્ત્રીઓ તરફ હતો એ સ્પષ્ટ છે. બાબાસાહેબની દલીલ હતી કે, ‘મનુસ્મૃતિ’ ગ્રંથે જન્મ આધારિત એક અન્યાયી વ્યવસ્થા ઊભી કરી કે જેના કારણે નીચલી મનાતી જ્ઞાતિઓ અને અસ્પૃશ્યોને મૂળભૂત માનવીય ગરિમા અને શિક્ષણથી વંચિત રાખ્યા. આ ગ્રંથના નિયમો મહિલાઓ સાથે અસમાન વ્યવહાર કરતા હતા ને તેના આધારે મહિલાઓને સ્વતંત્રતાથી વંચિત રાખવામાં આવી. ‘એનિહિલેશન ઓફ કાસ્ટ’ એટલે કે જ્ઞાતિપ્રથાનું નિર્મૂલન સહિતના લેખોમાં બાબાસાહેબે સીધો આક્ષેપ મૂક્યો છે કે, આ પુસ્તકે એક હાનિકારક સામાજિક વ્યવસ્થાને પ્રોત્સાહન આપ્યું અને હિંદુઓને એક કરવાને બદલે વિભાજિત કર્યા.

બાબાસાહેબે તો ‘મનુસ્મૃતિ’ની જાહેરમાં હોળી પણ કરી હતી. મહાડ સત્યાગ્રહ દરમિયાન ૨૫ ડિસેમ્બર, ૧૯૨૭ના રોજ બાબાસાહેબે સવર્ણ હિંદુઓને જગાડવા અને સદીઓથી ચાલતા દમન સામે વિરોધ નોંધાવવા માટે ‘મનુસ્મૃતિ’ની નકલો સળગાવી હતી. બાબાસાહેબના ઘણા અનુયાયી સમાનતા અને નાગરિક અધિકારો માટેના સંઘર્ષમાં આ ઘટનાને માઈલસ્ટોન ગણાવીને ૨૫ ડિસેમ્બરે ‘મનુસ્મૃતિ દહન દિવસ’ મનાવે છે.

બાબાસાહેબના ‘મનુસ્મૃતિ’ વિશેના વિચારોની આ ઉપરછલ્લી વાતો છે. બાબાસાહેબના વિરોધને સમજવો હોય તો બાબાસાહેબને વાંચવા પડે ને ભાજપના હાઈકમાન્ડે તૈયાર કરેલું ચૂરણ ચાટતા નેતાઓએ બાબાસાહેબને વાંચે એવી જરાય અપેક્ષા ના રખાય પણ 'એનિહિલેશન ઓફ કાસ્ટ' જેવો એકાદ લેખ વાંચો તો પણ તેમને બાબાસાહેબના સ્ફોટક વિચારો અને મનુસ્મૃતિ માટેની નફરતનો અણસાર આવી જાય. લેખ ના વાંચે ને ખાલી ગૂગલ પર સર્ચ કરે તો પણ બાબાસાહેબની મનુસ્મૃતિ માટેની નફરતનો ખ્યાલ તો આવી જ જાય. સવાલ એ છે કે, રાહુલ ગાંધી પર તૂટી પડેલા ભાજપના નેતાઓમાં બાબાસાહેબને ઝાટકવાની વાત છોડો પણ તેમની વિરુદ્ધ હરખ પણ ઉચ્ચારવાની હિંમત છે ખરી ? યોગી આદિત્યનાથ સહિતના ભાજપના નેતાઓએ રાહુલ ગાંધી ભારતીય પરંપરા અને વારસાની ઉપેક્ષા કરીને હિંદુત્વનું અપમાન કરી રહ્યા હોવાનું કહીને રાહુલ પર તૂટી પડ્યા છે. રાહુલે તો માત્ર સ્ત્રીઓ વિશેના મનુસ્મૃતિના વિચારોનો ઉલ્લેખ કર્યો જ્યારે બાબાસાહેબે તો મનુસ્મૃતિને જ બકવાસ ગણાવી હતી. યોગી કે ભાજપના કોઈ વીરલામાં એવી હિંમત છે ખરી કે, બાબાસાહેબનું નામ લઈને કહે કે, ‘મનુસ્મૃતિ’ ની ટીકા ભારતીય પરંપરા અને વારસાનું અપમાન છે? 'મનુસ્મૃતિ’ની ઝાટકણી હિંદુત્વનું અપમાન છે ? એવી હિંમત નથી કેમ કે, બાબાસાહેબની ટીકા કરવા જાય તો દલિત મતદારો ઘરભેગા કરી દે. રાહુલ ગાંધીએ શું કહ્યું ને શું ના કહ્યું તેનું આપણે પિષ્ટપિંજણ કરતા નથી પણ ‘મનુસ્મૃતિ’ હિંદુઓનું વિભાજન કરનારો ગ્રંથ છે તેમાં કોઈ શંકા નથી. ઘણાં ‘મનુસ્મૃતિ’નો એમ કહીને બચાવ કરે છે કે, ‘મનુસ્મૃતિ’માં કર્મ આધારિત વર્ણવ્યવસ્થા હતી ને વ્યક્તિ જન્મે નહીં પણ કર્મથી બ્રાહ્મણ કે શૂદ્ર મનાતો હતો પણ તેનું ખોટું અર્થઘટન કરાયું . આ દલીલ બકવાસ જ છે પણ માનો કે સાચી હોય તો પણ જન્મના આધારે કે કર્મના આધારે હિંદુઓમાં વિભાજન તો કરે જ છે. ‘મનુસ્મૃતિ’ માણસના કામના આધારે લેબલ લગાવે જ છે ને એ રીતે ભાગલા પાડે જ છે. ‘મનુસ્મૃતિ’એ રીતે હિંદુઓમાં ભાગલાનો તખ્તો તૈયાર કર્યો જ છે. તેના કારણે જ જ્ઞાતિપ્રથા અમલી બની કે જેને આજેય આપણે મિટાવી શકતા નથી. ‘મનુસ્મૃતિ’માં બધું ખરાબ જ છે એવું નથી પણ બધું સારું પણ નથી તેથી તેની ટીકા કરી જ ના શકાય એ વલણ કૂવામાંના દેડકાની માનસિકતા બતાવે છે. પરંપરા કે વારસાના નામે આપણે આપણી મા, બહેન, દીકરી, પત્નિ વગેરેની સ્વતંત્રતા ના છિનવી શકીએ કે તેમને ગુલામ બનાવીને રાખવાના વિચારોને ના પોષી શકીએ. આપણા વેદોનું જ્ઞાન જ એ છે કે, બધી દિશાથી સારું છે તેને અપનાવો. આ સલાહને અનુસરીને 'મનુસ્મૃતિ'માંથી પણ સારું હોય એ અપનાવો પણ જે ખરાબ છે તેને ફગાવવું ને તેમાં સુધારો કરવો જ જોઈએ. સ્ત્રીઓ પણ આપણા જીવનો ભાગ છે ને દલિતો પણ આપણા જેવા જ છે એ જોતાં ‘મનુસ્મૃતિ’ને આધાર બનાવીને તેમનું દમન કે શોષણ કરવાની માનસિકતાને ના પોષી શકાય. સદીઓ લગી આ માનસિકતા પોષાઈ ને તેના કારણે હિંદુઓમાં ભાગલા પડી ગયા. તેનો ફાયદો ઉઠાવીને આક્રમણખોરોએ આ દેશ પર આક્રમણો કર્યાં ને આપણને સદીઓ સુધી ગુલામ બનાવી રાખ્યા. જે ધર્મ અહીં અસ્તિત્વમાં નહોતા એ પણ અહીં ઘૂસી ગયા. આપણે ઈતિહાસ ના બદલી શકીએ પણ વર્તમાન અને ભવિષ્યને ચોક્કસ બદલી શકીએ. આ દેશના હિંદુઓએ વિચારવું જોઈએ કે, ‘મનુસ્મૃતિ’ને બદલી ના શકાય એવી પરંપરા ગણવી છે કે હિંદુઓને એક કરવા છે ?

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌરશરદઋતુ, મંગળવાર, તા. ૨૫-૮-૨૦૨૬, ભોમ પ્રદોષ, મંગળાગૌરી પૂજન

- ભારતીય દિનાંક ૩, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, શ્રાવણ સુદ -૧૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે શ્રાવણ, તિથિ સુદ -૧૩
- પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૩મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- નક્ષત્ર ઉત્તરાષાઢા રાત્રે ક. ૨૨-૫૦ સુધી, પછી શ્રવણ
- ચંદ્ર મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૩, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૧, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૨, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટદ્ધ

- ભરતી : સવારે ક. ૧૦-૫૩, રાત્રે ક. ૨૨-૩૧
- ઓટઃ સાંજે ક. ૧૭-૦૬, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૩૮ (તા. ૨૬)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’ નામ સંવત્સર, શ્રાવણ શુક્લ – ત્રયોદશી. ભોમ પ્રદોષ, મંગળાગૌરી પૂજન, આખટેક ત્રયોદશી (ઓરિસ્સા), શિવપવિત્રારોહણ, સૂર્ય મહાનક્ષત્ર મઘા, વાહન મોર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- શ્રાવણ મહિમાઃ ભૌમ પ્રદોષ હોઈ આજ રોજ શિવ-પાર્વતીની પૂજા માટેનો સંધ્યાકાળનો, પ્રદોષ કાળનો અત્યંત પવિત્ર મુહૂર્ત સમય છે. શિવમહિમ્ન સ્તોત્રના રચયિતા પુષ્પદંતાચાર્ય પરમ શિવભક્ત હતા. પ્રત્યેક દિવસે શિવપૂજા, ભક્તિ કરતા હતા. શિવમહિમ્ન સ્તોત્રના નિત્ય પાઠ દ્વારા તેમણે ખોવાયેલ દૈવી શક્તિને પુનઃ પ્રાપ્ત કરી હતી. શ્રાવણ માસમાં શિવ મહિમ્ન સ્તોત્ર તથા અમોઘ શિવકવચનો નિત્ય પાઠ કરવો.

મુહૂર્ત વિશેષઃ મંગળ-સૂર્ય ગ્રહદેવતાનું વિશેષરૂપે પૂજન, વિશ્વદેવતાનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, ફણસનું વૃક્ષ વાવવું, બિલીનું વૃક્ષ વાવવું, મુંડન કરાવવું નહીં, પર્વપૂજા નિમિત્તે નવા વસ્રો, આભૂષણ, નિત્ય થતાં દુકાન-વેપાર-નોકરીના કામકાજ, ભૌમ પ્રદોષ વ્રત ઉપવાસ, ભક્તિ કીર્તન, રાત્રિ જાગરણ, શિવ-પાર્વતી પૂજા, પ્રદોષકાળમાં શિવ મંદિરમાં દીપદાન.

- આચમનઃ બુધ-રાહુ પ્રતિયુતિ ઈર્ષ્યાળુ સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ બુધ-રાહુ પ્રતિયુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-સિંહ, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

# હાર્વર્ડે વિદેશી વિદ્યાર્થીઓને પાછા કેમ બોલાવી લીધા?

ન્યૂ યૉર્કઃ અમેરિકાના નવા વિઝા નિયમો ૧૫ સપ્ટેમ્બરથી અમલી બને તે અગાઉ હાર્વર્ડ યુનિવર્સિટીએ તેનાં તમામ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને વિદ્વાનોને સમયમર્યાદા પહેલાં અમેરિકા પાછા ફરવાની વિનંતી કરી છે.

હાર્વર્ડ ઈન્ટરનેશનલ ઑફિસ (એચઆઈઓ)ના જણાવ્યા અનુસાર પાનખરની આ મોસમમાં કેમ્પસ પરના કાર્યક્રમોમાં નોંધાયેલા એફ-વન અને જે-વન વિદ્યાર્થીઓને આ સૂચન લાગુ પડે છે.

અમેરિકાના હોમલેન્ડ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટના નિયમ હેઠળ હાલની ‘ડ્યૂરેશન ઑફ સ્ટેટસ’ પદ્ધતિને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને વિદ્વાનો માટે અમેરિકામાં રહેવાની નક્કી કરવામાં આવેલી સમય મર્યાદાવાળી પદ્ધતિમાં બદલવામાં આવશે.

અગાઉથી જે લોકો ૧૫ સપ્ટેમ્બરે અમેરિકામાં હશે અને તેમનો દરજ્જો માન્ય હશે તેમને સામાન્ય રીતે તેમના અભ્યાસક્રમની તારીખ વીતી ગયા બાદ કે અભ્યાસ પૂર્ણ થયા બાદ મળતા પાત્ર વર્ક ઑથોરાઈઝેશનની મુદત પૂરી થાય ત્યાં સુધી અમેરિકામાં રહેવાની મંજૂરી મળશે. આ સમયગાળો વધુમાં વધુ ચાર વર્ષનો રહેશે.

જોકે અમેરિકા છોડીને ગયેલા જે વિદ્યાર્થીઓ અને વિદ્વાનો ૧૫ સપ્ટેમ્બર બાદ પાછા આવશે તેઓ અમેરિકામાં ફરી પ્રવેશ કરતી વખતે નવી વ્યવસ્થાને આધીન રહેશે.

હાલની વ્યવસ્થા અંતર્ગત જે એફ-વન વિદ્યાર્થીઓ અને વિદ્વાનો તેમના શૈક્ષણિક અભ્યાસની તમામ જરૂરિયાતો પૂરી કરશે અને તેમનો ઈમિગ્રેશન સ્ટેટસ માન્ય હેશે તો તેઓ અમેરિકામાં રહી શકશે. (એજન્સી)

# યુપીઆઈનો એક દાયકોઃ ટ્રાન્ઝેક્શનમાં ૧૩,000 ગણો વધારો

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૧૬ની ૨૫ ઑગસ્ટે શરૂ કરવામાં આવેલા યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઈ)એ એક દાયકો પૂર્ણ કર્યો છે અને આ દરમિયાન યુપીઆઈએ ડિજિટલ પેમેન્ટ ક્ષેત્રમાં અસાધારણ પરિવર્તન આણ્યું છે.

યુપીઆઈ આજે દેશની ડિજિટલ પેમેન્ટ વ્યવસ્થાની કરોડરજ્જુ બની ગયું છે અને રિયલ ટાઈમ પેમેન્ટ માટે વૈશ્વિક માપદંડ તરીકે ઊભરી આવ્યું છે.

નાણા ખાતાના જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૧૬-૧૭માં યુપીઆઈ ટ્રાન્ઝેક્શનનું પ્રમાણ ૧.૭૮ કરોડ હતું જે વર્ષ ૨૦૨૫-૨૬માં વધીને ૨૪,૧૬૨ કરોડથી પણ વધી ગયું છે જે યુપીઆઈ ટ્રાન્ઝેક્શનમાં ૧૩,૦૦૦ ગણો વધારો થયો હોવાનું સૂચવે છે.

આ જ સમયગાળા દરમિયાન ટ્રાન્ઝેક્શનું કુલ મૂલ્ય અગાઉના ૦.૦૭ લાખ કરોડથી વધીને ૩૧૪ લાખ કરોડ થયું છે જે આ ટ્રાન્ઝેક્શનમાં અંદાજે ૪,૦૦૦ ગણો વધારો થયો હોવાનું સૂચવે છે.

રિઝર્વ બૅંક ઑફ ઈન્ડિયા (આરબીઆઈ)ની દેખરેખ હેઠળ નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા (એનપીસીઆઈ) દ્વારા વિકસાવવામાં આવેલા યુપીઆઈએ છેલ્લાં દસ વર્ષમાં ટ્રાન્ઝેક્શન અને મૂલ્ય બંનેમાં અભૂતપૂર્વ વૃદ્ધિ નોંધાવી છે.

૨૦૨૬નું વર્ષ યુપીઆઈની વૃદ્ધિની દિશામાં સીમાચિહ્નરૂપ પુરવાર થયું છે.

મે ૨૦૨૬માં પ્રથમવાર યુપીઆઈનું માસિક ટ્રાન્ઝેક્શનની સંખ્યા ૨૩૦૦ કરોડને પાર કરીને ૨૩૨૦ કરોડ થઈ હતી જે યુપીઆઈના વધતા વપરાશનું નવું સ્તર દર્શાવે છે.

યુપીઆઈ શરૂ થયા બાદથી તેમાં બૅંકોની ભાગીદારી પણ સતત અને વ્યાપક રીતે વધી છે. વર્ષ ૨૦૧૬-૧૭માં યુપીઆઈ સાથે સંકાળાયેલી બૅન્કની સંખ્યા ૪૪ હતી જે વર્ષ ૨૦૨૫-૨૬માં વધીને ૭૦૩ થઈ ગઈ છે. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### ફૂટપાથ

ત્યાં પદયાત્રીઓ માટે યોગ્ય રીતે સીમાંકન કરેલી ફૂટપાથ હોવી જોઈએ.

નટરાજે બેન્ચના ધ્યાનમાં એ વાત લાવી હતી કે રોડ એ રાજ્યનો વિષય છે આથી રોડ, પરિવહન અને હાઈવે મંત્રાલય તથા આવાસ અને શહેરી બાબતના મંત્રાલયે બધાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તથા નેશનલ હાઉસિંગ ઓથોરિટી ઑફ ઈન્ડિયાને અદાલતના આદેશ મુજબ પદયાત્રીઓને ચાલવા માટે રોડથી અલગ પાડેલી જગ્યા મળવી જોઈએ એવી ચોખ્ખી માર્ગદર્શિકા આપી છે.

બેન્ચે બધાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને મંત્રાલયોની માર્ગદર્શિકા પર જવાબ આપવાનું કહ્યું છે.

ત્રીજી ઑગસ્ટે બેન્ચે કેન્દ્ર સરકારને આદેશ આપ્યો હતો કે દરેક રોડમાં પદયાત્રીઓના ચાલવા માટે અલગ તારવેલી ફૂટપાથ હોય એની તકેદારી લેવામાં આવે.

સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે પદયાત્રીઓને એવો વિશ્વાસ હોવો ઘટે કે ફૂટપાથ તેમના માટે છે અને તેઓ ચાલતાં વાહનોના ભય વિના મુક્ત રીતે ચાલી શકે. અદાલતે કહ્યું હતું કે ફૂટપાથ પર ચાલવાનો નાગરિકનો મૂળભૂત અધિકાર છે. (એજન્સી)

### દિલ્હી-એનસીઆર

અને એમ્બ્યુલન્સ પણ અટવાઈ ગઈ હતી. જિલ્લા વહીવટીતંત્રે કહ્યું હતું કે ગુરુગ્રામમાં સોમવારના દોઢ વાગ્યા સુધી ૭૦ મિલીમીટર વરસાદ પડ્યો હતો.

લુથન્સ દિલ્હીના વિસ્તારો, કોન્નોટ પ્લેસ. ભૌરોં માર્ગ, આઈટીઓ અને ઝકિરા અન્ડરપાસ જેવા ચાવીરૂપ વિસ્તારો જળબંબાકાર થઈ ગયા હતા. રાષ્ટ્રીય રાજધાનીમાં પવનના સુસવાટા અને જોરદાર વરસાદ જોવા મળ્યો હતો. થોડા વિસ્તારોમાં ૬૭ મિલિમીટર વરસાદ નોંધાયો હતો. દિવસના ધોધમાર વરસાદને લીધે કમર સુધી પાણીમાં લોકોને ચાલવું પડ્યું હતું. ટ્રાફિક અટકી ગયો હતો અને જનજીવન ખોરવાઈ ગયું હતું. દિલ્હી હવાઈમથકે આવનારી ૧૫ ફ્લાઈટ જયપુર, ચંડીગઢ અને લખનઊ વાળવામાં આવી હતી ઈંદિરા ગાંધી ઈન્ટરનેશનલ ઍરપોર્ટમાં અનેક વિમાનો મોડાં પડ્યાં હતાં અને અમુકને રદ કરાયાં હતાં. ઉત્તર પ્રદેશના અનેક વિસ્તારોમાં ઝાપટાથી માંડીને ભારે વરસાદ પડ્યો હતો અને શહેરી વિસ્તારમાં જનજીવન ખોરવાયું હતું. પૂર્વ રાજસ્થાન અને જયપુરમાં પણ ભારે વરસાદ પડ્યો હતો. (એજન્સી)

### સરકારી બંગલા

જાળવણી પાછળ વધતાજતા ખર્ચ અંગે પ્રતિક્રિયા આપતા સીજેપીએ ઉપરોક્ત નિવેદન કર્યું હતું. સીજેપીના જણાવ્યા અનુસાર ૯૨ કરોડ રૂપિયા એટલે ૧૦ નવી વિશ્વસ્તરીય શાળાઓ. સરકાર પાસે રૂપિયા છે, પરંતુ સરકારી શાળાઓ માટે તેનો ઉપયોગ કરવાની દાનત નથી, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### જાતીય હુમલાની

પસાર કરાયેલા આદેશ મુજબ, સમિતિને પ્રાથમિકતાના ધોરણે તેની તપાસ કરવા અને તાત્કાલિક વચગાળાનો અહેવાલ સબમિટ કરવા વિનંતી કરવામાં આવી છે.

ન્યાયાધીશ બાગચીએ ધ્યાન દોર્યું હતું કે આ જ કારણસર એક સ્વતંત્ર રિટ અરજી દાખલ કરવામાં આવી હતી, અને એચપીઇસીને આ મુદ્દાની તપાસ કરવા માટે કહેવામાં આવ્યું છે. નવી અરજીમાં ૨૦ જુલાઈના વિરોધ પ્રદર્શન દરમિયાન મહિલાઓ પર જાતીય હુમલો અને છેડતીના આરોપોની સ્વતઃ નોંધ લેવાની માગ કરવામાં આવી હતી.

સોશ્યલ મીડિયા પર વ્યાપકપણે પ્રસારિત થયેલા કથિત હુમલાઓના અહેવાલોનો ઉલ્લેખ કરતા, ગુપ્તાએ કહ્યું કે આરોપોમાં મહિલાના નિતંબમાં લાઠી ખોસવાનો સમાવેશ થાય છે. હું કોર્ટને આ ઘટનાઓ પર સ્વતઃ નોંધ લેવાની માગ કરી રહી છું, એવું વકીલે કહ્યું.

તેમણે વિનંતી કરી કે કથિત જાતીય હુમલોના કેસોને અલગથી અને પ્રાથમિકતાના ધોરણે હાથ ધરવામાં આવે.

તેમણે એવું પણ સૂચન કર્યું કે કોર્ટ કથિત પીડિતો પાસેથી સીધી ફરિયાદો મેળવવા માટે જિલ્લા ન્યાયાધીશ અથવા અન્ય યોગ્ય સત્તાધિકારીને નિયુક્ત કરી શકે છે.

ગુપ્તાએ કહ્યું કે તેમની ચોક્કસ ચિંતા એ છે કે ઉચ્ચ-શક્તિવાળી સમિતિ કથિત પીડિતો પાસેથી ફરિયાદો કેવી રીતે મેળવશે.

### વન નેશન

વિરોધ કરી રહ્યો છે. આ બેઠક બાદ જેપીસીના અધ્યક્ષ પીપી ચૌધરીએ જણાવ્યું હતું કે મોટાભાગના પક્ષો એક સાથે ચૂંટણીના પક્ષમાં છે. તેમણે ઉમેર્યું હતું કે પી. ચિદમ્બરમે પણ બેઠક દરમિયાન પોતાના પક્ષનું વલણ રજૂ કર્યું હતું. આ દરમિયાન એક અહેવાલ બહાર આવ્યો છે જેમાં જણાવાયું છે કે, વન નેશન વન ઇલેક્શન બિલ વર્ષ ૨૦૩૪ ને બદલે ૨૦૨૯ માં લાગુ કરી શકાય છે. એટલે કે એ થાય કે લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ ૨૦૨૯ માં એકસાથે યોજાઈ શકે છે. જેપીસી ના અધ્યક્ષ પી.પી. ચૌધરીએ જણાવ્યું હતું કે અત્યાર સુધી ચર્ચા કરાયેલા ૯૯ ટકા સ્ટેક હોલ્ડરો આ દરખાસ્તના પક્ષમાં છે. તેમણે વધુમાં ટિપ્પણી કરી હતી કે, રાજકીય ઇચ્છાશક્તિને જોતાં તેનો ખરેખર વર્ષ ૨૦૨૯ સુધીમાં અમલ થઈ શકે છે.

### ઈરાનનું

હતો. જોકે, છેલ્લાં લગભગ છ મહિનાથી ચાલી રહેલા યુદ્ધને કારણે ઇરાનની અર્થવ્યવસ્થાને મોટો ફટકો પડતાં ઇરાનનું ચલણ રિયાલ નવી નીચલી સપાટીએ પહોંચ્યું હોવાને કારણે ઇરાનના નાગરિકો માટે રોજિંદા વપરાશની વસ્તુઓ ખરીદવાનું વધુ મુશ્કેલ બન્યું છે. યુદ્ધ શરૂ થયા બાદ ચોખાના ભાવ ૬૦ ટકાનો અને માંસનાં ભાવમાં ૧૫૦ ટકાનો વધારો જોવા મળ્યો છે.

આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (આઈએમએફ)ના જણાવ્યા અનુસાર ઇરાનનો જીડીપી પાંચ ટકાથી વધુ ઘટશે. જોકે ઇરાન પરનું આર્થિક દબાણ હજુ સુધી રાજકીય દબાણમાં પરિવર્તિત થયું નથી.

હોર્મુઝ સામુદ્રધુનીમાં જહાજો પરના હુમલાઓ અને ધમકીઓને કારણે આ જળમાર્ગે થતો વેપાર લગભગ ઠપ થઈ ગયો હોવાને લીધે વૈશ્વિ અર્થવ્યવસ્થા પર તેની ગંભીર અસર પડી રહી છે અને ભારે નુકસાન થઈ રહ્યું છે જેને કારણે અમેરિકામાં ચૂંટણી અગાઉ ટ્રમ્પ પરનું દબાણ પણ વધી રહ્યું છે. (એજન્સી)

### અમરાવતીમાં

રાકેશ ઓલાએ જણાવ્યું હતું કે, જિલ્લા મહિલા હૉસ્પિટલમાં બનેલી આ ઘટનામાં અન્ય ૩૬ નવજાત શિશુને બચાવી લેવામાં આવ્યા હતા. હૉસ્પિટલના એનઆઈસીયુમાં એક વેન્ટિલેટરમાં સવારે મળસ્કે ૩:૧૫ વાગ્યે આગ લાગી હતી.

આ ઘટના બાદ હૉસ્પિટલ ખાતે લોકોનું મોટું ટોળું એકત્ર થયું હતું અને એનઆઇસીયુમાં દાખલ બાળકોના માતા-પિતાએ આ દુર્ઘટના માટે વહીવટીતંત્રને જવાબદાર ઠેરવ્યું હતું. જે બાળકનો બચાવ થયો હતો તેના વાલીએ જણાવ્યું કે, આગ લાગ્યા બાદ તબીબી કેન્દ્રના સુરક્ષાકર્મીઓ અને નર્સો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યાં હતાં અને બાળકોને બચાવવામાં મદદ કરી હતી. મહારાષ્ટ્રના મહેસૂલ પ્રધાન અને અમરાવતીના પાલક પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ જણાવ્યું હતું કે, તેઓ આ ઘટનાને કારણે અત્યંત વ્યથિત છે અને તેમણે આ ઘટનાની વ્યાપક તપાસના આદેશ આપ્યા છે અને ખાતરી કરી હતી કે ઘાયલોને તમામ જરૂરી તબીબી સહાય મળી રહે. બાવનકુળેએ પરિવારોને ખાતરી આપી હતી કે સરકાર તમામ જરૂરી સહાય પૂરી પાડશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તેમણે સંબંધિત અધિકારીઓ સાથે આ ઘટના અંગે ચર્ચા કરી છે અને વહીવટીતંત્ર પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે. વિરોધ પક્ષના નેતાઓએ બેદરકારી માટે જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવાની તેમજ રાજ્યભરની હૉસ્પિટલોમાં અગ્નિ સુરક્ષા અને વિદ્યુત વ્યવસ્થાનું ઓડિટ કરવાની માગ કરી હતી.

### બાંગ્લાદેશના

સાથેના સંબંધો સુધારવામાં મદદરૂપ થઈ શકે એમ નથી.

દિલ્હીની મુલાકાત અગાઉ રહેમાન ચીન ગયા હતા અને ચીનને તીસ્તા જળ ફાળવણીની યોજનાનું સંચાલન કરવા તેમ જ મ્યાનમાર મારફતે યુનાનથી બાંગ્લાદેશ સુધીનો હાઈવે બનાવવાની વાત કરી હતી. (એજન્સી)

### કૉક્રોચ પાર્ટી

સરકારની આપેલી ખાતરીને પાળવાની નિષ્ફળતાની આલોચના કરે છે. સરકાર તેની ખાતરીનું પાલન કરવામાં વિલંબ કરી રહી છે અને તેનો અમલ કરવામાં ગલ્લાંતલ્લાં કરી રહી છે એટલે સીજેપીની રાષ્ટ્રીય કારોબારીએ શાંત કૂચ કાઢવાનો નિર્ણય લીધો છે. સીજેપીએ કહ્યું હતું કે સરકારે આંદોલન પચીસ જુલાઈએ સમાપ્ત કરવા માટે આપેલી ખાતરીનો કેવો અમલ કર્યો છે એની સીજેપીએ સમીક્ષા કરી હતી. સીજેપીએ સરકાર આ ખાતરીઓ પાળે એ અંગે ગંભીર શંકા વ્યક્ત કરી છે. સરકાર વિલંબ કરી રહી છે અને ચોખ્ખી ખાતરી આપવાનું ટાળી રહી છે.

નિવેદનમાં સર્વોચ્ચ અદાલતની કાર્યવાહીને પણ ટાંકવામાં આવી હતી જેમાં અદાલતે આખા દેશમાં નોંધવામાં આવેલી એફઆઇઆરની યાદી માગી હતી. અદાલતે આને એક સાથે હાથ ધરવાની ઈચ્છા પણ જાહેર કરી છે. સીજેપીએ વધુમાં કહ્યું હતું કે આવું ચાલુ ન રહી શકે. અમારી ધીરજને અમારી નબળાઈ ન ગણવામાં આવે. અમારી સદ્ભાવના અમને દગો દેવા માટેની સરકારની તક ન બની શકે. સરકારે વિશ્વાસઘાત કર્યો હોવાનું પ્રતીત થતા અમારે ફરી રસ્તા પર આવવું પડ્યું છે, એમ સીજેપીએ કહ્યું હતું. (એજન્સી)

### ડુંગળીના ભાવ

અને ગુવાહાટીને સપ્લાય કરવામાં આવશે, અને બજારની જરૂરિયાતોને આધારે વધારાના સ્થળોનો સમાવેશ કરવામાં આવશે.

નાશિક ખાતે રાખવામાં આવેલ ડુંગળીનો બફર સ્ટોક રેલ રેલ રેક દ્વારા જથ્થાબંધ રીતે ખસેડવામાં આવી રહ્યો અને આ પસંદગીના વપરાશ કેન્દ્રોમાં જથ્થાબંધ અને છૂટક બજારોમાં પુરવઠો ઉતારવામાં આવશે.

રિટેલ બજારમાં એનસીસીએફ અને નાફેડ એજન્સીઓ દ્વારા ડુંગળી ૩૫ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચવામાં આવશે, એમ તેમણે ઉમેર્યું. ખરેએ જણાવ્યું હતું કે આગામી મહિનાઓમાં સ્થાનિક માંગને પહોંચી વળવા માટે ડુંગળીની ઉપલબ્ધતા આરામદાયક રહેશે, જે ૨૦૨૫-૨૬માં અંદાજિત ૩૦૭.૩૭ લાખ ટન ઉત્પાદન દ્વારા સમર્થિત છે, જે મોટાભાગે પાછલા વર્ષના ૩૦૭.૬૭ લાખ ટન જેટલું છે.

### એચ-વનબી

વચ્ચે આ પગલું લેવામાં આવ્યું છે. ખાસ કરીને ભારતીય વ્યાવસાયિકો માટે જેઓ એચ-વનબી લાભાર્થીઓમાં સૌથી મોટો હિસ્સો ધરાવે છે. વર્ષ ૨૦૨૫માં ટ્રમ્પે કરેલી જાહેરાત બાદ તેમણે વિઝા ફી તરીકે ૧,૦૩,૨૬૫ ડૉલર વસૂલવાનો પ્રસ્તાવ મૂક્યો હતો જેમાં અમુક નવી એચ-વનબી અરજીઓ માટે એક લાખ ડૉલરની ફી નક્કી કરવામાં આવી હતી. જોકે જાહેરાતની મુદત સપ્ટેમ્બરમાં પૂરી થવાની છે, પરંતુ ડીએચએસને આ ચુકવણીને કાયમી બનાવે એવા નિયમોનું પાલન કરવાની સૂચના આપવામાં આવી હતી. જોકે આ ફી પહેલા જ કાયદાકીય લડાઈનો મુદ્દો બની ગઈ છે. (એજન્સી)

## પ્રજામત

### પ્રગતિ કરતા રહો...

આજે મારી ઉંમર ૭૦ વર્ષની છે. હું બાળપણમાં દસેક વર્ષની હતી ત્યારથી મટ એન્ડ જેફ જોતી હતી, ધીરે ધીરે બીલિવ ઇટ ઓર નૉટ ગમતું થયુ. યુવાનીમાં વાર્તા તરફ ધ્યાન ગયું. વાંચન નિયમિત હતું, પછી સંસારમાં વ્યસ્ત છતાં લગ્નનાં વીસેક વર્ષ પછી ફરી ચાલુ કર્યું અને આજ સુધી વાંચું છું. રાજકારણમાં મારી ચાંચ ડૂબતી નથી, નકારાત્મક સમાચારોથી દૂર રહેવું પસંદ કરું છું. આધ્યાત્મિક, સામાજિક તેમ જ જ્ઞાનવર્ધક કૉલમો અવશ્ય વાંચું છુ. રોજ ચા તો શબ્દલાલિત્યનાં ચોકઠાં ભરતાં ભરતાં જ પીવાય છે. એને કારણે મારું શબ્દભંડોળ પણ વધતું રહે છે. છેલ્લાં ૨૦૪ વર્ષથી લોકચાહના મેળવતા આવ્યા છે એમ ભવિષ્યમાં પણ ખૂબ પ્રગતિ કરતા રહો એવી શુભકામના.

**- શારદા અરવિંદ કોટક, મુલુંડ કૉલોની**

### રક્ષકોની સુરક્ષા કોણ કરશે?

જંતરમંતર ખાતે થયેલા જેન-ઝીના આંદોલનના સંદર્ભમાં બે મહત્ત્વના મુદ્દા તરફ ધ્યાન દોરવા માગું છું.

૧. ન્યાયતંત્ર અને આંદોલન : આપણા સીજીઆઇ સાહેબે માત્ર એક નાનકડું નિવેદન આપ્યું અને સમગ્ર દેશમાં વિદ્યાર્થીઓથી લઈને સીજીપી સુધી ચર્ચા જાગી અને સીજીપીને આંદોલનનો આશરો લેવો પડ્યો. મુખ્ય મુદ્દો તો નીટનો જ હતો.

૨. પોલીસકર્મચારી પર હુમલા : સરકારે વિદ્યાર્થીઓની ૩ મોટી માગણીઓ માન્ય રાખી હોવા છતાં પણ આંદોલન દરમ્યાન કેટલાંક તત્ત્વો દ્વારા વરિષ્ઠ પોલીસઅધિકારીઓ અને કૉન્સ્ટેબલો પર હુમલો કરીને તેમને ઘાયલ કરવામાં આવ્યા અને તેમનાં વાહનોને ક્ષતિ પહોંચાડવામાં આવી. આવા અસામાજિક તત્ત્વો સામે શું કાર્યવાહી કરવામાં આવી? ઘાયલ કર્મચારીઓને ન્યાય મળવો જોઈએ. કાયદો અને વ્યવસ્થા જાળવતા રક્ષકોની સુરક્ષા કોણ કરશે?

**-ચંદ્રકાંત બોરડિયા, થાણે**

### દેશનું રેલવેતંત્ર

દેશના રેલવેતંત્રએ કેટલાંક નવાં કાર્યો કર્યાં છે જે નગારિકો માટે ખૂબ જ ઉપકારક બન્યાં છે. જેમ કે ટ્રેનની કન્ફર્મ ટિકિટોનાં કાળાબજાર રોકવા માટે ૩ કરોડ ફેક યુઝર્સનાં આઇડી બંધ કરવામા આવ્યાં, લગ્ન અને પ્રવાસ માટે નાગરિકો પૂરો કોચ કે આખી ટ્રેન ભાડે મેળવી શકશે, એક જ લાઇસન્સથી કન્ટેનર ટ્રેન ચલાવી શકાય એ માટે પેન ઇન્ડિયા કન્ટેનર નીતિ બનાવી, દર મિનિટે ૨૫,૦૦૦ ટિકિટની જગ્યાએ ૧.૨૫ લાખ ટિકિટ બુક કરી શકાય એવી વ્યવસ્થા, સંવેદનશીલ વિસ્તારોમાં ડ્રોનનો ઉપયોગ વગેરે કાર્યો માટે રેલવેતંત્ર અભિનંદનને પાત્ર છે, પરંતુ સિનિયર સિટિઝનોને ટિકિટમાં મળતી રાહત ૬ વર્ષ (કોરોનાકાળ)થી સ્થગિત કરવામાં આવી છે એ વિશે વિચારીને અમલ કરવાની જરૂર છે.

**-પ્રવીણ રાઠોડ, અમદાવાદ**

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - તંત્રી

# મુંબઈમાં તહેવારોમાં પાણીકાપ પાછો ખેંચવાની શકયતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ તહેવારોની મોસમ ચાલી રહી હોવાથી મુંબઈગરાના માથા પર રહેલો ૧૦ ટકા પાણીકાપ બહુ જલદી પાછો ખેંચાવાની શકયતા છે. મુંબઈને પાણીપુરવઠો કરનારા સાતેય જળાશયોમાં ૯૫.૫૩ ટકા જેટલું પાણી જમા થઈ ગયું છે. તેથી તહેવારોને ધ્યાનમાં રાખીને પાણીકાપ પાછો ખેંચવાની નગરસેવકો સતત માગણી કરી રહ્યા છે. તેથી બહુ જલદી પ્રશાસન પાણીકાપ બાબતે નિર્ણય લેશે એવું માનવામાં આવે છે.

આ વર્ષે ચોમાસાનું આગમન લંબાઈ જતા જળાશયોમાં પાણીની ઘટતી સપાટીને ધ્યાનમાં રાખીને મુંબઈમાં મે મહિનામાં જ ૧૦ ટકા પાણીકાપ લાદી દેવામાં આવ્યો હતો. આ દરમ્યાન જોકે જુલાઈ મહિનામાં સારો વરસાદ પડતા જળાશયોમાં પાણીની આવક થઈ હતી. જોકે અલ નિનોની અસર હેઠળ નબળા ચોમાસાને ધ્યાનમાં રાખીને તમામ જળાશયો તેની ક્ષમતાના ૧૦૦ ટકા ભરાઈ નહીં ત્યાં સુધી પ્રશાસન પાણીકાપ પાછો ખેંચવાની ઉતાવળ કરવા માગતી નથી.

પ્રશાસન સપ્ટેમ્બર મહિના બાદ જ પાણીકાપ પાછો લેવા બાબતે કોઈ નિર્ણય લેવાનો વિચાર કરી રહ્યું છે પણ રાજકીય પાર્ટીઓ અને નગરસેવકો તહેવારોને ધ્યાનમાં રાખીને પ્રશાસન પણ પાણીકાપને લઈને દબાણ લાવી રહી હોવાનું કહેવાય છે.

સોમવારે સવારના છ વાગે સાતેય જળાશયોમાં ૯૫.૫૩ ટકા એટલે કે ૧૩,૮૨,૬૨૪ મિલ્યન લિટર જેટલું પાણી હતું. ગયા વર્ષે આ જ સમયે જળાશયોમાં ૯૬.૧૫ ટકા એટલે કે ૧૩,૯૧,૬૨૬ મિલ્યન લિટર અને ૨૦૨૪ની સાલમાં જળાશયોમાં ૯૫.૨૭ ટકા પાણી હતું. મુંબઈને આખું વર્ષ પાણીકાપ વગર પાણીપુરવઠો કરવા માટે જળાશયોમાં પહેલી ઑક્ટોબરના ૧૪,૪૭,૩૬૩ મિલ્યન લિટર જેટલો પાણીનો જથ્થો હોવો આવશ્યક છે. ■

# નાગપુરમાં ક્લોરિન ગેસ લીકેજ

નાગપુરઃ અધિકારીઓએ જણાવ્યું હતું કે સોમવારે મધરાત પછી તરત જ નાગપુરના એક વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ક્લોરિન ગેસ લીક થવાથી ગભરાટ ફેલાતા નજીક રહેતા રહેવાસીઓએ સલામતી માટે ભાગદોડ કરી હતી અને ઘણા લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી હતી.

નાગપુર મ્યુનિસિપલ કોર્પોરેશન (એનએમસી)એ જણાવ્યું હતું કે ગોધાણી ગામમાં આવેલા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ૯૦૦ કિલોગ્રામ ક્ષમતાના ક્લોરિન ગેસ સિલિન્ડરમાં લીકેજ થયા બાદ ઘણા લોકોને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ગેસ નજીકના રહેણાક વિસ્તારમાં ફેલાવાથી ગભરાટ ફેલાયો હતો . ઘણા લોકોને ખાસી અને શ્વાસ લેવામાં તકલીફનો અનુભવ થયો હોવાનું જણાવાયું છે. પોલીસે ૨૦૦ મીટરની ત્રિજ્યામાં રહેતા લોકોને સલામત સ્થળોએ ખસેડી અસરગ્રસ્ત વિસ્તારને સીલ કરી દીધો હતો. (પીટીઆઈ)■

# વિશાખા રાઉતને મુદ્દે બંને સેના વચ્ચે આરપારની લડાઈ

## રાઉતનું નગરસેવક તાત્કાલિક રદ કરવાની શિંદે સેનાની માગણી, તો યુબીટીની સમય આપવાની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પાલઘર કાસ્ટ સ્ક્રૂટિની કમિટીએ શિવસેના (યુબીટી)નાં સિનિયર નગરસેવિકા વિશાખા રાઉતના અન્ય પછાત વર્ગ (ઓબીસી)ના સર્ટિફિકેટને નકારી કાઢ્યા પછી દાદરની આ બેઠક શિવસેના (યુબીટી) અને શિંદે જૂથ વચ્ચે વિવાદનો વિષય બની ગઈ છે. શિવસેના (યુબીટી) જૂથે વિશાખા રાઉતના પદને બચાવવાની માગણી કરી છે, જ્યારે શિંદે જૂથે બીએમસી ઍક્ટ હેઠળ કાર્યવાહી કરવાની માગણી કરી છે.

સોમવારે શિવસેના (યુબીટી)ના પ્રતિનિધિઓના મંડળે પાલિકા કમિશનર અશ્વિની ભીડેની મુલાકાત લીધી હતી અને દલીલ કરી કે વિશાખા રાઉતને આ તબક્કે ગેરલાયક ઠેરવવાની ઉતાવળ કરવી નહીં, કારણકે તેમની પાસે કોંકણ ડિવિઝનલ કમિશનર સમક્ષ સ્ક્રૂટીની પેનલના નિર્ણયને પડકારવા માટે ત્રણ મહિનાનો સમય છે.

વિશાખા રાઉત રાજકીય રીતે અત્યંત મહત્ત્વની ગણાતા દાદર-શિવાજી પાર્ક પટ્ટાનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યાં તેમણે પાલિકાની ચૂંટણીમાં શિવસેના (યુબીટી)ના ઓબીસી-અનામત વોર્ડ ૧૯૧ને જાળવી રાખ્યો હતો. તેમણે ૧૩,૨૩૬ મતો મેળવીને શિવસેના (શિંદે)ના ભૂતપૂર્વ ધારાસભ્ય સદા સર્વણકરની પુત્રી પ્રિયા સર્વણકરને ૧૯૭ મતોથી હરાવ્યા હતા. ચૂંટણી મેદાનમાં ફક્ત બે ઉમેદવાર હોવાથી આ સ્પર્ધા બંને શિવસેના માટે સીધી રીતે રાજકીય ટક્કર હતી, જેના કારણે વિશાખા રાઉતનો વિજય મહત્ત્વનો ગણાતો હતો.

પાલઘર કાસ્ટ સ્ક્રૂટિની કમિટીએ તેમના ઓબીસી સર્ટિફિકેટની માન્યતાને પડકારતી ફરિયાદ બાદ તેમના સર્ટિફિકેટને ગેરકાયદે ઠેરવતા ઠાકરે જૂથ માટે આ મોટો આંચકો માનવામાં આવે છે. શિવસેનાના મુખ્ય ગઢ પર પોતાનો કબજો બચાવવા માટે તે પ્રતિષ્ઠાની લડાઈ બની ગઈ છે. વિશાખા રાઉતને બચાવવા માટે શિવસેના (યુબીટી)ના સિનિયર નગરસેવકોનું એક પ્રતિનિધિમંડળ પાલિકા કમિશનરને મળ્યું હતું અને માગણી કરી હતી કે કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી તેમની સામે કોઈ કાર્યવાહી ન કરવામાં આવે. પ્રતિનિધિમંડળે ધ્યાન દોર્યું કે રાઉત પાસે આ નિર્ણય સામે અપીલ કરવા માટે ત્રણ મહિનાનો સમય છે અને દલીલ કરી હતી કે અપીલ પેન્ડિંગ રહે ત્યાં સુધી તેમને ગેરલાયક ઠેરવવા જોઈએ નહીં. જોકે, શિંદે સેનાએ કાયદાની જોગવાઈઓ હેઠળ વિશાખા રાઉત સામે કાર્યવાહી કરવા માટે દબાણ કરી રહ્યું હોવાનું કહેવાય છે.

પાલિકામાં શિવસેના (શિંદે) જૂથના નેતા અમેય ઘોલેએ જણાવ્યું હતું કે, કાસ્ટ સ્ક્રૂટિની કમિટીનો આદેશ પ્રિયા સર્વણકરના પક્ષમાં આવ્યો છે અને પાલિકા કમિશનર અને અન્ય અધિકારીઓ સમક્ષ જરૂરી રજૂઆતો પક્ષ દ્વારા કરવામાં આવી છે. કાયદાકીય માધ્યમો દ્વારા આ મામલાને આગળ ધપાવીશું. ■

ધૌતી યોગ®
પાવડર અને ગોળીઓ
પેટ સાફ ન થવું, કબજિયાત, ગેસ, એસિડિટી વગેરે સમસ્યાઓમાં અસરકારક !
બધું મેડિકલ અને Amazon પર પણ ઉપલબ્ધ છે
સંપર્ક - ડૉ. અભિજીત (આયુર્વેદાચાર્ય)
9422011723
www.dhoutiyog.co.in

# રાણીબાગ બુધવારે ખુલ્લું રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાયખલામાં આવેલું વીરમાતા જીજાબાઈ ભોંસલે બોટનિકલ ગાર્ડન અને પ્રાણી સંગ્રહાલય (રાણીબાગ) બુધવાર, ૨૬ ઓગસ્ટના રોજ ખુલ્લું રહેશે અને ગુરુવાર, ૨૭ ઓગસ્ટના રોજ બંધ રહેશે.

પાલિકાના જણાવ્યા મુજબ બુધવાર, ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ 'ઈદ-એ-મિલાદ' નિમિત્તે જાહેરરજા છે. તેથી તે દિવસે મોટી સંખ્યામાં પર્યટકો વીરમાતા જીજાબાઈ ભોંસલે બોટનિકલ ગાર્ડન અને પ્રાણી સંગ્રહાલયની મુલાકાત લઈ શકે છે. તે શકયતાને ધ્યાનમાં રાખીને બુધવારના જાહેરજનતા માટે તેને ખુલ્લું રાખવામાં આવશે અને ગુરુવારના રોજ બંધ રહેશે.

ભાયખલા (પૂર્વ) વિસ્તારમાં આવેલ વીરમાતા જીજાબાઈ ભોંસલે બોટનિકલ ગાર્ડન અને પ્રાણી સંગ્રહાલય દર બુધવારે સાપ્તાહિક રજાને કારણે બંધ રહે છે. જોકે કોર્પોરેશન દ્વારા અગાઉ પસાર કરાયેલા ઠરાવ મુજબ જો બુધવારે જાહેર રજા હોય તો બગીચો અને પ્રાણી સંગ્રહાલય તે દિવસે જાહેરજનતા માટે ખુલ્લું રહેશે અને બીજા દિવસે તે બંધ રહેશે. આ ઠરાવ મુજબ રાણીબાગ બુધવારના જાહેર જનતા માટે ખુલ્લું રહેશે. ■

# 30 હજાર કરોડના સાયબર ફ્રોડમાં મની લોન્ડરિંગની તપાસઃ ઈડીએ બેને પકડ્યા

મુંબઈઃ ૩૦,૦૦૦ કરોડ રૂપિયાના વ્યવહારોના કથિત સાયબર ફ્રોડ અને ડિજિટલ અરેસ્ટના દેશભરના કેસ સંબંધી મની લોન્ડરિંગની તપાસના ભાગ રૂપે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટે (ઈડી) બે આરોપીની ધરપકડ કરી હતી. ઈડીના જણાવ્યા મુજબ ફહીમ મોઈન હુસેન સય્યદ અને નઈમ મુઈન સય્યદને રવિવારે મુંબઈમાંથી કસ્ટડીમાં લેવાયા હતા.

સાયબર ઠગ ટોળકીએ ગોવાની મહિલાને છેતરીને પડાવેલા ૨.૬૦ કરોડ રૂપિયાના કેસમાં મની લોન્ડરિંગના પાસાની ઈડી દ્વારા તપાસ હાથ ધરાઈ હતી. ડિજિટલ અરેસ્ટનો ડર ઊભો કરીને સાયબર ઠગે મહિલાને મે અને જૂન, ૨૦૨૫માં બૅન્ક ખાતામાં નાણાં ટ્રાન્સફર કરવાની ફરજ પાડી હતી.

તપાસ દરમિયાન બે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. બન્નેને રવિવારે સ્પેશિયલ પ્રિવેન્શન ઑફ મની લોન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ) કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા. આ મામલે ગોવાના પણજીમાં ગુનો નોંધવામાં આવ્યો હોવાથી આરોપીને ગોવા લઈ જવા વિશેષ અદાલતે ટ્રાન્ઝિટ રિમાન્ડ મંજૂર કર્યા હતા, એવું સૂત્રોએ જણાવ્યું હતું.

આરોપીઓને પણજીની વિશેષ અદાલતમાં હાજર કરીને પસ્ટડીમાં લીધા પછી ઈડી દ્વારા વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે. તપાસ દરમિયાન એજન્સીને જાણવા મળ્યું હતું કે ફરિયાદીને છેતરીને બૅન્ક ખાતાઓમાં નાણાં સ્વીકારવામાં આવ્યાં હતાં. પછી ખાતામાંથી કઢાવેલા એ રૂપિયા આરબીઆઈના લાઈસન્સધારી મની ચેન્જર્સ મારફત વિદેશી ચલણમાં કન્વર્ટ કરવામાં આવ્યા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ ૨૦ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં દાખલ ૧૫૦થી ૧૬૦ એફઆઈઆર અને ૩૦૦થી વધુ પીડિતોની ફરિયાદોમાં આરોપીઓ અને તેમની સિન્ડિકેટ દ્વારા ૨૭,૦૦૦ કરોડના બૅન્ક વ્યવહાર અને ૩,૦૦૦ કરોડના રોકડ વ્યવહાર થયા હોવાની શંકા છે. (પીટીઆઈ)■

# હત્યા, હત્યાનો પ્રયાસ અને લૂંટના કેસમાં ફરાર આરોપી ૨૯ વર્ષે ઝડપાયો

મુંબઈઃ ભાંડુપમાં હત્યા, હત્યાનો પ્રયાસ અને લૂંટના કેસમાં ફરાર આરોપીને પોલીસે ૨૯ વર્ષ બાદ ઝડપી પાડ્યો હતો. આરોપીની ઓળખ રવીન્દ્ર ઉર્ફે પાપલેટ એકનાથ વિચારે (૬૧) તરીકે થઇ હતી, જે સાતારા જિલ્લાનો રહેવાસી છે.

આરોપી રવીન્દ્ર એકનાથ વિચારે વિરુદ્ધ ભાંડુપ પોલીસ સ્ટેશનમાં ૧૯૮૯માં લૂંટ, ૧૯૯૦માં હત્યા અને ૧૯૯૧માં હત્યાનો પ્રયાસનો ગુનો દાખલ હતો. ત્રણેય કેસમાં સેશન્સ કોર્ટે તેને ફરાર ઘોષિત કર્યો હતો અને તેની વિરુદ્ધ અરેસ્ટ વૉરન્ટ જારી કર્યું હતું.

ભાંડુપ પોલીસ અને ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ગુનાની તપાસ અને આરોપીની શોધ ચલાવવામાં આવી રહી હતી. આરોપી પોતાનાં ઠેકાણાં બદલી રહ્યો હોવાથી તે પોલીસને મળી આવતો નહોતો. જોકે તાજેતરમાં પોલીસને આરોપી વિશે માહિતી મળી હતી. દરમિયાન પોલીસ ટીમે આરોપીના દૂરના સંબંધીઓની પૂછપરછ કરી હતી, જેમાં મળેલી માહિતી અને ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરતાં આરોપી સાતારામાં નામ બદલીને રહેતો હોવાનું જાણવા મળ્યું હતું.■

# જોગેશ્વરીમાં ૩.૫૦ કરોડના હેરોઈન સાથે યુવાન પકડાયો

મુંબઈઃ જોગેશ્વરીમાં ડ્રગ્સ સપ્લાયને ઇરાદે આવેલા યુવાનની ધરપકડ કરી એમઆઈડીસી પોલીસે અંદાજે ૩.૫૦ કરોડ રૂપિયાનું હેરોઈન જપ્ત કર્યું હતું. પકડાયેલા આરોપીની ઓળખ તૌશીફ લિયાકત કાઝી (૨૯) તરીકે થઈ હતી. અધિકારીના જણાવ્યા મુજબ પોલીસની ટીમ શનિવારની મધરાતે પેટ્રોલિંગ પર હતી ત્યારે જોગેશ્વરી પૂર્વના પૂનમ નગર વિસ્તારમાં આરોપી શંકાસ્પદ રીતે ફરતો નજરે પડ્યો હતો. પોલીસને જોઈ આરોપીએ ભાગવાનો પ્રયાસ કરતાં તેને તાબામાં લેવાયો હતો. પ્રાથમિક પૂછપરછમાં તેણે ઉડાઉ જવાબ આપ્યા હતા, પરંતુ તેની પાસેની બૅગની તપાસ કરતાં હેરોઈન મળી આવ્યું હતું. અંદાજે ૩.૫૦ કરોડ રૂપિયાનું હેરોઈન જપ્ત કરી આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી અંધેરી-જોગેશ્વરીમાં ડ્રગ્સ સપ્લાય કરતો હોવાનું તપાસમાં જણાયું હતું. આરોપી આ ડ્રગ્સ ક્યાંથી લાવ્યો અને કોને આપવાનો હતો તેની તપાસ પોલીસ કરી રહી છે. ■

# સિનિયર સિટિઝનોને ઠગનારા બે ભાઇની ઉરણથી ધરપકડઃ બંને વિરુદ્ધ ૮૧ ગુના

મુંબઈઃ મુંબઈ, નવી મુંબઈ અને થાણેમાં સિનિયર સિટિઝનોને વાતોમાં પરોવીને તેમના છેતરનારા બે સગા ભાઇની દાદર પોલીસે ઉરણથી ધરપકડ કરી હતી. ચેમ્બુરમાં રહેનારા બંને ભાઇ વિરુદ્ધ કુલ ૮૧ ગુના દાખલ હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. દાદર પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ નરેશ વિજયકુમાર જયસ્વાલ (૪૫) અને રમેશ વિજયકુમાર જયસ્વાલ (૫૦) તરીકે થઇ હતી. ૭૮ વર્ષની વૃદ્ધા ૨૭ જુલાઇએ સાંજે મંદિરમાં જઇ રહી હતી ત્યારે બંને આરોપીએ તેને ન્યૂ પ્રભાદેવી રોડ પર રોકી હતી. તેમણે વૃદ્ધાને વાતોમાં પરોવીને હાથચાલાકીથી તેની ૭૫ હજાર રૂપિયાની સોનાની ચેન અને રૂપિય પડાવ્યા હતા. ■

## સોમવારની પ્રધાન મંડળની બેઠકમાં મહત્ત્વના નિર્ણયો લેવાયા

# અહિલ્યા નગરમાં પ્રાઈવેટ આરોગ્ય યુનિવર્સિટી, ખેલાડીઓ માટે નવી પુરસ્કાર નીતિ

મુંબઈઃ રાજ્ય સરકારના પ્રધાનમંડળની સમિતિની બેઠક સોમવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મંત્રાલય ખાતે થઈ હતી. આ બેઠકમાં ખેડૂત લોન માફીનો બીજો હપ્તો જાહેર કરવામાં આવ્યો હતો. સીએમ દ્વારા ખેડૂતોને આ ખુશખબર આપવામાં આવી છે અને રાજ્યના છ લાખ ૩૬ હજાર ૦૩૬ ખેડૂતોના ખાતામાં ૫૦૮૬ કરોડ રૂપિયાનું વિતરણ કરવામાં આવ્યું છે. આ સિવાય રાજ્ય સરકારે બેઠકમાં ચાર મહત્ત્વપૂર્ણ નિર્ણયો લીધા છે અને રમતગમત ક્ષેત્રે ઉત્તમ પ્રદર્શન કરનારાઓને વિશિષ્ટ ભેટ આપવામાં આવી છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ખેલાડીઓની ઇનામ નીતિમાં સુધારો કરવામાં આવ્યો છે. નાગપુર, નાશિક અને સાંગલી જિલ્લાના ઐતિહાસિક શહેર જતના વિવિધ સંદર્ભો અનુસાર નિર્ણયો લેવામાં આવ્યા છે. રાજ્ય સરકારે સોમવારની બેઠકમાં ચાર મહત્ત્વપૂર્ણ નિર્ણયો લીધા છે અને આ ચાર નિર્ણયો રમતગમત વિભાગ, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગ, મહેસૂલ અને વન વિભાગ અને કાયદો અને ન્યાય વિભાગ હેઠળ લેવામાં આવ્યા છે. તે મુજબ, અહિલ્યાનગર ખાતે ડો. બાળાસાહેબ વિખે પાટીલ પ્રાઈવેટ આરોગ્ય વિજ્ઞાન યુનિવર્સિટીની સ્થાપનાને મંજૂરી આપવામાં આવી છે. ■

# ઈમારતના પાંચમા માળેથી કૂદકો મારવાનો પ્રયાસ કરનારી વૃદ્ધાને પોલીસે બચાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પતિ પથારીવશ અને સંતાન વિદેશમાં હોવાથી એકલતા અનુભવતી વૃદ્ધાએ આત્મહત્યાને ઇરાદે ઈમારતના પાંચમા માળેથી કૂદકો મારવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ મૉર્નિંગ વૉક પર નીકળેલા પોલીસ અધિકારીની નજર પડતાં તેને બચાવી લેવાઈ હતી.

વિક્રોલીમાં રવિવારની સવારે પોલીસ ટીમે કરેલી કામગીરીની માહિતી સાંજે મુંબઈ પોલીસના અધિકૃત એક્સ એકાઉન્ટ પર પોસ્ટ કરવામાં આવી હતી. સાથે એક વીડિયો પણ પોસ્ટ કરાયો હતો, જેમાં છજા પર બેસેલી ૬૫ વર્ષની સિનિયર સિટીઝનનો જીવ બચાવતા પોલીસ અધિકારી નજરે પડે છે.

પોલીસે આપેલી માહિતી અનુસાર પવઈ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર (એએસઆઈ) પાનસરેની નજર પાંચમા માળના છજા પર બેસેલી વૃદ્ધા તરફ ગઈ હતી. તેણે તાત્કાલિક પોલીસ કન્ટ્રોલ રૂમને આ અંગે જાણ કરી હતી.

માહિતી મળતાં જ વિક્રોલી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર ગડદે કોન્સ્ટેબલ અને મહારાષ્ટ્ર સિક્યોરિટી ફોર્સ (એમએસએફ)ના જવાન રાઠોડ સાથે સંબંધિત ઈમારત ખાતે પહોંચી ગયા હતા. ગગનચુંબી ઈમારતના પાંચમા માળે આવેલા ફ્લૅટમાં પહોંચેલી પોલીસની ટીમ પણ છજા પર ઊતરી હતી. વૃદ્ધાને સમજાવીને પાછી ફ્લૅટમાં લઈ જવાઈ હતી અને તેનું કાઉન્સેલિંગ કરાયું હતું.■

૧૩મી પુણ્યતિથિ
માતૃવંદના



સ્વ. તુલસીબેન ધીરજલાલ શેઠીયા
(જન્મ : ૨૪.૦૭.૧૯૩૯ • સ્વર્ગવાસ : ૨૫.૦૮.૨૦૧૩)

વાત્સલ્ય, સૌજન્ય, દાનવૃત્તિ, સત્કાર્ય, ધર્મ પરાયણતા, સેવાવૃત્તિ અને સહૃદયતાના જ્યાંજ્યાં દર્શન થાય છે ત્યાં ત્યાં તમારો સાક્ષાત્કાર થાય છે.

પ્રેમાળ સ્મૃતિમાં
પુત્ર - પુત્રવધુ : હરીશ - ઉષા,
સ્વ. કિશોર - કલ્પના, ધર્મેન્દ્ર - સુરભી
પુત્રી - જમાઈ : રાજેશ્વરી - સ્વ. પ્રવિણભાઈ
સ્વ. ધીરજલાલ લાલજી શેઠીયા સમસ્ત પરિવાર

Lalji Mulji TRANSPORT CO.
CARGO MOVERS & TRANSPORT CONTRACTORS

# સાકર પ્રતિ કિલો ૭૫ રૂપિયા અને શેરડી પ્રતિ કિલો ત્રણ રૂપિયા

સોલાપુરઃ એક તરફ સાકરના ભાવમાં દિવસે ને દિવસે વધારો થઈ રહ્યો છે. હાલમાં સાકર ૭૫ રૂ. પ્રતિ કિલોના ભાવે વેચાઇ રહી છે અને બીજી તરફ ખેડૂતોને તેનો કોઈ ફાયદો થઈ રહ્યો નથી. સાકરના વધતા ભાવનો ફાયદો એ તમામ કારખાનેદારો અને વેપારીઓની મિલીભગતનું પરિણામ છે અને મોટા પ્રમાણમાં સાકરની સંગ્રહખોરી કરવામાં આવી હોવાનો આરોપ ખેડૂત સંગઠનો દ્વારા કરવામાં આવી રહ્યો છે. તુકારામ મુંઢે જેવા અધિકારી રાજ્યના કારખાનાઓના ગોડાઉન પર દરોડા પાડે તો સાકરનો આ મોટો સ્ટોક બહાર આવશે, એવી આક્રમક રજૂઆત પંઢરપુર ખાતે યોજાયેલી ખેડૂત સંગઠનોના પ્રતિનિધિઓની બેઠકમાં કરવામાં આવી હતી.

ખેડૂત નેતા નિતિન બાગલે સવાલ ઉઠાવ્યો કે સાકર ૭૫ રૂ. કિલો વેચાય અને ખેડૂતોને શેરડીનો ભાવ કિલોએ માત્ર ત્રણ રૂ. જ મળે તે કેમ ચાલે? દીપક ભોસલેએ આક્ષેપ કર્યો હતો કે સંગ્રહખોરો પર કાર્યવાહી કરવાને બદલે કેન્દ્ર સરકાર ૧૦ લાખ ટન ખાંડ આયાત કરવાનો દાવ રમી રહી છે, જેને નિષ્ફળ બનાવવો પડશે. તેમણે દાવો પણ કર્યો હતો કે દેશના ગોડાઉનોની તપાસ થાય તો આગામી પાંચ વર્ષ ચાલે તેટલો સાકરનો સ્ટોક મળી આવશે.

સ્વાભિમાની શેતકરી સંગઠનના સચિન પાટીલે આરોપ લગાવ્યો હતો કે ઉત્પાદિત અને વિતરિત ખાંડમાં ૪૮ લાખ ટનનો તફાવત છે, જે કારખાનેદારોએ નેપાળ, બાંગ્લાદેશ અને પાકિસ્તાનમાં કાળાબજારમાં વેચી દીધી છે. કાગળ પર વેચાણ બતાવીને હજુ પણ ગોડાઉનોમાં ખાંડ છુપાવવામાં આવી છે. સમાધાન ફાટેએ દાવો કર્યો હતો કે સરકાર ગોડાઉનો પર દરોડા પાડશે તો આ મોટું કાળાબજાર ખુલ્લું પડી જશે.■

# કચરો રસ્તા પર ન ફેંકાય એ માટે પાલિકા શું પગલાં લે છે?ઃ હાઇ કોર્ટ

મુંબઈઃ મુંબઈ હાઈ કોર્ટે સોમવારે જાહેર રસ્તાઓ પર કચરો ફેંકવા સામે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા કાગળ પર કાર્યવાહી અને વાસ્તવિકતા વચ્ચેનું અંતર સ્પષ્ટ કરી ગંદા રસ્તા માટે અધિકારીઓ સામે કાર્યવાહીની ચેતવણી આપી મહાનગરપાલિકાને કારભાર ઠીક કરવા કહ્યું હતું.

ન્યાયમૂર્તિ જીએસ કુલકર્ણી અને ન્યાયમૂર્તિ નીલ ગોખલેની ખંડપીઠે બૃહદ્ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર પાસે કચરો રસ્તા પર ન ફેંકવામાં આવે તે માટે શું પગલાં લેવામાં આવી રહ્યા છે એનો ખુલાસો માગ્યો હતો.

હાઈ કોર્ટે નોંધ્યું હતું કે દરેક વોર્ડમાં રસ્તા પર કચરો દેખાય છે. આનો મતલબ કે વોર્ડ અધિકારીઓ તેમની જવાબદારીઓથી છટકી રહ્યા છે. સંબંધિત વોર્ડ અધિકારીઓ સામે કાર્યવાહીની ચેતવણી આપતા ખંડપીઠે જણાવ્યું કે 'પાલિકાનો કારભાર વ્યવસ્થિત રાખો અન્યથા અમે કાર્યવાહી કરીશું.'

ઉપનગરીય કાંજુરમાર્ગ ડમ્પિંગ ગ્રાઉન્ડની આસપાસના રહેવાસીઓ માટે પ્રદૂષણ, સતત દુર્ગંધ, ગૅસ ઉત્સર્જન અને આરોગ્ય જોખમો અંગે ચિંતા વ્યક્ત કરતી અનેક અરજીઓ પર હાઈ કોર્ટે સુનાવણી કરી હતી.

ખંડપીઠે આ મામલાની વધુ સુનાવણી ગુરુવાર પર મુલતવી રાખી છે. એ સમય સુધીમાં મ્યુનિસિપલ કમિશનરે રસ્તાઓ પર કચરો ફેંકવા સામે લેવામાં આવેલી કાર્યવાહીની કોર્ટને જાણ કરવાની રહેશે. (પીટીઆઈ)■

www.soundwellclinic.com
SOUNDWELL Speech and Hearing Clinic
ઓનમ સ્પેશિયલ ઓફર
ડિજિટલ શ્રવણ યંત્ર શ્રેષ્ઠ કિંમતે



શું તમને સાંભળવાની તકલીફ છે ?
શું તમને ઓછુ સંભળાય છે?
શું તમને જાહેરમાં સાંભળવામાં તકલીફ થાય છે?
શું તમને ટીવી પર વૉલ્યૂમ વધુ વધારવો પડે છે?
શું તમને વાતનું પુનરાવર્તન કરાવુ પડે છે?
RIC
BTE
Waterproof Rechargeable Hearing
CIC (Invisible)
Rechargable
બોરીવલી: જી-60 ધ ઝોન મોલ, ચંદાવરકર રોડ, ફૂડ લોર્ડ હોટેલ, એપેક્સ હોસ્પિટલ સામે, બોરીવલી (પ) મુંબઈ - 400092.
ઘાટકોપર: દુકાન નં.35, પ્લોટ નં. 104, સતિકૃપા શોપિંગ સેન્ટરની સામે, યૂનો ક્લબ, ગોરાડિયા નગર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - 400075.
વિલેપાર્લે: 01- ગુરુ સ્મૃતિ- કારભારી હાઉસ, પારલે તિલક વિદ્યાલય રોડ, હનુમાન રોડની બાજુમાં, જીએમઈએસ સ્કૂલ પાસે,વિલેપાર્લે (પૂર્વ), મુંબઈ- 400057.
ENQUIRE NOW 9920773063 / 7045352935

# બાન્દ્રાના કાર્ટર રોડ પર હૉર્ડિંગ્સ લગાવવું હાલ પૂરતું મોકૂફ

## પાલિકા મુંબઈના પ્રોમિનાડ માટે એકસમાન એસઓપી તૈયાર કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બાન્દ્રા (પશ્ચિમ)માં કાર્ટર રોડ પર કમર્શિયલ ધોરણે હૉર્ડિંગ્સ લગાડવા સામે બાન્દ્રાના સ્થાનિક નાગરિકોએ ભારે વિરોધ કર્યો હતો. સ્થાનિકોના કહેવા મુજબ કાર્ટર રોડ પરના પ્રોમોનેડ પર હૉર્ડિંગ્સ લગાવવાથી પર્યાવરણીય નુકસાન થવાની સાથે જ સૌંદર્યને પણ નુકસાન થઈ શકે છે. સ્થાનિકોના વિરોધને પગલે કાર્ટર રોડ પર જાહેર-ખાનગી ભાગીદારી (પીપીપી) મૉડેલ હેઠળ હૉર્ડિંગ્સ લગાવવા માટેની ટેન્ડર પ્રક્રિયા હાલ પૂરતી મુલતવી રાખવામાં આવી છે.

સોમવારે મુંબઈ મહાનગરપાલિકા, મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કૉર્પોરેશન (એમએસઆરડીસી) અને મહારાષ્ટ્ર મેરિટાઇમ બોર્ડ સહિત સંબંધિત વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ સાથે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક દરમિયાન આ નિર્ણય લેવામાં આવ્યો હતો. હાલમાં મુંબઈમાં જુદાં જુદાં સ્થળોએ આવેલા પ્રોમોનેડ્સના પટ્ટા જુદી જુદી સરકારી ઓથોરિટી હેઠળ વહેંચાયેલા છે. મુંબઈમાં વરલી પ્રોમેનેડ, મરીન ડ્રાઇવ, રિક્લેમેશન પ્રોમેનેડ, કાર્ટર રોડ અથવા બેન્ડસ્ટેન્ડ સહિત વિવિધ પ્રોમેનેડની જવાબદારી મુંબઈ મહાનગરપાલિકા, એમએસઆરડીસી અને મહારાષ્ટ્ર મેરિટાઇમ બોર્ડ સહિત વિવિધ એજન્સીઓની છે.

સોમવારે યોજાયેલી બેઠકમાં ઉપનગરના પાલક પ્રધાને પાલિકાને આ પ્રોમેનેડ માટે યુનિફોર્મ સર્વાંગી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસેજર (એસઓપી) તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો. સાથે જ આ એસઓપીમાં નાગરિકો તરફથી મળેલાં સૂચનો અને વાંધાઓને સમાવેશ કરીને તમામ પ્રોમેનેડ માટે સમાન નિયમો અને ધોરણો સ્થાપિત કરવાની સૂચના પણ આ બેઠક દરમ્યાન તેમણે આપી હતી. સ્થાનિક રહેવાસીઓએ પ્રોમેનેડના કમર્શિયલ વપરાશ સામે ચિંતા વ્યક્ત કર્યા બાદ પાલક પ્રધાને આ બાબતની તપાસ હાથ ધરી હતી. ■

# સંસ્થા સમાચાર

## ઑનલાઈન સંસ્કૃત કોર્સ

ભારતીય વિદ્યા ભવન, મુંબઈના સંસ્કૃત પરીક્ષા વિભાગ દ્વારા 'સરલ સંસ્કૃત પરીક્ષા'ની તૈયારી માટે ૧ ઑક્ટોબર ૨૦૨૬થી દર ગુરુવારે સાંજે ૪.૦૦થી ૫.૦૦ વાગ્યા દરમ્યાન Google Meet દ્વારા ૩ મહિનાનો ઑન લાઇન કોર્સ શરૂ કરવામાં આવી રહ્યો છે. એનો અભ્યાસ હિન્દી માધ્યમમાં થશે. એમાં 'સંસ્કૃત બાલબોધ' અને 'સરલ સંસ્કૃત શિક્ષક (ભાગ-૧)' પુસ્તકોમાંથી સંસ્કૃત ભાષા, વ્યાકરણ અને અભ્યાસ શીખવવામાં આવશે. કોર્સની ફી ૫૦૦ રૂપિયા (જીએસટી સાથે) છે. રજિસ્ટ્રેશન માટે ભારતીય વિદ્યા ભવન, મુંબઈનો સંપર્ક કરવો.

## છેલ્લા પાનાનું ચાલુ

### પિતા બનવાની

એનઆઈસીયુમાં દાખલ કરવાની જરૂર હોવાથી તે બંનેને જિલ્લા મહિલા હૉસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. ''સવારે લગભગ ૩:૩૦ વાગ્યે, હું એક મિત્ર સાથે હૉસ્પિટલના ગેટ પાસે ઊભો હતો ત્યારે મેં એક મહિલાને બૂમો પાડતી સાંભળી, પરંતુ અમને કંઈ કહેવામાં આવ્યું નહીં. ત્યારબાદ ત્યાં હોબાળો મચી ગયો અને ફાયર બ્રિગેડ આવી પહોંચી. હું મારા બાળક અને પત્નીને શોધતો રહ્યો, ઘણી શોધખોળ કરી પણ તેઓ મળ્યા નહીં,'' એમ તેમણે કહ્યું.

સવારે ૭:૩૦ વાગ્યે બાગરેને તેના નવજાત પુત્રના મૃત્યુ વિશે જાણ થઈ. તેમનો ઉત્સાહ મિનિટોમાં જ ભારે શોકમાં ફેરવાઈ ગયો. (પીટીઆઈ)

### મઝગાંવમાં ગણેશમૂર્તિના

દાખલ કરી તપાસ આદરી હતી.

મઝગાંવમાં બનેલી આ ઘટનાને પગલે ભાયખલા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૯૯ (ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના હેતુથી બદઇરાદાપૂર્વકનું કૃત્ય) અને ૧૯૬ (અલગ જૂથો વચ્ચે દુશ્મનાવટ ફેલાવવી) હેઠળ એફઆઇઆર દાખલ કરાયો હતો.

'મઝગાંવચા મોરયા ગણેશોત્સવ મંડળ'ના કાર્યકર્તાઓ-પદાધિકારીઓ કારખાનામાંથી ગણેશમૂર્તિ લઇને રવિવારે વાજતે ગાજતે નીકળ્યા હતા. ભવ્ય શોભાયાત્રા રાતના મઝગાંવમાં મંડપથી થોડે દૂર હતી ત્યારે ત્યાંની કોન્ટિનેન્ટલ હાઇટ્સ ઇમારતના ઉપરના માળેથી શોભાયાત્રા પર ઇંડાં ફેંકવામાં આવ્યાં હતા, જેમાંથી એક ઇંડું મૂર્તિ પર પડ્યું હતું, જેને કારણે શોભાયાત્રામાં હાજર ભાવિકોમાં રોષ ફેલાયો હતો અને તેઓ ઉપરોક્ત ઇમારતની બહાર એકઠા થઇ ગયા હતા. દરમિયાન આ વાત આસપાસના વિસ્તારમાં ફેલાતાં લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને આ કૃત્ય માટે જવાબદાર વ્યક્તિની તાત્કાલિક ધરપકડ કરવાની માગણી કરી હતી. આ ઘટનાને કારણે વિસ્તારમાં વાતાવરણ તંગ બન્યું હતું.

દરમિયાન બનાવની જાણ થતાં પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ડેપ્યુટી પોલીસ કમિશનર જયંત મીનાએ ઘટનાસ્થળે પહોંચીને હસ્તક્ષેપ કર્યો હતો અને લોકોને શાંત રહેવા અપીલ કરી હતી.

ઘટના બાદ મંડળના પદાધિકારીએ ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ભાયખલા પોલીસે અજાણી વ્યક્તિ સામે ગુનો દાખલ કર્યો હતો. શોભાયાત્રા પર ઇંડાં કોણે ફેંક્યા તે જાણવા માટે ઘટનાસ્થળ તેમ જ આસપાસની ઇમારતના સીસીવીટી કેમેરાના ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે.

### અમરાવતી અગ્નિકાંડ

આરોગ્ય તંત્રને ઉચ્ચ-સ્તરીય તપાસ કરવાનો આદેશ આપ્યા છે અને તેમણે ખાતરી આપી હતી કે આ દુર્ઘટના માટે જવાબદાર વ્યક્તિઓ સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

તેમણે રાજ્યના આરોગ્ય પ્રધાન અને આરોગ્ય સચિવને પરિસ્થિતિનો તાગ મેળવવા માટે સોમવારે અમરાવતીની મુલાકાત લેવાનો નિર્દેશ આપ્યો હતો.

ફડણવીસે અમરાવતી જિલ્લા વહીવટીતંત્રને ઘાયલ બાળકોને સરકારી ખર્ચે સારવાર મળે એ સુનિશ્ચિત કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. (પીટીઆઈ)

### હાજર નર્સે

રહેલી બે નર્સોએ પત્રકારોને જણાવ્યું હતું કે વહેલી સવારે વેન્ટિલેટરમાં વિસ્ફોટ થતા આગની જ્વાળાઓ ભભૂકી ઉઠી હતી, અને વેન્ટિલેટર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયું હતું. આગ ભયાનક હતી, પરંતુ તેમનું એકમાત્ર ધ્યાન બાળકોને બહાર કાઢવા અને તેમના જીવ બચાવવા પર હતું. અમે નર્સો, ડૉક્ટરો અને અન્ય સૌએ બાળકોને બહાર કાઢવાના તમામ પ્રયાસો કર્યા. ભારે ધુમાડો અને આગની જ્વાળાઓ વચ્ચે અમે શિશુઓને બચાવવામાં, ઇન્ક્યુબેટરમાંથી બહાર કાઢવામાં અને તેમને સુપર સ્પેશ્યાલિટી હૉસ્પિટલમાં ખસેડવામાં સફળ રહ્યા હતા. ધુમાડાને કારણે કેટલાક બાળકો માંડ દેખાતા હતા, તેમ છતાં દરેક બાળકને સુરક્ષિત બહાર ન કાઢવામાં આવે ત્યાં સુધી અમે પ્રયાસો ચાલુ રાખ્યા હતા. જોકે, કેટલાક બાળકો દેખાતા નહોતા, તેથી દુર્ભાગ્યવશ ત્રણ બાળકોના મૃત્યુ થયા હતા, એમ નર્સોએ જણાવ્યું હતું.

### રિક્ષાચાલકોના

ઉપનગરીય કાંદિવલી, મલાડ (પશ્ચિમ), સાંતાક્રુઝ, દહિસર, અંધેરી અને અન્ય કેટલાંક સ્થળોએ દેખાવો કરતા દર્શાવવામાં આવ્યા હતા. કાંદિવલી (પશ્ચિમ) ના લાલજીપાડામાં સવારે નવ વાગ્યાની આસપાસ વાહનચાલકો દ્વારા ભીડના સમયે રાસ્તા-રોકો કરવામાં આવ્યા હતા. પોલીસ કર્મચારીઓની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી દેખાવકારોને વિખેરી નાખતા થોડીવારમાં પરિસ્થિતિ સામાન્ય થઈ ગઈ હતી. એક જૂથે કથિત રીતે અન્ય ઓટોરિક્ષા અને ટેક્સી ડ્રાઇવરો તેમજ એપ-આધારિત કેબ ચલાવતા ડ્રાઇવરોને મુસાફરોને લઈ જતા અટકાવ્યા હતા. તેમણે કથિત રીતે કેટલાક ડ્રાઇવરોને મુસાફરોને વાહનોમાંથી નીચે ઉતારવા દબાણ કર્યું હતું. કેટલાક ડ્રાઇવરોએ એવી પણ ફરિયાદ કરી હતી કે દેખાવકારોએ તેમના વાહનોને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો.

બોરીવલી આરટીઓના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે તેમને જાણવા મળ્યું છે કે કોઈએ ડ્રાઇવરોમાં ખોટી માહિતી ફેલાવી છે કે સામાન્ય વપરાશની મરાઠી ભાષા નહીં આવડતી હોય એમને ૫,૦૦૦ થી ૨૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. ૨૦ ઓગસ્ટે આરટીઓ દ્વારા ૧,૨૬૮ કોમર્શિયલ પેસેન્જર વાહનચાલકને મરાઠી ભાષાની જરૂરી જાણકારી ન હોવા બદલ નોટિસ ફટકારી હતી. એના એક દિવસ પછી મહારાષ્ટ્રભરમાં ૧,૪૯૯ મરાઠી નહીં બોલતા ડ્રાઇવરોને નોટિસ ફટકારવામાં આવી હતી. (પીટીઆઈ)

### માતા-પિતાની

તરત જ દોડી આવ્યાં હતાં. જોકે, તેમણે આ દુર્ઘટના માટે હૉસ્પિટલના વહીવટીતંત્રને જવાબદાર ઠેરવ્યું હતું. હૉસ્પિટલમાં દાખલ કેટલાંક બાળકોના સગાંઓએ દાવો કર્યો હતો કે વોર્ડની વોટર સ્પ્રે સિસ્ટમ કામ કરતી નહોતી. અમરાવતીના અચલપુરના રહેવાસી યોગેશ સાવરકરે જણાવ્યું હતું કે તેમની પત્ની અને આઠ દિવસનું બાળક હૉસ્પિટલમાં દાખલ હતાં, જ્યારે આગ લાગી ત્યારે તેઓ બિલ્ડિંગની બહાર સૂતાં હતાં. જ્યારે વોર્ડમાં આગ લાગી, ત્યારે તેઓ ઉતાવળે ઉપર ગયાં, પોતાનાં બાળકને બચાવીને સુરક્ષિત રીતે નીચે લઈ આવ્યાં હતાં. તેમણે અને અન્ય કેટલાંક બાળકોનાં સગાંઓએ જણાવ્યું કે પરિસ્થિતિ અત્યંત વિકટ હતી, કારણ કે આખા વોર્ડમાં આગ ફેલાઈ ગઈ હતી.

આગ લાગવાનું ચોક્કસ કારણ અસ્પષ્ટ છે, પરંતુ લોકોએ વોર્ડમાં ભીષણ આગ ફેલાતી જોઈ હોવાનું વર્ણન કર્યું હતું અને તે સમયે વાલીઓ અને સ્ટાફમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. (પીટીઆઈ)

### વિપક્ષે રાજ્યવ્યાપી

તાત્કાલિક અગ્નિ સુરક્ષા અને વિદ્યુત (ઇલેક્ટ્રિકલ) ઓડિટ કરવાની માગ કરી હતી. ઘટના બાદ હૉસ્પિટલની મુલાકાત લેનારા કૉંગ્રેસના નેતા અને પૂર્વ પ્રધાન યશોમતી ઠાકુરે વેન્ટિલેટરના વિસ્ફોટને કારણે આગ લાગી હોવાના દાવા પર સવાલ કર્યા હતા. ઠાકુરે જણાવ્યું કે અગાઉ પણ હૉસ્પિટલમાં આવી ઘટના બની હતી અને તેમણે સાધનો તથા વીજ-જોડાણોની સુરક્ષા અંગે સવાલ ઉઠાવ્યા હતા. તેમણે વેન્ટિલેટરના સપ્લાયર વિશે વિગતો પણ માગી હતી અને આ ઘટના માટે જવાબદારી નક્કી કરવાની માગ કરી હતી. તેમણે સરકાર આરોગ્ય સંભાળના માળખાગત સુવિધાઓ અને સુરક્ષા પર પૂરતું ધ્યાન આપવામાં નિષ્ફળ રહી હોવાનો આક્ષેપ કર્યો હતો અને સાથે જ હૉસ્પિટલમાં ડોક્ટરો તથા અન્ય સુવિધાઓની ઉપલબ્ધતા અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી.

મહારાષ્ટ્ર કૉંગ્રેસના પ્રમુખ હર્ષવર્ધન સપકાળે આ દુર્ઘટનાને ''હૃદયદ્રાવક અને રોષપૂર્ણ'' ગણાવી અને કહ્યું કે, જીવ બચાવવા માટે હૉસ્પિટલમાં દાખલ કરાયેલા નવજાત શિશુઓનાં મૃત્યુએ આરોગ્ય વ્યવસ્થાની સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. તેમણે ઉચ્ચ-સ્તરીય અને નિષ્પક્ષ તપાસની માગ કરી હતી અને મહારાષ્ટ્રની તમામ સરકારી તથા ખાનગી હૉસ્પિટલોમાં ફાયર સેફ્ટી અને તબીબી સાધનોની સુરક્ષા અંગે તાત્કાલિક ઓડિટ કરવાની માગણી કરી હતી. કૉંગ્રેસ વિધાનસભ્ય દળના નેતા વિજય વડેટ્ટીવારે માગ કરી હતી કે સરકાર માત્ર તપાસ કરવાને બદલે જવાબદારી નક્કી કરે. તેમણે મહારાષ્ટ્રની તમામ સરકારી હૉસ્પિટલોમાં અગ્નિ-સુરક્ષા અને તબીબી સાધનોનું તાત્કાલિક ઓડિટ કરવાની પણ માગ કરી હતી. (પીટીઆઈ)

### એમસીએના પાંચ

રસોડાની સ્વચ્છતા અંગે ખામીઓ મળી હતી. કેટલાક સ્થળોએ ફ્રિજમાં બરફ જામી ગયો હતો, ફ્લોર પણ અસ્વચ્છ હતો અને ખાદ્ય પદાર્થોને યોગ્ય રીતે સંગ્રહિત કરવામાં આવતા નહોતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. પરમિટ રૂમમાં રસોઈના તેલની નિયમિત તપાસ ન થતી હોવાનું તથા પેકેજિંગ સામગ્રી માટે જરૂરી પ્રમાણપત્રો ઉપલબ્ધ ન હોવાનું સામે આવ્યું હતું. પેવેલિયનમાં ફ્રોઝન ખાદ્ય પદાર્થોને યોગ્ય રીતે પીગાળવામાં આવતા નહોતા, જ્યારે મેડિટેરેનિયનમાં ખાદ્ય સાધનોની પૂરતી સફાઈ અને તાપમાન નિયંત્રણમાં ખામી મળી હતી.

ઓરિએન્ટલ સ્વિંગમાં રેફ્રિજરેશન સિસ્ટમનું માપાંકન યોગ્ય નહોતું અને રસોડાની સ્વચ્છતા પણ નબળી હતી. ક્લબવે એન્ડ પેસ્ટ્રી કાઉન્ટરમાં કાચા ખોરાકનો અયોગ્ય સંગ્રહ, કર્મચારી પાસે હાથમોજાંનો અભાવ અને ધૂળ-ગંદકી તથા જીવજંતુઓથી બચાવની અપૂરતી વ્યવસ્થા જોવા મળી હતી.

એફડીએએ મુંબઈ ઉપરાંત માહિમના લેનેક્સિસ ફૂડવર્ક્સ, શિવાજી પાર્કના કેફે કેડેલ, મુલુંડના ચાઈના ટાઉન ફાસ્ટ ફૂડ સેન્ટર, પુણેના મોર્યા મિસળ અને નાગપુરના સાઓજી ઉપહારગૃહો સામે પણ કાર્યવાહી કરી હતી. ચાઈના ટાઉન ફાસ્ટ ફૂડ સેન્ટરમાં વધુ પડતા કૃત્રિમ રંગ અને સ્વાદવર્ધક પદાર્થનો ઉપયોગ, જૂના રસોઈ તેલનો વારંવાર ઉપયોગ, વંદાનો ઉપદ્રવ અને શાકાહારી-માંસાહારી ખોરાક વચ્ચે દૂષણનું જોખમ મળી આવ્યું હતું. જ્યારે મોર્યા મિસળમાં કૃત્રિમ રંગ તેમ જ સમયસીમા પૂર્ણ થયેલા ખાદ્ય પદાર્થોનો ઉપયોગ સામે આવ્યો હતો.

### વ્યવહારુ ભાષાનો

મરાઠી ભાષા શીખવાડવા માટે અમે ઘણી છૂટ આપી છે. બે વખત મુદત વધારી છે અને જરૂર પડશે તો આ મુદત હજી એક વાર પણ વધારવામાં આવશે. આગળ આ મુદ્દે જણાવતા ફડણવીસે કહ્યું કે મહારાષ્ટ્રમાં ભાજપની સરકાર છે, અમારો ઉદ્દેશ્ય માત્ર વ્યવહારુ મરાઠી ભાષાના જ્ઞાન સુધી સીમિત છે. અમે કોઈ પણ હિન્દી ભાષી ભાઈઓ સાથે આ મુદ્દે ગમે તે થાય અન્યાય નહીં થવા દઈએ. મરાઠી ભાષા ન આવડે તેવા ચાલકો પર હાલ પરિવહન ખાતા દ્વારા કાર્યવાહી કરાઈ રહી છે. તેમના લાઇસન્સ પણ સસ્પેન્ડ કરાઈ રહ્યાં છે. તેના સિવાય તેમની પરીક્ષા લેવાની પ્રક્રિયા પણ ઝડપથી ચાલી રહી છે.

મહિલા અનામત મુદ્દે ચિદમ્બરમ અને ફડણવીસ આમને-સામને

મહિલા અનામત બિલને લઈને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા તથા રાજ્યસભા સાંસદ પી. ચિદમ્બરમ વચ્ચે શાબ્દિક યુદ્ધ શરૂ થયું હતું. ફડણવીસે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર મહિલા અનામત બિલનો વિરોધ કરવાનો અને તેની વિરુદ્ધ મતદાન કરવાનો આક્ષેપ કર્યા બાદ ચિદમ્બરમે સોશિયલ મીડિયા પર ફડણવીસને આકરો જવાબ આપ્યો હતો.

'છાત્રોં કી ગૂંજ' કાર્યક્રમ મુદ્દે ફડણવીસે મહિલાઓના સશક્તિકરણ માટે મહિલા અનામત બિલને ક્રાંતિકારી પગલું ગણાવ્યું હતું. તેમણે દાવો કર્યો હતો કે રાહુલ ગાંધી આ બિલના વિરોધમાં હતા અને તેમણે તેની વિરુદ્ધ મતદાન પણ કર્યું હતું. ફડણવીસના આ નિવેદન બાદ કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમે સોશ્યલ મીડિયા પર પ્રતિક્રિયા આપી હતી.

ચિદમ્બરમે ફડણવીસના નિવેદન પર સવાલ ઉઠાવતા કહ્યું હતું કે કદાચ આ નિવેદન 'કોગ્નિટિવ ફેટિગ' એટલે કે માનસિક થાકને કારણે આવ્યું હશે. તેમણે યાદ અપાવ્યું કે બંધારણના ૧૦૬મા સુધારા બિલને ૨૦૨૩માં સંસદે પસાર કર્યું હતું. આ કાયદા હેઠળ લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા બેઠકો અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે.

ચિદમ્બરમના જવાબ બાદ ફડણવીસે પણ પલટવાર કર્યો હતો. તેમણે ચિદમ્બરમ પર 'સિલેક્ટિવ મેમરી' એટલે કે પસંદગીની યાદશક્તિનો આરોપ લગાવ્યો હતો.

### સમયમર્યાદા પહેલાં

જરૂરિયાત પૂરતી મરાઠી ભાષા નથી આવડતી તેમને ભાષા શીખવા માટે સમય આપશે. જો તેઓ એક મહિના પછી ભાષા નહીં શીખ્યા હોય તો જ તેમનું લાઇસન્સ અને બેજ સસ્પેન્ડ કરવામાં આવશે અને ડ્રાઇવરોને મરાઠી શીખવા માટે વધુ ત્રણ મહિનાનો સમય આપવામાં આવશે. ત્યારબાદ પણ જો તેઓ મરાઠી શીખવામાં નિષ્ફળ જશે તો તેમનું લાઇસન્સ રદ કરવામાં આવશે. સરનાઈકની આ ટિપ્પણી શિવસેનાના નેતા અને પાર્ટીના ઉત્તર ભારતીય ચહેરા સંજય નિરૂપમે તેમને મળ્યા અને દંડ લાદવાનું બંધ કરવાની અપીલ કર્યા બાદ આવી છે. સરનાઈકે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૧,૬૫,૬૦૦ બિન-મરાઠી ઓટોરિક્ષા અને ટેક્સી ડ્રાઈવરોએ મરાઠી વર્ગોમાં હાજરી આપી છે.

### સાત સભ્યોની

સંભાળ એકમમાંથી સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા.આ ઘટનાની ગંભીરતા જોતા સફાળી જાગેલી રાજ્ય સરકારે સાત સભ્યોની તપાસ સમિતિ બનાવી છે. આ સમિતિ આઠ દિવસમાં અહેવાલ સોંપશે.

આરોગ્ય પ્રધાન પ્રકાશ અબિટકરે હોસ્પિટલની મુલાકાત લઈને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. તેમણે હોસ્પિટલમાં સામે આવેલી ગેરરીતિઓને અતિશય ગંભીર ગણાવી હતી. ખાસ વાત એ છે કે હોસ્પિટલનું નિર્માણ માત્ર બે વર્ષ પહેલાં થયું હતું. આવી નવી હોસ્પિટલમાં આગની ઘટના બનવી અત્યંત ચિંતાજનક બાબત હોવાનું તેમણે જણાવ્યું હતું.

નવી નિમાયેલી તપાસ સમિતિની અધ્યક્ષતા રાજ્યના આરોગ્ય કમિશનર કરશે. આ સમિતિમાં મહારાષ્ટ્ર રાજ્ય વીજ વિતરણ કંપનીના અધિકારીઓ, અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાનના નિષ્ણાતો અને તબીબી શિક્ષણ નિયામકાલયના પ્રતિનિધિઓનો સમાવેશ થશે. આગનું ચોક્કસ કારણ અને અગ્નિસુરક્ષા વ્યવસ્થામાં થયેલી સંભવિત બેદરકારીની તપાસ કરવામાં આવશે.


## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન **8879576963.** (દહેજ નહીં.). (૧૩૨૪-ડી)

### ૧૦. મહિલાઓ માટે

**રાખડીઓનું ભવ્ય કલેકશન**

મહાવીર (માય શોપી) સાંતાક્રુઝ (વે.)માં રાખડીઓનું ભવ્ય કલેકશન. ચાંદી, સુખડ, રૂદ્રાક્ષ, મોતી, સ્ટોન (A.D.), લુમ્બા ઉપરાંત નાના બાળકોના ફેવરેટ કાર્ટૂનની રાખડીઓમાં વિવિધ વેરાયટીઝ એકદમ વ્યાજબી ભાવે ઉપલબ્ધ. રક્ષાબંધન માટે લાડલી બહેનો માટે પૂજાની થાળીઓનું કલેકશન, તેમ જ ભાઈ તરફથી લાડલી બહેનોને ગીફ્ટ આપવા માટે કસ્ટમાઈઝ ગીફ્ટ હેમ્પર બનાવીને મળશે. તે ઉપરાંત સ્ટે. સ્ટીલ, ક્રોકરી, હોમ એપ્લાયંસીસ, બેડ એન્ડ બાથ, પ્લાસ્ટીક તથા ગીફ્ટ નોવેલ્ટીઝ, કપડાં સૂકવવાના સ્ટેન્ડમાં ઘણી બધી વેરાયટીઝ. લેડર (સીડી), આયર્નીંગ બોર્ડ ઈત્યાદિ. મુંબઈમાં કોઈપણ એરિયામાં ફ્રી હોમ ડિલીવરી મળશે. સારી વસ્તુઓ ગેરંટી / વોરંટી સાથે. રાખડી માટે ગોવિંદભાઈ 9892563046 બીજી વસ્તુઓ માટે મુકેશભાઈ દેસાઈ 9820076401 મહાવીર માય શોપી, માચીસવાલા કંમ્પાઉન્ડ, સ્ટે. રોડ, સાંતાક્રુઝ (વે.), મું. ૫૪. (એસડીબી-૩૪૭૯)

### ૧૨. યાત્રા સહેલગાહ

■ Private Car Tours Kerala Karnataka Rajasthan, Kashmir, Himachal, Uttaranchal Vietnam Srilanka Thailand Singapore Cruise રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન Oneway ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર Urbania સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફલાઈટ, હોટેલ TravelInsurance. ARRHAM HOLIDAY 9769977466/ 9892534488. (બી-૧૮૨૦૨૮)

### ૧૭. જગ્યા આપવી છે

**જુહુસ્કીમમાં/ પાર્લામાં/ અંધેરીમાં**
લીવલાઈસન્સ/ વેચાતામાં 1 થી 4 બેડરૂમના ફલેટો/ ઓફિસો/ દુકાનો લેવા-આપવા. રાજેશભાઈ 9820772390. (એસડીબી-૩૪૫૭)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)**

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

*** શ્રી ચામુંડા જ્યોતિષ ***
**લગ્નમાં રુકાવટ જૂની બીમારી, સંતાન ચિંતા, લવ મેરેજ, પતિદુઃખ, છુટાછેડા, શત્રુથી પરેશાન ફેમિલી પ્રોબ્લેમ - 9157999811. કાંદિવલી (વેસ્ટ). ( બી-૧૭૯૯૭)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ. પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૩૦૦-જી)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ-9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)



**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement:
samacharadvt@gmail.com


## પારસી મરણ

શેરૂ નાદીરશાહ કટીલા તે મરહુમ એરવદ નાદરશાહ જમશેદજી કટીલાના ધણીયાની (ઉદવાડા). તે મરહુમો નાજામાય તથા સોરાબજી બલસારાના દીકરી. તે હવોવી કયઝાદ ભરૂચા તથા એ. માહીયારના મમાજી. તે કયઝાદ માણેક ભરૂચા તથા ઓ. પરીઝાદ માહીયાર કટીલાના સાસુજી. તે હુઝાન, દાનેશના મમઇજી. તે ઓ. પીરાંન તથા ઓ. આર્યનના બપઇજી. (ઉં. વ. ૮૭) રે. ઠે. બાટલીવાલા બિલ્ડિંગ, ૧લે માળે, ફલેટ નં.૪, ખાન એસ્ટેટ, એમ.એમ. છોટાની રોડ, માહીમ, મુંબઇ-૪૦૦૦૧૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૫-૮-૨૬ના દીને સાંજે ૩.૪૦ વાગે, માહીમ સુનાવાલા અગિયારીમાં કરવામાં આવશે.

માનેક રૂસ્તમ દારૂવાલા તે મરહુમ થ્રીતી દારૂવાલાના ખાવીંદ. તે મરહુમો રૂસ્તમજી તથા સુનામાય દારૂવાલાના દીકરા. તે ફેની પાસ્તેના બાવાજી. તે શીરીશ પાસ્તેના સસરાજી. તે પેસી દારૂવાલા તથા બખતાવર દારૂવાલાના ભાઇ. તે રોશની પાસ્તે તથા રીયા પાસ્તેના મમાવાજી. (ઉં. વ. ૯૦) રે. ઠે. ગ્રાઉન્ડ ફલોર, પ્લોટ નં.૨૧૩, કાશીનાથ બિલ્ડિંગ, નં.૧, આવાબાઇ કાશીનાથ રોડ, તારદેવ બસ ડેપો નજદીક, મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૫-૮-૨૬ને દિવસે સાંજે ૩.૪૫એ કપાવાલાની અગિયારીમાં કરવામાં આવશેજી.

## જૈન મરણ

પાટણ નિવાસી, કેશુશેઠનો પાડો તથા મનમોહનજીની શેરી નિવાસી, અમિતભાઈ ચંદ્રકાંતભાઈ ઝવેરીનાં ધર્મપત્ની શ્રીમતી દીપાબેન ઝવેરી (ઉં. વ. ૫૯) ધર્મિલ અને વિનીના માતુશ્રી. ભાવિ અને વિજેશકુમારના સાસુ. અજીતભાઈ ઝવેરી, નયનાબેન, જયશ્રીબેન, ભાવનાબેનના ભાભી. નેહુલબેનના દેરાણી, સ્વ. સ્મિતાબેન નવનીતલાલ પત્રાવાલાના સુપુત્રી તા. ૨૩/૦૮/૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨૫/૦૮/૨૬ના મંગળવાર બપોરે ૪ થી ૬. ભારતીય વિદ્યા ભવન ચોપાટી મું.૭.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

માણાવદર નિવાસી હાલ અમદાવાદ સ્વ. તારાબેન હીરાચંદ છગનલાલ મહેતાના સુપુત્ર સ્વ. કિર્તીભાઇના ધર્મપત્ની નલીનીબેન (ઉં. વ. ૭૬) રવિવાર તા. ૨૩-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે નિશા જયેશ સંઘવી, અમીના માતુશ્રી. સ્વ. રમેશભાઇ, સ્વ. હરેશભાઇ, ઇલાબેન રશ્મિકાંત વસાના મોટા ભાભી. સ્વ. પ્રતિભાબેનના જેઠાણી. પિયર પક્ષે અમરેલી નિવાસી હાલ મુંબઇ સ્વ. કંચનબેન નંદલાલભાઇ ધ્રુવના સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ક. દ. ઓ. જૈન**

ગામ રાપર ગઢવારી, હાલ ઘાટકોપર, અ. સૌ. ધનવંતી પુનશી લઘુભાઈ લોડાયા (ઉં. વ. ૭૨)રવિવાર ૨૩ ઓગસ્ટ ૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે. માતુશ્રી વેલબાઈ લઘુભાઈ હીરજી લોડાયાના પુત્રવધૂ. રાજેશ-શીતલ, હિતેશ-શીમુલના માતુશ્રી. કુસુમ-દ્યમજી, પ્રજ્ઞા-ચંદ્રકાંત, નવલ-નેણશી, જયવંતી-હિરેન, લક્ષ્મી-ચેતન, કલ્પના-રાજેન્દ્રના ભાભી. સામા પક્ષ માતુશ્રી ચંપાબાઈ લાલજી દેવજી મેશેરી, મોટી સિંધોડીના પુત્રી. બંને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર ૨૫-ઓગસ્ટ-૨૦૨૬ના સમય ૩-૩૦ થી ૫-૦૦. લવેન્ડર બાગ, પહેલે માળે, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ડોણના અ.સૌ. રસીલાબેન હસમુખ મારૂ (ઉં. વ. ૬૨) તા. ૨૨-૦૮ના અવસાન પામેલ છે. જેઠીબાઈ જેઠાલાલ મારૂના પુત્રવધૂ. હસમુખ મારૂના ધર્મપત્ની. ધર્મેશ, નેહાના માતુશ્રી. કોટડી મહા.ના ભાણબાઈ વિસનજી હીરજીના સુપુત્રી. કોટડી મહા.ના ઈન્દુબેન મણીલાલ, ચંદ્રીકા વિનોદ, ગીતા પ્રફુલ, સાભરાઈના જવેરબેન માલશી, ડુમરાના સુશીલાબેન રતીલાલ, દેઢિયાના શકુંતલાબેન મોરારજી, ડુમરાના મંજુલા શાંતીલાલ, દેવપુરના ગુણવંતી વિસનજી, વિઢના પુષ્પા પ્રેમજીના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નેત્રદાન,ત્વચાદાન કરેલ છે. નિ. હસમુખ મારૂ, ૩૦૫ લોટસ એપા., વડવલી સેકશન, અંબરનાથ (ઈ) ૪૨૧૫૦૧.

નાની તુંબડીના લક્ષ્મીચંદ લાલજી સાવલા (ઉં. વ. ૭૪) તા. ૨૨-૮-૨૬નાં અવસાન પામેલ છે. લક્ષ્મીબેન લાલજીના પુત્ર. જયાબેનના પતિ. પ્રીતેશના પિતાજી. કાંતીલાલ, ઉર્મીલા, મનસુખ, વસંત, હરેશ, મીનાના ભાઇ. નાના ભાડીયાના ખેતબાઇ પ્રેમજી ટોકરશી વીરાના જમાઇ. દેહદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. લક્ષ્મીચંદ લાલજી સાવલા, એ-૩૦૧, અભિલાષા બિલ્ડીંગ, સાઇનગર, વસઇ (વેસ્ટ).

બગડાના શ્રી હરીલાલ ખીમજી દેઢીયા (ઉં. વ. ૭૯) તા. ૨૨-૮-૨૬નાં દેહ પરીવર્તન કરેલ છે. કાંતાબેન ખીમજી માલસીના પુત્ર. સ્વ. કસ્તુરબેનના પતિ. જીનેન, ફાલ્ગુની, શિવાનીના પિતાજી. ચીમન, દિનેશ, ખુશાલ, લુણીના ભાનુમતી વિનોદ, ના. ભાડીયાના વસુમતી વિરચંદના ભાઇ. વડાલાના પાનબાઇ ભવાનજી મેઘજી નિસરના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસઃ જીનેન દેઢીયા, બી-૧૯૦૬, રૂનવાલ એબીગેંટ, લોખંડવાલા, અંધેરી (વે.)

કપાયાના માતુશ્રી ઝવેરબેન સંગોઇ (ઉં. વ. ૯૬) તા. ૨૨-૦૮ના દેહ પરિવર્તન કરેલ છે. સ્વ. દેવજી કોરશી વેરશી સંગોઈના ધર્મપત્ની. સ્વ. દામજી, સ્વ. ભાણજી, મનહર, કેતન, કૌશિક, સ્વ. ભચીબાઈ, સરોજ, સ્વ. મણી, લેખા, કલ્પનાના માતુશ્રી. વડાલા સ્વ. સોનબાઈ મગન લધા ગાલાના સુપુત્રી. સ્વ. ધનજી, ભુજપુર સ્વ. મણીબાઈ મોણશી લખધીર, પત્રી સ્વ. સાકરબેન કુંવરજી ખીંશી, કપાયા સ્વ. કેસરબાઈ દામજી હીરજી, બારોઈ સ્વ. મંજુલાબેન લખમશી માવજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કેતન સંગોઇ, એ-૧૩૦૩, નીલકંઠ એન્કલેવ, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર (વે.), મુંબઈ.

કાંડાગરા હાલે ડોંબિવલીના ઉષાબેન ગાલા (ઉં. વ. ૭૨) તા.૨૧-૮-૨૬ના અવસાન પામેલ છે. જવેરબેન લાલજીના પુત્રવધુ. વિરચંદના પત્ની. ભુમિકાના માતા. બિદડાના ધનવંતીબેન લાલજી ફુરિયાના સુપુત્રી. મુલચંદ, જ્યંતિલાલ, પરેશ, નિર્મળાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ઉષાબેન ગાલા, અન્નપૂર્ણા કેટરર્સ, એએ-૦૦૧, નવનીત નગર, દેશલેપાડા, ડોંબિવલી-૪૨૧૨૦૩.

નાની ખાખરના શ્રી વસંતલાલ દેઢિયા (ઉં. વ. ૮૩) તા. ૨૨-૮-૨૬ના રોજ પૂના મુકામે અવસાન પામેલ છે. વેલબાઈ દામજી લાલજીના પુત્ર. સ્વ. વીણાબેનના પતિ. નાના આસંબીયાના પુરબાઈ ડુંગરશી શીવજી છેડાના જમાઈ. પુનડીના ઝિલ્પા કિશોર, પ્રાગપરના ધારા અનિશ, ગુંદાલાના ઝંખના દિપેશ, નાગલપુરના ડોલર પિયુષ, બિદડાના રીચા જુબીનના પિતાશ્રી. કોડાયના પુષ્પાબેન રાયચંદ લાલન, મો. ખાખરના ભાનુમતી પ્રફુલ્લ કેનીયા, રામાણીયાના રસીકબાળા જયંતીલાલ મામણીયાના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ.વસંતલાલ દેઢીયા, સી/ઓ.જુબીન જૈન, બી/૧૧૦૧, એક્રોપોલીસ, કાલેવાડી, પૂના-૪૧૧૦૧૭.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ટાણા નિવાસી હાલ મુંબઇ વાલકેશ્વર સ્વ. નગીનદાસ જયચંદ શાહના ધર્મપત્ની મંગળાબેન (ઉં. વ. ૯૧) તા. ૨૪-૮-૨૬ સોમવારના અવસાન થયું છે. તે નીલેશભાઇ, માલતીબેન, હેમંતીબેન તથા ભાવનાબેનના માતુશ્રી.વૈશાલીબેન, સ્વ. મયુરકુમાર, સ્વ. પંકજકુમાર તથા રાકેશકુમારના સાસુ. મિલોની-વત્સલકુમાર શાહ, ખ્યાતિ-કૃણાલકુમાર શાહ, ખુશાલ સંઘવી, રચના-ઋષભ સોલાની, રોહિન મહેતા તથા અપેક્ષા મહેતાના નાની. પિયર પક્ષે ઘેટી નિવાસી અમરચંદ રતનશી મહેતાના દીકરી. માતૃવંદના, મંગળવાર, તા. ૨૫-૮-૨૬ના બપોરે ૩.૩૦થી ૫.૩૦. ઠે. એફ.પી.એચ. બિલ્ડિંગ, લાલા લજપતરાય માર્ગ, હાજી અલી, મુંબઇ-૪૦૦૦૩૪.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી શ્વે. મૂ. પૂ. જૈન**

બોટાદ નિવાસી હાલ બોરીવલી અરવિંદભાઇ ચીમનલાલ બગડીયાના ધર્મપત્ની નીરુબેન (ઉં. વ. ૭૭) તા. ૨૩-૮-૨૬ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. હરીચંદ ઝુંઝાભાઇ બગડીયાના પૌત્રવધુ. મનીષ, સચિનનાં માતુશ્રી. વૈશાલી, અંકિતા, (મિનુ)ના સાસુ. પૂજન, દેવ અને કહાનના દાદી. પિયર પક્ષે સ્વ. કાંતિભાઇ શીવલાલ શાહ (હેબતપુરવાળા)ના દીકરી. બન્ને પક્ષની ભાવયાત્રા તા. ૨૫-૮-૨૬ મંગળવારના સવારે ૯થી ૧૨. ઠે. વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

## હિન્દુ મરણ

**ઘોઘારી દશા શ્રીમાળી (વૈષ્ણવ)**

ગારીયાધાર નિવાસી હાલ ઘાટકોપર દિનકળાબેન નવીનચંદ્ર દાણી (ઉં. વ. ૮૩) તે સ્વ. નવીનચંદ્ર જયસુખલાલ દાણીના ધર્મપત્ની. સ્વ. કંચનબેન જાદવજી મહેતાના સુપુત્રી. ચિ. આશિત તથા કેતન દાણીના માતુશ્રી. અ. સૌ. સ્નેહા તથા નિકીતાના સાસુ. પૂજા તથા આત્મન દાણીના દાદી તા. ૨૧-૮-૨૬ના પ્રભુશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

બાબરા નિવાસી હાલ ડોમ્બિવલી, નિર્મળાબેન નવીનચંદ્ર મલકાન (ઉં. વ. ૭૭) શનિવાર, તા. ૨૨-૮-૨૬ના સ્વર્ગવાસી પામ્યા છે. તે સ્વ. નવીનચંદ્ર વ્રજલાલ મલકાણના ધર્મપત્ની. સ્વ. વસુમતીબેન ધીરજલાલ ઝવેરીના પુત્રી. સ્વ. જીતુભાઇ, કિર્તીભાઇ, સ્વ. ભારતીબેન, માલતીબેન, ગં. સ્વ. રેખાબેન, ગં. સ્વ. મધુબેનના બેન. સોનલ ભદ્રેશભાઇ મહેતા, રૂપલ જીતેન્દ્ર રાજકોટીયા, નિમીષા સંજય મહેતાના માતુશ્રી. અવની, જીનલ, કેની, હેતવી, ધુમી, પરીના નાની. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મુંબઈ વિસાનાગર વણિક**

ગોરેગામ નિવાસી, સ્વ. નર્મદાબેન અરવિંદલાલ વલ્લભદાસ પરીખ (ઉં. વ. ૮૮) તે ભરતભાઈ, સ્વ. જગદીશભાઈ, ભગવતીભાઈ, હર્ષદાબેનના માતૃશ્રી. ગીતાબેન, વર્ષાબેન, મયુરીબેન, સ્વ. કલ્પેશભાઈના સાસુ. જેલમ, વિરાજ, જનીત, સ્તુતિ, ઋષભ, કિંજલના દાદી - નાની તા. ૧૭/૦૮/૨૬ના મુંબઈ મુકામે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. સરનામુંઃ બી/૧૭, સાંઈબાબા એનકલેવ ટાવર, બિલ્ડીંગ નં. ૩, ઑફ. એસ. વી. રોડ, સિટી સેંટર મોલની પાછળ, ગોરેગામ પશ્ચિમ.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ ઓટારા રાજકોટ નિવાસી હાલ બોરીવલી, સ્વ. વિજયાબેન રતનશી કોટકના પુત્ર વિનોદભાઈ કોટક (ઉં. વ. ૮૦) ૨૪/૮/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ.મથુરાદાસ હરિદાસ લાધાણીના જમાઈ. મીનાક્ષીબેનના પતિ. વિક્રમ તથા સુનિલ-અમિષાના પિતાશ્રી. જગદીશભાઈ, દિનેશભાઇ, વિરેન્દ્રભાઈ, નરેન્દ્રભાઈના મોટાભાઈ. સર્વપક્ષની પ્રાર્થનાસભા ૨૫/૮/૨૬ મંગળવારના સમય ૪ થી ૬ ક. સર્વોદય હોલ, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ બોરીવલી વેસ્ટ.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

બેલમપુર નિવાસી હાલ દહાણુરોડ, સ્વ. જસુમતીબેન ચુનીલાલ દેસાઈના પુત્ર શૈલેષભાઇ (ઉં. વ. ૬૩) ૨૩/૮/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. બીનાબેનના પતિ. સિદ્ધાંત, સિદ્ધાર્થ, અપેક્ષાના પિતા. નિશા રાજેશભાઈ, ગીતાબેન સુરેશકુમાર કાપડી, ભાવનાબેન નીતીનકુમાર શેઠ, સંગીતાબેન નરેનકુમાર દાણીના ભાઈ. સ્વ. જયંતભાઈ મનસુખલાલ મહેતાના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૫/૮/૨૬ના ૩ થી ૫ ક. દશા શ્રીમાળી સમાજ વાડી, મસોલી, દહાણુરોડ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**પાટણ વિશા દિશાવાળ**

ગં. સ્વ. પ્રભાવતી ચંદ્રકાંત પરીખ (ઉં. વ. ૮૪) બકુલેશ અને મનીષના માતોશ્રી. અરુણા અને મમતાના સાસુ. મિહિર, જીગર અને પ્રણિતના દાદી. સ્વ. મંગુબા લાલચંદ શાહની સુપુત્રી. શશીકાંતભાઈ, સ્વ. સુરેશભાઈ, દેવેન્દ્રભાઈ, સ્વ. વિજયભાઈ, બકુબેન, સરલાબેન, લતાબેનના બેન. તા. ૨૧/૮/૨૬ના દહિસર શ્રીજીચરણ પામ્યા છે. લૌકીક વ્યવહાર બંધ છે.

**જામનગર ગિરિનારાયણ બ્રાહ્મણ**

સાંતાક્રુઝ નિવાસી, કુમુદચંદ્ર પી. ભટ્ટના ધર્મપત્ની ચારુલતા (ઉં. વ. ૮૧) તા. ૨૧-૮-૨૬, શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ઈંદુમતી ભોગીલાલ કાનજી પંડ્યાના પુત્રી. કૌશિક બી. પંડયાના બેન. નિમિષાબેન વ્યાસ તથા રૂપેનભાઈના માતુશ્રી. નરેશ વ્યાસ તથા પ્રીતિ ભટ્ટના સાસુ. અર્કિત તથા પુષ્ટિના દાદીમા. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

ભાવનગરવાળા, રમેશભાઈ ઠાકોરદાસ સંઘવીની ધર્મપત્ની મમતાબેન(મધુબેન) (ઉં. વ. ૮૫) તે બેલા અને સ્વ. ફાલ્ગુનીના માતુશ્રી. સ્વ. જીતુભાઈ, સ્વ. કિરીટભાઈ, સ્વ. મનોરમાબેન મહેતા, દેવિકાબેન મહેતાના ભાભી. મોસાળપક્ષે સ્વ વ્રજલાલ રેશમિયા તથા સ્વ રમાબેનની દિકરી. હસમુખભાઈ, નરેન્દ્રભાઇ, ઘનશ્યામભાઈના બેન તા. ૨૩/૮/૨૬ને રવિવારના માતાજીશરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

તળાજા નિવાસી હાલ મલાડ સ્વ. નગીનદાસ પો. દેસાઇના ધર્મપત્ની મધુબેન (ઉં. વ. ૭૬) તે સ્વ. જગજીવનદાસ બેચરદાસ ઘેલાણીના દીકરી. તે સ્વ. સવીતાબેન, સ્વ. જયાબેન, સ્વ. લીલીબેન, સ્વ. નિર્મળાબેન, સ્વ. ગુલાબબેન, સ્વ. ગુણવંતભાઇ, મનસુખભાઇ, સ્વ. ચંદ્રકાન્તભાઇ ઘેલાણીના બહેન. સ્વ. ભુપતભાઇ, સ્વ. મંજુલાબેન, દેવીબેન, સ્વ. લલીબેન, નીમુબેન, સરોજબેન, ભાવનાબેન અને પુષ્પાબેનના ભાભી. તે સતીષ, મનીષ અને હેમાના મમ્મી. પલ્લવી, કલ્પના અને મનીષકુમારના સાસુ. તા. ૨૩-૮-૨૬ના રવિવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ**

આતરસુંબા હાલ મુંબઇ સ્વ. પ્રાણલાલ નરોતમદાસ શાહના ધર્મપત્ની ગં. સ્વ. ચંદ્રીકાબેન (ઉં. વ. ૮૮) તા. ૨૩-૮-૨૬ રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે કૌશિકભાઇ, ગૌતમભાઇના માતુશ્રી. અજીતાબેન, તૃપ્તીબેનના સાસુજી. તે હર્ષદા વિશાલ કાણકીયા તથા રૂપલ સોમિલ રાંભિયા તથા વિનીતા આત્મન અજમેરા, કુશલ-અનુજાના દાદી. જીયાન વિશાલ કાણકીયાના પરદાદી. પ્રાર્થનાસભા તા. ૨૫-૮-૨૬ મંગળવાર સાંજે ૫થી ૭. ઠે. રવજી જીવરાજ ચાંગડાઇવાલા હોલ, એસ. એન. ડી. ટી. માટુંગા (ઇસ્ટ). લૌકિક પ્રથા બંધ છે.

**પાટણ દશા પોરવાડ વણિક**

અ. સૌ. શકુંતલા લલિતકુમાર મહેતા (ઉં. વ. ૯૫) તે બાપુલાલ મહેતાના પત્ની. અનુશીલ-ભદ્રેશના માતુશ્રી. તે ધારણા, ચિત્રાનાં સાસુજી. ખુશ્બુ, પૂજા અને કુનાલના દાદી શનિવાર, તા. ૨૨-૮-૨૬ શ્રીજીચરણ પામ્યાં છે. લૌકિક વ્યવહાર રાખવામાં આવેલ નથી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

મુંબઈ સમાચાર

તન મન ધનથી રહો

# તરોતાજા

# જંગલ સફારી તથા રોકાણની દુનિયાઃ બંને વચ્ચે શું સામ્ય છે?




અમિત ત્રિવેદી feedback@bombaysamachar.com

શહેરમાં રહેતા લોકો માટે જંગલ સફારીનો અનુભવ સાચે જ એકદમ અલગ અને રોમાંચક હોય છે. ત્યાં ભરાતું દરેક પગલું પોતાનામાં એક મોટું એડવેન્ચર છે. તમે જંગલી પ્રાણીઓને જોવા માટે જંગલની અંદર જાઓ છો, જોકે તે પ્રાણીઓને આ વાતથી કોઈ જ ફરક નથી પડતો કે તેમને જોવા કોણ આવ્યું છે અને શા માટે આવ્યું છે. તે બધા તો પોતાની દિનચર્યા મુજબ મસ્તીમાં જીવે છે. તમને પ્રાણીઓ જોવા મળશે કે નહીં, તેનો આધાર એવી ઘણી વાત પર છે, જે તમારા કંટ્રોલમાં હોતી નથી. જંગલને તમારા નામ, હોદ્દા, સમાજમાં પદ કે લોકપ્રિયતા સાથે કોઈ જ લેવાદેવા નથી. તમે કોઈ પ્રાણીને જોઈ પણ શકો અને કદાચ ન પણ જોઈ શકો. એક મોટી કંપનીના વાઇસ પ્રેસિડેન્ટને પ્રાણી દેખાવાની શક્યતા એટલી જ હોય છે જેટલી કોઈ સામાન્ય પટાવાળાને હોય છે.

તમારે જંગલના નિયમોનું પાલન કરવું જ પડે. જંગલ નિષ્પક્ષ છે, અને આપણું ફાઇનાન્શિયલ માર્કેટ (નાણાકીય બજાર) પણ બિલકુલ આવું જ છે. માર્કેટને એ વાતની કોઈ પરવા નથી કે તમારો હોદ્દો શું છે, તમારી પ્રોફાઇલ કેટલી મોટી છે કે તમારા ખિસ્સામાં કેટલા પૈસા છે.

તમે કેટલા રૂપિયાથી રોકાણ શરૂ કરો છો કે તમારી પાસે કેવડી મોટી શૈક્ષણિક ડિગ્રીઓ છે, તેનાથી માર્કેટને કોઈ ફેર પડતો નથી. જો તમારે અહીં સફળ થવું હોય, તો માર્કેટના નિયમોનું પાલન કરવું જ પડશે.

- **બજારના કેટલાક સૌથી મૂળભૂત નિયમો સમજી લો...**

**ઓછા ભાવે ખરીદો અને ઊંચા ભાવે વેચો (Buy Low, Sell High):** જ્યારે માર્કેટ નીચું હોય ત્યારે ખરીદી કરો અને જ્યારે માર્કેટ ઉપર જાય ત્યારે નફો કમાઈને વેચો.

- **સારી યોજના બનાવો અને ટકી રહો** (Plan Well and Stay the Course): યોગ્ય નાણાકીય પ્લાનિંગ કરો અને ગમે તેટલી ઊથલપાથલ થાય તો પણ તમારા પ્લાન પર અડીખમ રહો.
- **ભીડની પાછળ દોડવાને બદલે પોતાનું રિસર્ચ કરોઃ** લોકો શું કરી રહ્યા છે તે જોઈને રોકાણ ન કરો, પરંતુ પોતે વિચારીને સ્વતંત્ર સંશોધન કરો.

આ વાતો બોલવામાં કે કાગળ પર લખવામાં જેટલી સરળ લાગે છે, વાસ્તવિક જીવનમાં તેનું પાલન કરવું તેટલું જ મુશ્કેલ હોય છે.

એ પણ યાદ રાખો કે જંગલના બધા નિયમોનું પાલન કરો એટલે પ્રાણીઓ દેખાશે જ, તેવી કોઈ ગેરંટી નથી હોતી. એના માટે તમારે અઢળક ધીરજ રાખવાની જરૂર પડે છે. તમે પ્રાણીઓના રસ્તા પર ઊભા રહો, તો પણ હવામાન બદલાતા તે પોતાનો રસ્તો બદલી નાખે અથવા ગુફામાંથી બહાર જ ન આવે. પ્રાણીઓની ટેવો અને રસ્તાઓ જાણવાથી તેમને જોવાની શક્યતા (Probability) વધી જાય છે. જંગલના નિયમો શીખવાથી તમારા પર હુમલો થવાનું જોખમ ઘટી જાય છે.

બિલકુલ આ જ રીતે, ફાઇનાન્શિયલ જંગલના નિયમો જાણવાથી તમારા પૈસા કમાવવાની શક્યતાઓ વધી જાય છે અને નુકસાન થવાનું જોખમ ઘણું ઓછું થઈ જાય છે.

તમારે વિવિધ પ્રકારના એસેટ ક્લાસના મૂળભૂત સ્વભાવને સમજવો પડશે, રોકાણ સાથે જોડાયેલાં જોખમોને ઓળખવા પડશે, અને એક સિંગલ રોકાણ તથા પોર્ટફોલિયો વચ્ચેનો તફાવત સમજવો પડશે. એના માટે, એક સરસ પ્લાન બનાવો, તેનો યોગ્ય રીતે અમલ કરો અને લાંબા સમય સુધી માર્કેટમાં ટકી રહો. સમયાંતરે તમારા રોકાણની પ્રગતિ તપાસતા રહો અને જરૂર જણાય ત્યારે આર્થિક નિષ્ણાતની સલાહ લઈ તેમાં યોગ્ય ફેરફારો કરતા રહો. ■

# આરોગ્ય વીમામાં એડ-ઓન (રાઇડર): કયા લેવા અને કયા છોડવા?

વીમા સુરક્ષાકવચ

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

**આરોગ્ય** વીમાની બેઝ પૉલિસી એક થાળી જેવી છે તેમાં મુખ્ય વસ્તુઓ મળે છે, પણ દરેકની જરૂરિયાત જુદી હોય છે. એડ-ઓન કે રાઇડર એટલે તમારી જરૂરિયાત મુજબ થાળીમાં ઉમેરાતી વધારાની વાનગી. થોડું વધારે પ્રીમિયમ ભરીને તમે બેઝ પૉલિસીની ખામી પૂરી શકો છો . અલગ પૉલિસી ખરીદવા કરતાં આ ઘણું સસ્તું પડે છે. ચાલો, જોઈએ કે ભારતમાં કયા મુખ્ય એડ-ઓન મળે છે અને કોણે કયું લેવું જોઈએ.

▶ **મુખ્ય એડ-ઓન... કોના માટે ઉપયોગી**

**૧) ક્રિટિકલ ઇલનેસ રાઇડર :** કૅન્સર, હાર્ટ એટેક, સ્ટ્રોક કે કિડની ફેલ્યોર જેવી ગંભીર બીમારીનું નિદાન થતાં જ એકસાથે નિશ્ચિત રકમ મળે છે. હૉસ્પિટલના બિલથી અલગ. આ રકમ સારવાર ઉપરાંત ઘરખર્ચ કે આવક બંધ થવાની ભરપાઈમાં કામ આવે છે. ઘરમાં એક જ કમાનાર હોય કે પરિવારમાં ગંભીર બીમારીનો ઇતિહાસ હોય, તેમના માટે આ સૌથી ઉપયોગી રાઇડર છે.

**૨) રૂમ રેન્ટ વેઇવરઃ** ઘણી પૉલિસીમાં હૉસ્પિટલના રૂમના ભાડાની મર્યાદા હોય છે. મર્યાદાથી મોંઘો રૂમ લો તો માત્ર રૂમનું જ નહીં, આખા બિલમાં પ્રમાણસર કાપ (પ્રપોર્શનેટ ડિડક્શન) આવે છે. આ રાઇડર એ મર્યાદા હટાવી દે છે. વર્ષે આશરે ૫૦૦થી ૧૦૦૦ રૂપિયાના ખર્ચમાં લાખો રૂપિયાનો કાપ બચી શકે છે ખાસ કરીને મોટાં શહેરોમાં રહેતા લોકો માટે આ ખૂબ કિફાયતી સોદો છે.

**૩) કન્ઝ્યુમેબલ્સ કવરઃ** ગ્લોવ્ઝ, સિરિંજ, માસ્ક જેવી વસ્તુઓ સામાન્ય રીતે પૉલિસીમાં કવર થતી નથી અને કુલ બિલના ૫થી ૧૫ ટકા જેટલી થાય છે જે ખિસ્સામાંથી ભરવી પડે છે. નાના પ્રીમિયમમાં આ ખર્ચ કવર થઈ જાય છે. લગભગ દરેક માટે લેવા જેવું એડ-ઓન.

**૪) રિસ્ટોરેશન બેનિફિટઃ** વર્ષ દરમિયાન વીમા રકમ પૂરી વપરાઈ જાય તો તે ફરી ભરાઈ જાય છે.

આખા પરિવારની એક જ ફૅમિલી ફ્લોટર પૉલિસી હોય તો આ ખાસ જરૂરી છે. એક સભ્યની મોટી બીમારીમાં રકમ ખતમ થાય તો બાકીના સભ્યો સુરક્ષિત રહે.

**૫) હૉસ્પિટલ ડેઇલી કૅશઃ** હૉસ્પિટલમાં દાખલ રહો તે દરેક દિવસ માટે નિશ્ચિત રોકડ મળે છે. આવવા-જવાનો ખર્ચ, સાથે



રહેનારનું જમવાનું વગેરે માટે. સારું છે, પણ પહેલી પસંદગી નહીં.

**૬) ઓપીડી કવર :** હૉસ્પિટલમાં દાખલ થયા વિના ડૉક્ટરની મુલાકાત, ટેસ્ટ અને દવાનો ખર્ચ કવર થાય છે. નાનાં બાળકો કે વડીલો હોય અને ડૉક્ટર પાસે વારંવાર જવું પડતું હોય તો ઉપયોગી, પણ પ્રીમિયમ સામે કેટલો ખર્ચ ખરેખર થાય છે તેની ગણતરી કરીને જ લેવું.

**૭) મૅટરનિટી કવરઃ** પ્રસૂતિ, પ્રી-નેટલ અને પોસ્ટ-નેટલ ખર્ચ તથા નવજાત શિશુનો ખર્ચ કવર થાય છે. પરિવાર વધારવાનું આયોજન હોય તેમના માટે પણ ધ્યાન રાખો, તેમાં સામાન્ય રીતે લાંબો વેઇટિંગ પિરિયડ હોય છે એટલે વહેલું લેવું પડે.

**૮) પર્સનલ ઍક્સિડન્ટ કવરઃ** અકસ્માતથી મૃત્યુ કે અપંગતા થાય તો રકમ મળે છે. વાહન વધુ ચલાવતા હો કે જોખમી કામ હોય તો વિચારવા જેવું.

**૯.) પીઈડી વેઇટિંગ ઘટાડનાર રાઇડરઃ** ડાયાબિટીસ કે બ્લડ પ્રેશર જેવી પહેલેથી હાજર બીમારીનો ૨-૩ વર્ષનો વેઇટિંગ પિરિયડ ઘટાડી આપે છે. આવી બીમારી હોય તેમના માટે કીમતી.

▶ **પસંદગી કેવી રીતે કરવી?**

**ત્રણ સાદા નિયમ યાદ રાખો.**

- **પહેલોઃ** બધા એડ-ઓન ન લો, દરેકનું અલગ પ્રીમિયમ છે અને બિનજરૂરી રાઇડરથી પૉલિસી મોંઘી થાય છે. તમારી ઉંમર, જીવનના તબક્કા અને પરિવારની જરૂરિયાત મુજબ ૨-૩ મહત્ત્વના જ પસંદ કરો.
- **બીજોઃ** ડબલ કવરેજ ટાળો કંપની તરફથી ગ્રુપ પૉલિસી કે અલગ પર્સનલ ઍક્સિડન્ટ પૉલિસી હોય તો એ જ કવર ફરી ન ખરીદો.
- **ત્રીજો :** દરેક રાઇડરની શરતો વેઇટિંગ પિરિયડ, બાકાત બાબતો અને ક્લેમની રીત ધ્યાનથી વાંચો.
- **એક વ્યવહારુ વાત પણ યાદ રાખોઃ** રાઇડર જે કંપનીની બેઝ પૉલિસી હોય તેની જ પાસેથી લેવો પડે છે, અને મોટા ભાગની કંપનીઓ પૉલિસી ખરીદતી વખતે કે રિન્યૂઅલ સમયે જ રાઇડર ઉમેરવા દે છે

વચ્ચે નહીં. એટલે નિર્ણય શરૂઆતમાં જ વિચારીને લેવો.

**નિષ્કર્ષ**

*યોગ્ય એડ-ઓન સાદી પૉલિસીને મજબૂત ઢાલ બનાવે છે. મોટા ભાગના લોકો માટે રૂમ રેન્ટ વેઇવર, કન્ઝ્યુમેબલ્સ કવર અને રિસ્ટોરેશન બેનિફિટ આ ત્રણ સૌથી વધુ કામ આવે છે; ક્રિટિકલ ઇલનેસ રાઇડર જવાબદારી વધુ હોય તેમના માટે ચોથું. રાઇડરનું પ્રીમિયમ પણ કલમ ૮૦-ડી હેઠળ ટૅક્સ લાભ આપે છે. પૉલિસી ખરીદતી વખતે કે રિન્યૂ કરતી વખતે થોડી મિનિટ કાઢીને એડ-ઓનની યાદી જુઓ, ૦૧ જે નાનો ખર્ચ મોટી રાહત આપી શકે છે.* ■

# ઊંઘની ઊણપ ન ચાલે...

## ...એ તો માનવીની આવશ્યક જરૂરિયાત છે

આરોગ્ય એક્સપ્રેસ

રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com



પેલું ગીત યાદ છે : **'મુઝે નીંદ ન આયે, મુઝે ચૈન ન આયે...'**

આ ગીત તો ફિલ્મી છે, પણ આ ઊંઘ ન આવવાવાળી વાત ઘણા માટે એક માથાનો દુઃખાવો બની જાય છે.

- **ઊંઘ કેમ જરૂરી છે?**

'મીઠા લાગ્યા તે મને આજના ઉજાગરા...' એવું દરેક વખતે આપણે કહી શકતા નથી કેમકે શ્વાસ લેવા, ખાવા અને પીવાની જેમ જ, ઊંઘ એ માનવીની એક આવશ્યક જરૂરિયાત છે. તે વ્યક્તિની બીજા દિવસ માટે આરામદાયક અને ઊર્જાવાન અનુભવવાની ક્ષમતા પર અસર કરે છે અને દિવસ દરમિયાન આવતી ઊંઘને ઘટાડે છે. ગુણવત્તાયુક્ત ઊંઘ માનસિક અને શારીરિક સ્વાસ્થ્યને જાળવવામાં મદદ કરે છે અને જીવનની એકંદર ગુણવત્તામાં સુધારો કરે છે.

ઊંઘ માનવ વિકાસમાં પણ ફાળો આપે છે. આ કારણોસર, શિશુઓ, બાળકો અને કિશોરોને પુખ્ત વયના લોકો કરતાં વધુ ઊંઘની જરૂર હોય છે. બીમારીને રોકવા અથવા બીમારી કે ઈજામાંથી સાજા થવા માટે તમામ ઉંમરના લોકોને ઊંઘની જરૂર હોય છે.

- **ઊંઘ ન મળવાથી શું અસર થાય?**

સરખી ઊંઘ ન મળવી અથવા ઊંઘનો અભાવ ઘણી નકારાત્મક અસરો પેદા કરી શકે છે. આ અસરો શારીરિક હોઈ શકે છે, જેમાં સ્ટ્રોક, હૃદયરોગ અને હાઈ બ્લડ પ્રેશરનું જોખમ વધવાનો સમાવેશ થાય છે. નકારાત્મક અસરો માનસિક પણ હોઈ શકે છે, જેમ કે ચીડિયાપણું વધવું અથવા ચિંતા કે હતાશા (ડિપ્રેશન) વિકસવી.

ગુણવત્તાયુક્ત ઊંઘનો અભાવ તમારી અથવા અન્યની સુરક્ષા પર પણ અસર કરી શકે છે. ભારતના આક્રમક વિકેટકીપર-બેટ્સમેન ઋષભ પંતનો અકસ્માત યાદ છે? કહેવાય છે કે મોડી રાત સુધી જાગ્યા પછી વાહન ચલાવવાના કારણે જ એ અકસ્માત થયો હતો.

ઊંઘ પૂરી થયા વિના વાહન ચલાવવાથી અકસ્માત, ઈજા કે મૃત્યુ પણ થઈ શકે છે. પૂરતી ઊંઘ ન મળે તો વિદ્યાર્થીઓના અભ્યાસ ઉપર પણ અસર પડે છે. અપૂરતી ઊંઘ પછી નોકરી-ધંધે જનારા પૂરતી ઊર્જા સાથે કામ કરી શકતાં નથી.

- **કયાં પરિબળો ઊંઘ પર અસર કરે છે?**

ઊંઘની ગુણવત્તા પર અસર કરનાર ઘણા પરિબળો છે જેમકે,

- **ઊંઘનું ચોક્કસ સમયપત્રકઃ** દરરોજ એક જ સમયે સૂવા જવાથી અને જાગવાથી ઊંઘમાં સુધારો થઈ શકે છે.
- **ઊંઘનું વાતાવરણઃ** બેડરૂમ શાંત અને અંધારું હોવું જોઈએ, જેમાં વધુ પડતી લાઇટ્સ ન હોય. ટીવી, કમ્પ્યુટર અને ફોન જેવા ઇલેક્ટ્રોનિક્સમાંથી નીકળતો વાદળી પ્રકાશ સતર્કતા વધારે છે અને સૂવાના થોડા કલાકો પહેલાં તેને ટાળવો જોઈએ.
- **વધુ પડતું કેફીન અથવા આલ્કોહોલ પીણુંઃ** આ પીણાં વ્યક્તિની ઊંઘી જવાની અથવા ઊંઘી રહેવાની ક્ષમતામાં દખલ કરી શકે છે.
- **દવાઓઃ** કેટલીક પ્રિસ્ક્રિપ્શન દવાઓ, જેમ કે મૂત્રવર્ધક દવાઓ (diuretics), પેશાબ કરવા માટે વારંવાર શૌચાલય જવાની જરૂરિયાત વધારે છે, જેના કારણે રાત્રે ઊંઘમાં ખલેલ પહોંચી શકે છે અને વ્યક્તિ જાગી શકે છે. ઊંઘ લાવવાની દવાઓ - પછી ભલે તે ડોક્ટરની સલાહ વિના સીધી મળતી (OTC) હોય કે ડોક્ટર દ્વારા સૂચવવામાં આવી હોય - તેનાથી દિવસ દરમિયાન ઊંઘ આવવી અને અન્ય આડઅસરો થઈ શકે છે.
- **નસકોરાંઃ** જોકે અમુક અંશે નસકોરાં આવવા સામાન્ય છે, પરંતુ વધુ પડતાં નસકોરાં વ્યક્તિની પોતાની ઊંઘ અથવા તેમના જીવનસાથીની ઊંઘને અસર કરી શકે છે. આ પ્રકારના નસકોરાં 'ઓબ્સ્ટ્રક્ટિવ સ્લીપ એપિનયા' (OSA) નું લક્ષણ હોઈ શકે છે.
- **ઊંઘને લગતી સમસ્યાઃ**

અનિદ્રા (insomnia) જેવી સમસ્યાઓને કારણે ઊંઘ આવવામાં કે ઊંઘ જાળવી રાખવામાં મુશ્કેલી પડી શકે છે અને ઊંઘની ગુણવત્તા નબળી પડી શકે છે. ડરામણાં સપનાં અને વારંવાર ઊંઘમાંથી જાગી જવું - જે ઊંઘની ગુણવત્તાને અસર કરે છે - તે 'નાર્કોલેપ્સી' (narcolepsy) ના રાત્રિ દરમિયાન જોવા મળતાં લક્ષણોમાં સામેલ છે.

- **ઊંઘની ગુણવત્તા કેવી રીતે નક્કી થાય?**

ઘણાનું એવું માનવું હોય છે કે અમે ઓછું ઊંઘીએ છીએ, પણ અમારી ઊંઘ સારી હોય છે. બીજી બાજુ ઘણા એવી માન્યતા ધરાવે છે કે ઓછું ઊંઘતા હોય તેમની ઊંઘ યોગ્ય નથી હોતી. તેનાથી બરાબર ઊંધું વધુ ઊંઘનાર માટે પણ મનાય છે. તો હકીકતમાં ઊંઘની ગુણવત્તા નિષ્ણાતોના મતે કેવી રીતે મપાય છે?

જોકે ઊંઘ આવવામાં લાગતો સમય વ્યક્તિએ-વ્યક્તિએ અલગ હોઈ શકે છે, પરંતુ 'ઇન્સોમ્નિયા સિવિયરિટી ઇન્ડેક્સ' (અનિદ્રાની ગંભીરતા માપતું સૂચકાંક) મુજબ, તમારી ઊંઘ નબળી છે, તેવું કહી શકાય જો...

પથારીમાં પડ્યા પછી તમને ઊંઘ આવવામાં ૩૦ મિનિટથી વધુ સમય લાગે છે....તમે નિયમિતપણે રાત્રે એકથી વધુ વાર જાગી જાઓ છો....રાત્રે વચ્ચે જાગી ગયા પછી તમે ૨૦ મિનિટથી વધુ સમય સુધી જાગતા રહો છો....તમે પથારીમાં વિતાવેલા સમયના ૮૫ ટકાથી ઓછો સમય જ ઊંઘી શકો છો. આ ઉપરાંત તમે થાક અનુભવો છો અને દિવસ દરમિયાન ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી અનુભવો છો.

શું તમને વારંવાર ઝોકાં આવે છે અથવા તમે વારંવાર ટૂંકી ઊંઘ (નેપ) લો છો?

સવાલ એ છે કે સારી ઊંઘ કેવી રીતે આવે, અથવા તેને માટે શું કરવું? તેની ચર્ચા આપણે હવે પછી આવતા સપ્તાહે કરીશું... ■

સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ સર્વોપરી
૨૦૫ વર્ષથી સતત પ્રગટ થતું માતૃભાષાનું મશાલચી
મુંબઈ સમાચાર
દર સપ્તાહે પીરસે છે રંજક વાંચનનો રસથાળ
વાંચો અને વંચાવો
સોમવાર - ધર્મ તેજ - આધ્યાત્મિક ચેતનાની જ્યોત
મંગળવાર - તરોતાજા - મનોમંથન સ્વસ્થતાના ઉપાયોનું
બુધવાર - ઈન્ટરવલ - થોડું પ્રાસંગિક, થોડો કટાક્ષ
ગુરુવાર - પુરુષ લાડકી - સંવેદના-સમસ્યા નર-નારીની
શુક્રવાર - મેટિની - મનોરંજન, મનોરંજન અને માત્ર મનોરંજન
શનિવાર - વીકએન્ડ - વાત સ્થાપત્ય, રમત-ગમત અને મુસાફરીની
રવિવાર - ઉત્સવ - અફલાતૂન લેખકો, અફલાતૂન પૂર્તિ



# હું, સોનલ ઝવેરી

માવજી મહેશ્વરી

પ્રકરણ ૪૩

> યુ આર રીયલી અ જેન્ટલમેન. હું આજીવન તમારી ઋણી રહીશ. એક પ્રોમીસ કરો કે મને કદી ફોન નહીં કરો, પણ તમારા નંબર બદલાવતા નહીં. હું ક્યારેક તમને મળવા આવીશ...!

બોલતાં બોલતાં સોનલ હાંફી ગઈ હોય તેમ ઊંડા શ્વાસ ભરવા લાગી. અચાનક રત્નાકરજી ‘ઓહ! માય ગોડ’ કહી સોનલના ચહેરા સામું એકધારું જોઈ રહ્યા. સનતની હાલત વિચિત્ર હતી. તે આખીય ઘટનામાં સામેલ હતો, તોય જાણે બહાર હતો. એને એવુંય લાગતું હતું કે સોનલ હવે એ સોનલ નથી, જે ટ્રેનમાં હતી, જે હોટેલના રૂમમાં હતી. ઓકે એ કાર તમે દિલ્હી એરપોર્ટ ઉપર જ મૂકી આવ્યા એમ ને? જો એ કાર પોલીસના ધ્યાને આવશે તો એ લોકો માટે કબજો મેળવવાનું મુશ્કેલ બનશે. અચ્છા કારના નંબર યાદ છે?

સોનલ વિલાયેલું હસી પડતાં બોલી, ‘દાદાજી નંબર જોવાનો કોની પાસે સમય હતો. પણ અહીં આવી છું ત્યારે વિચારું છું કે હું એજ સોનલ છું જે ગઈ કાલે હતી?’

મને ગણપત દ્વારા જે વાત મળી છે એ હિસાબે મોટાભાગનું મેં વિચારી લીધું છે. ‘બે રસ્તા છે. એક આપણે એ બધા ઉપર સીધે સીધી ફરિયાદ નોંધાવી દઈએ. બીજું પહેલા એ લોકો સાથે વાત કરી લઈએ. એટલે કે વકીલ કરશે.’

‘શા માટે?’ સોનલ ઉતાવળે બોલી ગઈ. પછી જરા અટકીને બોલી, ‘મને જરા સમજાવો.’

તું નામજોગ ફરિયાદ કરી શકે. જે થયું તે બધું જણાવી દેવું પડે.

સોનલ વચ્ચે જ બોલી પડી, ‘દાદાજી સૌથી મોટી વાત તો રહી ગઈ. એમનો એક મોબાઈલ ફોન અનાયાસે મારા હાથમાં આવી ગયો છે. સનત એ ફોન ક્યાં છે?’ સોનલની આંખો ચમકતી હતી. જાણે ઘણા સમય પછી વાત કરવાનો અવસર મળ્યો હોય તેમ સનતે કહ્યું, ‘એ તો તમારી બેગમાં છે. એનો સીમ પણ આપણે કાઢી લીધો છે ને.’

‘વ્હોટ? છોકરી તને ખબર છે તું કેવું પરાક્રમ કરીને આવી છે? એ મોબાઈલ ફોન આપણાં બધાં કામ આસાન કરી દેશે. સાંભળ આજે આપણે ઘેર જઈએ. તારા આ મિત્રને કાલે મુંબઈ બતાવવાની વ્યવસ્થા કર.’ રત્નાકરજીના હોઠ ઉપર ન સમજાય તેવું સ્મિત રમી રહ્યું. સોનલે સનત સામે જોયું. સનતે બારીના કાચ સામે જોયા કર્યું, ‘દાદાજી હું જાણવા માગું છું તમે શું કરવા ધારો છો?’

‘એ બધા નાલાયકોને જેલ ભેગા કરવા ધારું છું.’

સોનલ અકારણ ચૂપ થઈ ગઈ. તેણે એક ઊંડો શ્વાસ લીધો અને અભિજિત સામે જોઈને કહ્યું, ડૉક્ટર ક્યારે ડિસીસન આપશે? આપણે જમી આવીએ તો? એક કામ કરો પહેલા તું અને સનતભાઈ જમી આવો. હું ત્યાં સુધી વિચારી લઉં.’ કોઈ ઊઠે તે પહેલા સનત ઊઠી ગયો. તે અસ્વસ્થ હતો એ દેખાઈ આવતું હતું. રૂમની બહાર નીકળતાં જ સોનલે સનતનો હાથ પકડતાં કહ્યું, ‘આટલા નર્વસ થઈ જવાનું કારણ શું છે? એકલું ફીલ કરો છો કે કોઈ મૂર્ખાઈ કર્યાના વિચાર આવે છે?’

‘એક વાત તો એ છે કે હું સામાન્ય માણસો વચ્ચે જ રહ્યો છું એટલે એટીકેટવાળા અને શ્રીમંત માણસો વચ્ચે મુંઝાઈ જાઉં છું. બીજું જો પોલીસની મેટર થશે તો મારું પણ નામ આવશે. મારી કંપનીને ખબર પડશે તો મારી નોકરી જશે સાથે મારે વારંવાર અહીં આવવું પડશે.’

‘તો બીક લાગે છે એમને?’ સોનલે તોફાની અવાજમાં કહ્યું.

‘તમને મસ્તી સુઝે છે અને મારો જીવ જાય છે. હું શા માટે તમને તાબે થતો રહ્યો તેની મને ખબર નથી. પણ હવે ખરેખર બીક લાગે છે.’

સોનલે સનતનો હાથ પકડીને અને લિફ્ટનું બટન દબાવ્યું. સનત નીચે જતી લિફ્ટની ધ્રુજારી અનુભવતો રહ્યો. સોનલ સનતના ચહેરા ઉપર આવતા જતા ભાવોને જોઈ રહી હતી. તેણે સનતના બૂટ ઉપર પોતાનો પંજો દબાવી જરા મલકતા કહ્યું, ‘આપણે ખાવા જઈએ છીએ સમજ્યા? ખાવા પહેલા બીકના વિચારો ન કરવા જોઈએ અને બીજી એક વાત કહું? તમે ખરેખર હિંમતવાળા છો. બીકણ નથી. હવે તો આમેય આપણને કશુ થવાનું નથી. ચિંતા ન કરો. તમે સાંભળ્યું ને દાદાજીએ તમને મુંબઈ બતાવવાનું કહ્યું છે. એટલે તમને મજા આવે એટલા દિવસ મુંબઈની મોજ માણો. તમારા માટે મસ્ત હોટેલ અને ગાડીની વ્યવસ્થા થઈ જશે.’

‘એટલે મારે એકલા એકલા ફરવાનું એમને?’

‘ઓહ સ્વીટ ચાઈલ્ડ. તમે તરત દુઃખી થઈ જાવ છો. ડોન્ટ વરી ડિયર.’ સનતે એકદમ સોનલની સામે જોયું. સોનલે નેણ ઉપર ચડાવ્યા. સનતે કંઈક વિચાર્યું. તેને મનોમન હસવું આવ્યું.

* * *

રાતે ઘસઘસાટ ઊંઘ્યા પછી સનત સવારે પરવાર્યો ત્યાં સુધીમાં નવ વાગી ગયા. તેની સાથેનો ડ્રાઈવર બદ્રી યુવાન અને કંઈક વાતોડિયો પણ હતો. જોકે આગલા દિવસે રાતે સોનલે એને કહેલું, ‘બદ્રી, સાહબ કો મુંબઈ દિખાના હૈ. કલ સુબહ જલદી હોટેલ પર પહૂંચ જાના.’ હોટેલ રત્નાકરજીના ઘરથી ખાસ્સી દૂર હોય એવો અંદાજ તેણે લગાવ્યો હતો. રાતે તેને એવો વિચાર આવ્યો હતો કે પોતાની કંપનીમાં મેલ કરીને જાણ કરી દે કે એ બે દિવસની રજા લેશે. પણ એ વાત રાતે થાકના કારણે ભૂલાઈ ગઈ. તેણે સોનલને ફોન જોડ્યો પણ એ ફોન બંધ આવતો હતો. સનતને ઈચ્છા હતી કે તે સોનલની થોડી મસ્તી કરે. જોકે આગલા દિવસથી સોનલ બદલાઈ ગઈ હતી. તે છૂટા પડ્યા ત્યાં સુધી રત્નાકરજી સાથે ચર્ચા કરતી રહી હતી. તેણે બદ્રીને ફોન લગાવ્યો. પહેલી જ રીંગમાં બદ્રીએ ફોન ઉપાડતાં કહ્યું, ‘ગુડ મોર્નિંગ સર. મૈં નીચે આપકા વેઈટ કર રહા હૂં. આપ નીચે આતે હૈં ના? હા આતા હૂં.’ એવો ટુંકો જવાબ આપીને સનતે નીકળતાં પહેલા ફરી એકવાર સોનલને ફોન કર્યો પણ તેનો ફોન બંધ આવતો હતો. સનતને ન ગમ્યા જેવું થયું. બદ્રીએ સનતને બપોર સુધીમાં તો કેટલુંય ફેરવ્યો. બપોર પછી સનતે સોનલને ઉપરા ઉપરી ફોન કર્યે રાખ્યા પણ સોનલનો ફોન બંધ આવતો રહ્યો. ચારેક વાગે તેણે બદ્રીને કહ્યું, ‘બદ્રી દેખો સોનલ મેડમકા ફોન બંધ આ રહા હૈ. મુજે ઉનસે મિલના જરૂરી હૈ. તું ઉનકે ઘર યા ઓફિસ લે ચલો.’ પરંતુ ડ્રાઈવર બદ્રીએ જે જવાબ આપ્યો તે સાંભળી સનતને પહેલા ઝાટકો લાગ્યો. તેને સમજાતું ન હતું કે સોનલે બદ્રીને એવી સૂચના શા માટે આપી સહશે કે સનતને આજે આખો દિવસ ફેરવજે પણ ઘેર કે ઓફિસે ન લઈ આવજે અને કોઈના નંબર પણ ન આપજે.

* * *

બીજા દિવસની સવારે મુંબઈમાં જાણે ધડાકો થયો. હીરા બજારની જાણીતી પેઢી એમ. વી. એન્ટરપ્રાઈઝની તમામ મિલકતનું ટ્રસ્ટ બનાવી દેવાની જાહેરાત સાથે જ આખાય મુંબઈની માર્કેટમાં હો હા મચી ગઈ. છાપાંઓએ પહેલા પાને આ સમાચાર વિગતવાર છાપ્યા હતા. સાથે સાથે એમ. વી. એન્ટરપ્રાઈઝની માલિક સોનલ ઝવેરીના ફોટો સાથે પ્રથમ પાને જાહેરાત હતી. આ પેઢીનું શા માટે ટ્રસ્ટ બનાવી દેવામાં આવ્યું છે તે આખીય વાત એ જાહેરાતમાં દર્શાવી હતી. ટીવી મીડિયાએ પણ સવારથી આ પેઢીની મિલકતનું ટ્રસ્ટ બનાવી દેવાયાના સમાચાર રસપૂર્વક ચલાવ્યા કરતા હતા. કેટલાક પત્રકારોએ પેઢીની માલિક સોનલ ઝવેરીની મુલાકાત લેવા સવારથી તાકમાં બેઠા હતા. પણ ન તો સોનલ કોઈને મળતી હતી કે ન સોનલનો ફોન લાગતો હતો. પેઢીના કર્મચારીઓની નિંદર જ ઊડી ગઈ હતી. તેમણે પણ સોનલને સોલિસીટર રત્નાકરજીને ફોન કરતા રહ્યા હતા, પણ કોઈને ફોન લાગતો ન હતો. જેમ જેમ દિવસ ચડવા માંડ્યો તેમ તેમ આગની જેમ એમ. વી. એન્ટરપ્રાઈઝના સમાચાર ફેલાતા રહ્યા. વેપારી આલમમાં ખળભળાટ હતો પણ કોઈ ખુલ્લીને કહેતું ન હતું. એની વચ્ચે ટીવી ઉપર સોનલ ઝવેરીની પત્રકાર પરિષદ બોલાવવાની જાહેરાત થઈ અને હવાની રૂખ બદલી ગઈ. કરોડોનો કારોબાર કરતી કોઈ કંપની અચાનક પોતાનો ધંધો સંકેલી બધીય મિલકતનું ટ્રસ્ટ બનાવી દે એ વાતના મૂળમાં જરૂર કોઈ સનસનાટી હશે એવું વિચારતી અખબારી આલમ સોનલ માટે અનેક જાતના પ્રશ્નોનું લિસ્ટ લઈને બેસી ગઈ હતી. મુંબઈની ઝવેરી બઝાર અને મીડિયા બેય ઊંચા જીવે વાટ જોઈ રહ્યા હતા. આખરે એ સમય આવ્યો જ્યારે સોનલ ઝવેરી ખુદ પ્રેસ સામે આવી. કેટલાકને એ વાત સમજાતી નહોતી કે આવડી મોટી કંપનીની માલિક આટલી નાની ઉંમરની હશે. કંપનીના સોલિસીટર રત્નાકર વોરા સામે બેઠા હતા. રત્નાકરજીએ પોલીસ અને વકીલો સાથે રાખીને એવા પાસાં ફેંક્યા કે ચોવીસ કલાકમાં બધાની શાન ઠેકાણે આવી ગઈ. જોકે ટ્રસ્ટ બનાવતા પહેલાં કર્મચારીઓ અને મણિરામ ઝવેરીના વારસદારો માટે કેટલીક મિલકત અલગ રાખેલી હતી. પત્રકારોની વિંધી નાખતી નજર અને કેમેરાની ફ્લેશ સામે સ્વસ્થ બેઠેલી સોનલને અચાનક યાદ આવ્યું કે સનત અકળાઈ ગયો હશે. તેને હવે જાણ કરવી જરૂરી છે. તેણે રત્નાકરને પાસે બોલાવીને ધીમેથી કાનમાં કશુંક કહ્યું. રત્નાકર વોરાએ એક વ્યક્તિને કશીક સૂચના આપી. અડધાએક કલાકમાં સનત આવ્યો અને એને જે દેખાયું તે જોઈને અચંબિત થઈ ગયો. સોનલ માઈકના ખડકલા સામે સ્વસ્થ બેસી પત્રકારોને માહિતી આપી રહી હતી. તે સોનલનો અવાજ સાંભળાતો બેસી રહ્યો. તેને થોડું થોડુ સમજાવા લાગ્યું. પણ તેને એ સમજાતું ન હતું કે માત્ર બે દિવસમાં ખેલ પડયો કઈ રીતે? પેલો ભેરુજી, ડ્રાઈવર, સોનલના નાલાયક ભાઈઓ, એની ખુરાંટ મા, એનો રંગીન મિજાજી બાપ એ બધાં ક્યાં છે? હવે એ બધા શું કરશે? ફાંકડા અંગ્રેજીમાં બોલતી સોનલને જોઈ તેને એ વિચાર પણ આવ્યો કે આ સોનલ જેને ખેરખાં પત્રકારો સાંભળી રહ્યા છે તેણે મારી સાથે એક જ બર્થ ઉપર મુસાફરી કરી છે. એક જ બેડ ઉપર ભેગી સૂતી છે. આ સપનું છે કે હકીકત? એક તરફ તેને રાજીપો થતો હતો જ્યારે બીજી તરફ એક વિષાદ જાગતો હતો કે હવે સોનલ ક્યારેય નહીં મળે. આ સોનલ જુદી છે જ્યારે એ સોનલ જુદી હતી. એ સોનલ એક સપનું હતી. આ સોનલ હકીકત છે.

* * *

અમદાવાદ એરપોર્ટની બહાર આવેલા સનતે આકાશ સામે જોયું. બપોર તપવા માંડ્યા હતા. તેનું મન જરા ઉદાસ હતું. પત્રકાર પરિષદ પૂરી કરી સોનલે રત્નાકરજી સાથે બેઠક કરી. આઠ વાગે તેણે સામેથી આવીને કહ્યું, ‘સનત ભૂખ નથી લાગી?’ સનત જાણે રાહ જ જોઈ રહ્યો હતો. સોનલ તેની સાથે એકલી હોટેલ મૂકવા આવી હતી. બંને જણાએ ડિનર સાથે લીધું. સનતને તો કેટલુંય પૂછવું હતું. પણ જાણે તે સોનલથી અંજાઈ ગયો હોય એવું લાગતું હતું. જમ્યા પછી પૂરા બે કલાક વાતો કરી. જતી વખતે સનતને ભરપૂર આલિંગન આપીને કપાળ ઉપર ચુંબન કરતા સોનલે કહેલું, ‘યુ આર રીયલી અ જેન્ટલમેન. હું આજીવન તમારી ઋણી રહીશ. એક પ્રોમીસ કરો કે મને કદી ફોન નહીં કરો. પણ તમારા નંબર બદલાવતા નહીં. હું ક્યારેક તમને મળવા આવીશ.’

સનતને અચાનક જ યાદ આવ્યું કે જતી વખતે સોનલે કહેલું તમારી બેગમાં એક નાનકડી ભેટ છે ત્યાં પહોંચીને જોજો. સનતથી રહેવાયું નહીં તેણે એક રેલિંગનો ટેકો લઈને બેગના તળિયે હાથ નાખી ફંફોસ્યું. સિંદૂરની નાનકડી ડબ્બી જેવું આંગળીઓને અડ્યું. તેણે ઝડપથી ડબ્બી કાઢી ખોલીને જોયું તો તેની આંખો ફાટી રહી. તેણે સાચા હીરાને આટલા નજીકથી પહેલીવાર જોયા હતા. ઘડીભર પરસેવો વળી આવ્યો. તેણે ઝડપથી ડબ્બી અંદર મૂકી દીધી. સોનલને ફોન કરવા ખીસ્સામાંથી સેલફોન કાઢ્યો, આસપાસ શબ્દો પડઘાઈ રહ્યા, પ્રોમીસ કરો કે મને કદી ફોન નહીં કરો.

સનતની આંખો સામે સોનલ ઝવેરી રમી રહી.

(સમાપ્ત)■

## આભાર... વાચક મિત્રો

*‘મુંબઈ સમાચાર’માં પ્રસિધ્ધ થયેલી મારી નવલકથા ‘હું સોનલ ઝવેરી’ને વાચકોએ વધાવી લીધી એનો આનંદ છે. હું ‘મુંબઈ સમાચાર’ના તંત્રી શ્રી નીલેશ દવે, મેગેઝિન એડિટર ભરત ઘેલાણી તથા સમગ્ર સ્ટાફનો આભારી છું.*

*ફરી મળશું...*

*- માવજી મહેશ્વરી*

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ગુણદોષ | APPRECIATIVE |
| ગુણગ્રાહી | RATIO |
| ગુણધર્મ | VIRTUOUS |
| ગુણવંતી | GOOD - BAD |
| ગુણોત્તર | QUALITY |

### માતૃભાષાની મહેક

પારકા અને પોતાના એ મનુષ્ય સમાજની સર્વકાલીન લાક્ષણિકતા છે. પારકે ઘેર પહોળા અને પોતાને ઘેર સાંકડામાં વૃત્તિનું દર્શન થાય છે. બીજાના ઘરે હોઈએ ત્યારે ઉદાર થવું, મોટું મન રાખીને મહાલવું અને પોતાના ઘરે કોઈ પરોણો આવે ત્યારે મન સંકુચિત રાખી અને રાખવું એવું જોવા મળતું હોય છે.

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ GAMOPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) ગામડું  બ) રમત  ક) લગ્ન  ડ) વાતાવરણ

### ઈર્શાદ

*આ ચરણને ચાલવાનો અર્થ સમજાયો પછી, પર્વતો રસ્તા થયા ક્યારે, ખબર પણ ના રહી.*

*-- શ્યામ ઠાકોર*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ | | ૬ |
| ૭ | | | ■ | ૮ | | ■ | | ■ | |
| | ■ | | ■ | ■ | | ■ | ૯ | | |
| ■ | ૧૦ | | ■ | ૧૧ | | ૧૨ | ■ | ■ | |
| ૧૩ | | ■ | ૧૪ | ■ | ■ | ૧૫ | | ૧૬ | ■ |
| ■ | ૧૭ | | | ■ | ■ | | ■ | ૧૮ | |
| ૧૯ | ■ | ■ | ૨૦ | ૨૧ | | ■ | ૨૨ | | ■ |
| ૨૩ | | ૨૪ | ■ | | ■ | ■ | | ■ | ૨૫ |
| | ■ | | ■ | ૨૬ | | ■ | ૨૭ | ૨૮ | |
| ૨૯ | | | | | ■ | ૩૦ | | | |

**આડી ચાવી**

૧. ભાઈબહેન વગેરે સ્વજન (૪)
૪. વિરુદ્ધતા, સામનો (૫)
૭. ભ્રાંતિ (૩)
૮. --- સમય કદી પાછો ન આવે (૨)
૯. સુકાની, વહાણવટી (૩)
૧૦. ઉકળાટ, બફારો (૨)
૧૧. --- તેવી બરકત (૩)
૧૩. જમીન (૨)
૧૫. પિતા, બાપ (૩)
૧૭. ચીથરાં, લૂગડાના ડૂચા (૩)
૧૮. વાણી, બોલી (૨)
૨૦. કમળ (૩)
૨૨. તોર, મગરૂરી (૨)
૨૩. લાંચ (૩)
૨૬. કાળું, આસમાની (૨)
૨૭. વસ્તુઓ વેચવા વેપારી જ્યાં બેસે તે જગા (૩)
૨૯. પાલન પોષણ (૫)
૩૦. બીકણ (૪)

**ઊભી ચાવી**

૧. સ્વાદ વગરનું, ખારું (૩)
૨. ભય, બીક (૨)
૩. નૂપુરનો અવાજ (૪)
૪. કારણ, હેતુ (૪)
૫. વ્યવસ્થા, ગોઠવણ (૩)
૬. સોનાચાંદી કસબ કરનાર (૪)
૧૦. જખમી (૩)
૧૨. તાકીદ, ધમકી (૩)
૧૪. વારસો (૩)
૧૬. ધર્મશાળા (૩)
૧૯. સંતાપ (૪)
૨૧. દરરોજના કામની નોંધપોથી (૪)
૨૨. સૂરવીર, હિંમતવાન (૪)
૨૪. નાનું સરોવર (૩)
૨૫. કાળજી (૩)
૨૮. ચીરો, કાપ (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ગૂ | ડી | ૨ પ | ડ | ૩ વો | ■ | ૪ ભાં | ભ | ૫ ર | વું |
| ર્જ | ■ | રા | ■ | ૬ હ | ૭ વે | ડો | ■ | સ | ■ |
| ૮ ર | ૯ જો | ય | ણો | ■ | ર | ■ | ૧૦ ચ | મ | ૧૧ ન |
| ■ | ૧૨ ગ | ણ | ■ | ૧૩ નિ | વૃ | ત્તિ | ■ | ■ | ખ્ખો |
| ■ | વા | ■ | ■ | ■ | ત્તિ | ■ | ૧૪ બિ | ૧૫ રુ | દ |
| ૧૬ ર | ઈ | સ | ■ | ૧૭ અ | ■ | ■ | ■ | ખ | ■ |
| જો | ■ | ■ | ૧૮ ઊ | ણ | પ | ■ | ૧૯ પા | સ | ■ |
| ૨૦ ટી | ૨૧ ખ | ળ | ■ | ન | ■ | ૨૨ બિ | રા | દ | ૨૩ ર |
| ■ | લ | ■ | ૨૪ ભો | મ | ૨૫ કા | ■ | વા | ■ | જ |
| ૨૬ બ | ક | વા | ટ | ■ | ૨૭ ખ | ત | ર | ના | ક |

### ઓળખાણ પડી?



દેખાવે નાસપતિને મળતું આવતું ઈસ્કૂસ તરીકે ઓળખાતું શાક કયા રાજ્યમાં મુખ્યત્વે જોવા મળે છે? ફાઈબર-વિટામિન ભરપૂર હોય છે.

અ) ગોવા  બ) રાજસ્થાન  ક) સિક્કિમ  ડ) ગુજરાત

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘મલીદો કીધો મેં, ખાસડાં ખાધાં તેં’ પંક્તિમાં ખાસડાં શબ્દનો અર્થ જણાવો.

અ) ખોરાક  બ) મારપીટ  ક) ખારેક  ડ) જૂતા

### માઈન્ડ ગેમ

રાજા હરિશ્ચન્દ્રના વંશ સાથે સંકળાયેલો અને વાસ્તુશિલ્પ માટે ખ્યાતિ ધરાવતો રોહતાસ કિલ્લો કયા રાજ્યમાં છે?

અ) હિમાચલ પ્રદેશ  બ) તમિળનાડુ  ક) મહારાષ્ટ્ર  ડ) બિહાર

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | ૪ | | | | | |
| ૬ | | | ૯ | | ૭ | ૩ | | |
| | | ૭ | ૫ | | | | ૧ | |
| ૭ | ૮ | ૨ | | | | | | |
| | ૪ | | ૨ | | ૬ | | ૩ | |
| | | | | | | ૫ | ૯ | ૨ |
| | ૫ | | | | ૮ | ૨ | | |
| | | ૪ | ૭ | | ૩ | | | ૯ |
| | | | | | ૫ | | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ.

### સુડોકુ-ગયા વખતનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧ | ૭ | ૫ | ૮ | ૨ | ૯ | ૩ | ૬ |
| ૨ | ૬ | ૯ | ૩ | ૧ | ૭ | ૪ | ૫ | ૮ |
| ૮ | ૫ | ૩ | ૯ | ૪ | ૬ | ૧ | ૭ | ૨ |
| ૧ | ૭ | ૪ | ૬ | ૩ | ૮ | ૨ | ૯ | ૫ |
| ૬ | ૨ | ૫ | ૧ | ૭ | ૯ | ૩ | ૮ | ૪ |
| ૩ | ૯ | ૮ | ૪ | ૨ | ૫ | ૬ | ૧ | ૭ |
| ૯ | ૩ | ૬ | ૭ | ૫ | ૪ | ૮ | ૨ | ૧ |
| ૫ | ૮ | ૧ | ૨ | ૬ | ૩ | ૭ | ૪ | ૯ |
| ૭ | ૪ | ૨ | ૮ | ૯ | ૧ | ૫ | ૬ | ૩ |

### ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ગુચ્છ | BUNCH |
| ગુણ | QUALITY |
| ગુણકારી | PROFITABLE |
| ગુણગાન | PRAISE |
| ગુણાકાર | MULTIPLICATION |

**ગુજરાત મોરી મોરી રેઃ** લખાણ

**ઓળખાણ પડી?** ટિંડા

**માઈન્ડ ગેમ :** ઓડિશા

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ** વડીલ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) ભરત કજરિયા (૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) શ્રદ્ધા આશર (૯) ધીરેન્દ્ર ઉદેશી (૧૦) મીનળ કાપડિયા (૧૧) મહેશ એન. સંઘવી (૧૨) લજિતા ખોના (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) કુંદન કે. મારુ (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) ભાવના કર્વે (૧૯) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૦) વિણા સંપટ (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) અંજુ ટોલિયા (૨૩) કમલ માતલિયા (૨૪) અરવિંદ કામદાર (૨૫) અલકા વાણી (૨૬) ડાયના સંતોકે (૨૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૮) નિતીન જયંતીલાલ બજરિયા (૨૯) મનીષા શેઠ (૩૦) ફાલ્ગુની શેઠ (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) હિનાબેન દલાલ (૩૩) ઈનાક્ષીબેન દલાલ (૩૪) રમેશભાઈ દલાલ (૩૫) સુભાષ મોમાયા (૩૬) નીતા દેસાઈ (૩૭) પુષ્પા પટેલ (૩૮) તાહેર ઔરંગાબાદવાલા (૩૯) શીરીન ઔરંગાબાદવાલા (૪૦) મહેશ દોશી (૪૧) પ્રવીણ વોરા (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી

હેલ્થને હેમખેમ રાખો

મિતા બાવીસી

feedback@
bombaysamachar.com

# નાની બીમારી પજવે ત્યારે તંદુરસ્તી રાખો તમારા હાથમાં

## સંપૂર્ણ તંદુરસ્તી માટેના સરળ-સચોટ ઘરગથ્થુ ઉપાય અજમાવો...



* પેશાબ ઓછો થતો હોય કે બંધ થયો હોય તો તાજી છાશમાં ગોળ નાખીને પીવાથી પેશાબ છૂટથી થાય છે.

પેશાબ અટકતો હોય તો મૂળાનો રસ પીવાથી પેશાબ છૂટથી થાય છે.

* અર્ધા તોલા લીંબુના બીજનું ચૂર્ણ કરી પાણી સાથે પીવાથી પેશાબ તરત છૂટે છે.

* પેશાબની બળતરા તથા અટકાયત થતી હોય તો ગરમ કરેલા દૂધમાં સાકર અને ચોખ્ખું ઘી નાખી પીવાથી રાહત થાય છે અને તકલીફ મટે છે.

* ચોખાના ધોવાણમાં સાકર તથા ચપટી સુરાખાર મેળવી પીવાથી પેશાબ ઓછો થતો હોય તો વધે છે. કોઇપણ કારણસર પેશાબ અટકતો હોય તો મટે છે.

* પેશાબ અટકી અટકીને થવો, વધુ થવા અને બળતરા સાથે થવામાં તલ ખાવાથી ફાયદો થાય છે.

* કેળનું ચાર પાંચ તોલા પાણી ગરમ કરેલા ઘીમાં નાંખીને પીવાથી બંધાયેલ પેશાબ તરત જ છૂટી જાય છે.

* રાત્રે ઘઉંને પાણીમાં પલાળી રાખી, સવારે વાટી, તેમાં સાકર નાખીને હલવો બનાવી ખાવાથી પેશાબ છૂટથી થાય છે.

* આમળાના ચૂર્ણમાં ઘી અને ગોળ મેળવી રોજ લેવાથી પેશાબની બધી તકલીફ મટે છે.

* પેશાબ અટકી અટકીને આવતો હોય તે એલચીનું ચૂર્ણ મધમાં ચાટવાથી પેશાબ સાફ અને છૂટથી આવશે.

* ૧૦૦ ગ્રામ દૂધમાં ખાવાનો સોડા એક ગ્રામ નાખી દિવસમાં બે વાર પીવાથી પેશાબની છૂટ થશે અને પેશાબની બળતરા દૂર થાય છે.

* જવને ખાંડીને તેની ઉપરનાં ફોતરાં કાઢી નાખી, જવદાણા કાઢી, તેને પાણીમાં ઉકાળી (૧ લિટર પાણીમાં ૧થી ૨ ચમચી જવદાણા નાખવા), જવ બફાઇ જાય એટલે ઉતારી લઇ પાણી ગાળી લેવું. જવનું આ પાણી આખો દિવસ પાણીની તરસ લાગે ત્યારે સાદા પાણીની જગ્યાએ પીવાથી પેશાબ અટકી અટકીને આવવો, પેશાબમાં બળતરા થવી, કિડનીનું શૂળ, મૂત્રાશયનું શૂળ, પથરી વગેરેમાં ફાયદો થાય છે.

* એલચી અને સૂંઠ સરખરે ભાગે લઇ દહીંના નીતર્યા પાણીમાં સિંધવ મેળવીને પીવાથી પેશાબ તરત છૂટે છે.

* જવ ઉકાળીને પાણી પીવાથી પેશાબ સાફ આવે છે અને પેશાબની બળતરા મટે છે.

* શેરડીનો રસ પીવાથી પેશાબ છૂટથી થાય છે, બળતરા મટે છે અને પેશાબમાં લોહી પડતું હોય તો તે પણ મટે છે.

* પાતળી છાશમાં બે આનીભાર સૂરોખાર નાખી પીવાથી પેશાબની બળતરા મટે છે.

* વરિયાળીનું શરબત બનાવી તેમાં જરાક સૂરોખાર નાખી પીવાથી પેશાબની બળતરા મટે છે.

* વરિયાળી અને ગોખરુનો ઉકાળો બનાવી પીવાથી પેશાબની બળતરા મટે છે.

* એલચીના ચૂર્ણને આમળાંના ચૂર્ણ સાથે કે આમળાંનો રસમાં લેવાથી પેશાબની સમસ્યા મટે છે.

* ચાર તોલા કાળી દ્રાક્ષને રાત્રે ઠંડા પાણીમાં પલાળી રાખી, સવારે મસળી, ગાળી, થોડા જીરાની ભૂકી નાખી પીવાથી પેશાબની ગરમી મટે છે અને પેશાબ સાફ આવે છે.

* આમળાંના રસમાં મધ અને હળદર નાખીને પીવાથી પેશાબમાં જતું પરુ બંધ થાય છે.

* સૂઠના ઉકાળામાં હળદર અને ગોળ નાખીને પીવાથી ધાતુસ્રાવ મટે છે તથા પેશાબ સાથે જતી ધાતુ બંધ થાય છે.

* એલચી અને શેકેલી હિંગનું ત્રણ રતી જેટલું ચૂર્ણ ઘી ને દૂધની સાથે લેવાથી પેશાબમાં ધાતુ જતી હોય તો બંધ થાય છે.

*અર્ધા તોલા જેટલું સૂંઠનું ચૂર્ણ ગાયના અર્ધા શેર દૂધમાં પીવાથી વેદના સાથે પેશાબમાંથી લોહી પડતું હોય તો બંધ થાય છે અને વેદના મટે છે.

* વારંવાર પેશાબ કરવા જવું પડતું હોય અજમો અને તલ ભેગા કરીને ખૂબ ચાવીને સવાર - સાંજ ખાવાથી આરામ મળે છે.

* આદુંના રસમાં ખડી સાકર મેળવી સવારે અને રાત્રે પીવાથી વારંવાર પેશાબ કરવા જવું પડતું હોય તો આરામ મળે છે.

* ક્યારેક ડાયાબિટીસ ન હોવા છતાં વારંવાર ખૂબ પેશાબ કરવા જવું પડે છે. તે માટે અડદની પલાળેલી દાળને વાટીને ઘીમાં શેકી, ખાંડ નાખીને શીરો બનાવીને સાત દિવસ આરામ થાય છે. આ શીરા પર દહીંમાં ખાંડ નાખી રોટલી સાથે ખાવાથી વધુ લાભદાયક બને છે.

* અર્ધી ચમચી અજમો અને અર્ધી ચમચી ગોળા મસળી મિક્સ કરી સવાર-સાંજ લેવાથી વારંવાક પેશાબ કરવા જવું પડતું હોય તો મટે છે.

* ક્યારેક ડાયાબિટીસ ન હોવા છતાં વારંવાર પેશાબ કરવા જવું પડતું હોય તો પેટ પર ડૂંટીની નીચે કોઇ પણ તેલનું માલિશ કરવું. પછી બાજરીને તાવડી પર ગરમ કરી કપડામાં બાંધી, પેટ, પેઢુ તથા કમર પર ૧૦-૧૫ મિનિટ રોજ શેક કરવાથી આરામ મળે છે.

* આમલી ૧૦ ગ્રામ લઇ, રાતે એક કપ પાણીમાં પલાળી. સવારે મસળીને પાણી કપડાથી ગાળવું, તે પાણીમાં આદુંનો રસ એકથી બે ચમચી તથા એક ચમચી ખાંડ મેળવી શરબત કરી સવાર-સાંજ પીવાથી વારંવાર પેશાબ કરવા જવું પડતું હોય તો તે અટકે છે.

* કાળા તલ ૨૫૦ ગ્રામ, ખસખસ ૧૦૦ ગ્રામ તથા અજમો ૧૦૦ ગ્રામને અધકચરા શેકી, ખાંડીને ચૂર્ણ બનાવી શીશીમાં ભરી રાખવું. તેમાંથી દરરોજ ૨થી૫ ગ્રામ ચૂર્ણ થોડી સાકર અને ચપટી હળદર મળવી સવાર-સાંજ બે વાર લેવાથી બહુ મૂત્ર રોગ (વારંવાર પેશાબ કરવા જવું પડતું હોય તે ) મટે છે.

* મેથી ત્રણ ભાગ, સૂંઠ એક ભાગ તથા અજમા એક ભાગનું ચૂર્ણ બનાવી મધ કે પાણીમાં દિવસમાં સવાર-સાંજ બે વાર લેવાથી બહુમૂત્ર રોગ મટે છે.

* આંબળાને હળદર સમભાગે લઇ કૂટીને તેમાં મિસરી મેળવીને પાણી સાથે લેવાથી પેશાબની બળતરા મટે છે. ■

---

આરોગ્ય પ્લસ

સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા

feedback@
bombaysamachar.com

# મલેરિયા (ટાઢિયો તાવ)....





### શું આપ જાણો છો?...

- વિશ્વમાં દર વર્ષે અંદાજિત ૨૧ કરોડ અને ૪૦ લાખ લોકો મલેરિયાના તાવમાં સપડાય છે.
- ભારતમાં દર વર્ષે આશરે ૧૫ લાખ જેટલા લોકો મલેરિયા તાવમાં સપડાયા છે.

### મલેરિયાના પ્રકાર :

- સાદો મલેરિયા (Plasmodium Vivax)
- ઝેરી મલેરિયા (Plasmodium Falciparum)

### મલેરિયાનાં લક્ષણ :

- તાવ આવવાનો હોય તે પહેલાં શરીર તૂટવું, કમરમાં દુઃખાવો થવો, માથું દુઃખવું અને આંખોમાં બળતરા થવી.
- શરીરમાં અશક્તિ આવવી અને ઠંડી લાગવી.
- અનિયમતિ રીતે તાવ ચઢ-ઉતર થવો.
- તાવ ઊથલો મારીને બે -ત્રણ દિવસમાં ફરી આવવો.
- સાંધા તથા સ્નાયુઓમાં દુઃખાવો થવો. (Myalgia & Arthralgia)
- વધુ પડતી ઠંડીના લીધે શરીર ધ્રૂજવું અને શરીરમાં પરસેવો વળવો.
- ઝાડા, ઊલટી, તરસ, રાતો પીળો પેશાબ અને લમણામાં દુઃખાવો.

### મલેરિયાના ઉપચાર :

૧. ૭ પાન ફૂદીનાના, ૬ પાન તુલસીના, ૩-૪ કાળા મરીની ભૂકી અને ૧૦ ગ્રામ ગોળને ૧ કપ પાણીમાં ઉકાળી તેમાં અડધું લીંબુ નીચોવીને રોજ સવાર-સાંજ પીવું.
૨. સૂરજમુખીના ફૂલના પાન કે બીજ ૫થી ૧૭ ગ્રામ લઇ તેમાં ૩-૪ કાળા મરી નાખી, વાટી-ઘૂંટી, પાણીમાં મેળવી સવાર-સાંજ પીવું.
૩. ૧૦ ગ્રામ કારેલાના રસમાં ૨થી ૫ ગ્રામ જીરું મેળવીને પીવું.
૪. ખાવાનું દેશી મીઠું તાવડીમાં કાળું થાય ત્યાં સુધી શેકવું. તાવ આવે ત્યારે ૫ ગ્રામ આ નમક ૧ ગ્લાસ પાણીમાં મેળવી પીવું. તાવ ઊતરી જાય પછી પણ આ દવા થોડા સમય શરૂ રાખવી.
૫. શેકેલા કાંગચા (ગેંગડા)ના મીંજનું ચૂર્ણ (૪ ગ્રામ જેટલું) ૨ વાર ગરમ પાણી સાથે લેવું.
૬. ૧-૧ ચમચી જીરું અને મરી વાટીને ચાર ગણા પાણીમાં રાત્રે પલાળીને સવારે નરણે કોઠે પીવું.
૭. ગરમ કરેલા દૂધમાં હળદર અને મરી મેળવી પીવું.
૮. ૧૦ ગ્રામ તુલસીનો રસ અને ૫ ગ્રામ આદુંનો રસ મેળવી પીવું.
૯. ૧ ગ્રામ મરીનું ચૂર્ણ, ૩ ચમચી તુલસીનો રસ અને ૨ ચમચી મધ મિક્સ કરીને પીવું.
૧૦. ૨૦થી ૫૦ મિ. લિ. લીમડા અને તુલસીનો ઉકાળો પીવો.

### મલેરિયામાં આહાર-વિહાર સંબંધી વિવેક :

- મલેરિયાના તાવને દૂર કરવાના ઉત્તમ ત્રણ તબક્કાઃ

**૧. તાવ રહે તેટલા દિવસ :**

શક્ય હોય તો માત્ર ઉકાળેલું પાણી લઇને એક-એક ઉપવાસ કરવા શ્રેષ્ઠ છે. જો ઉપવાસ ન થઇ શકે તો માત્ર નારંગીનો જ્યૂસ કે મગનું ઓસામણ લેવું.

**૨. તાવ ઊતર્યા પછી ત્રણ દિવસ સુધી :**

માત્ર ફ્રૂટ સિવાય બીજું કાંઇ લેવું નહીં, (પપૈયું, અનાનસ, નારંગી, મોસંબી, સફરજન, દ્રાક્ષ વગેરે લઇ શકાય.)

**૩. તાવ ઊતર્યા પછી ચોથા દિવસથી :**

અમુક દિવસો સુધી ફ્રૂટ સાથે સલાડ તથા કઠોળ માપસરનું લઇ શકાય. ત્યારબાદ ધીરે ધીરે અન્નાહાર શરૂ કરવો.

### સાવધાની...

- મલેરિયાનો ફેલાવો કરતા મચ્છરોનું પ્રમાણ ઘટાડવા ઘરની આજુબાજુમાં પાણીની ગંદકી કે ખુલ્લા પાણીનો સંગ્રહ ન થવા દેવો.
- મલેરિયાના દર્દીને સમૂહમાં ન રાખતા અલગ રાખવો.
- દર્દીએ તથા પરિવારના અન્ય સભ્યોએ મચ્છરથી દૂર રહેવું. જેથી મલેરિયાનો ચેપ બીજાને ન લાગે.
- મચ્છરદાનીનો ઉપયોગ કરવો.

**નોંધ :** આ તાવ મલેરિયાનો ચેપ લાગેલ એક વ્યક્તિમાંથી બીજી વ્યક્તિમાં મચ્છરો દ્વારા સહેલાઇથી ફેલાઇ શકે તેમ છે. તેનો ક્રમ નીચે આપેલ છે.




### મલેરિયા થવાનાં કારણ :

- બંધિયાર કે ગંદા પાણીમાં થતાં મચ્છરોના કરડવાથી.
- મલેરિયાના ચેપવાળું મચ્છર કરડવાથી.
- મલેરિયા થયા બાદ અપૂરતી સારવારને લીધે ફરી ઊથલો મારવાથી.
- ગર્ભવતી માતાને જો મલેરિયા થયો હોય તો તેના પેટમાં રહેલા બાળકને પણ મલેરિયા થઇ શકે.
- અન્ય કોઇ શારીરિક બીમારીઓમાં આનો ચેપ લાગવાની શકયતા વધુ છે. ■

---

ફોકસ

ખૂશ્બુ મુલાણી ઠક્કર

feedback@
bombaysamachar.com

# ચિયા સીડ્સઃ સ્વાસ્થ્યનો ખજાનો ને અદ્ભુત ફાયદા...



આધુનિક જીવનશૈલીમાં સ્વાસ્થ્ય જાળવવું એ એક મોટી ચેલેન્જ છે. આવા સમયે નાના-નાના સુપરફૂડ્સ મોટી મદદ કરી શકે છે. તેમાંથી એક છે ચિયા સીડ્સ. મૂળ દક્ષિણ અમેરિકાના આ બીજ આજે વિશ્વભરમાં લોકપ્રિય બન્યા છે. તેમાં ફાઇબર, પ્રોટીન, ઓમેગા-૩ ફેટી એસિડ્સ, એન્ટીઓક્સિડન્ટ્સ, વિટામિન્સ અને મિનરલ્સનો સમૃદ્ધ સંગ્રહ છે. રોજિંદા આહારમાં એક-બે ચમચી ચિયા સીડ્સનો સમાવેશ કરવાથી અનેક રોગોથી બચી શકાય છે. આજે અમે તેના ૧૦ મુખ્ય લાભો વિગતવાર જણાવીએ છીએ.

### પાચન તંત્રને મજબૂત કરે

ચિયા સીડ્સમાં દ્રાવ્ય અને અદ્રાવ્ય ફાઇબરનું પ્રમાણ ખૂબ વધારે છે. તે પેટની સફાઈ કરે છે, કબજિયાત દૂર કરે છે અને આંતરડાના સારા બેક્ટેરિયાને વધારે છે.

### હૃદયનું સ્વાસ્થ્ય સુધારે

ઓમેગા-૩ ફેટી એસિડ્સ ખરાબ કોલેસ્ટ્રોલ (LDL) ઘટાડે છે અને સારા કોલેસ્ટ્રોલ (HDL) વધારે છે. તે બ્લડ પ્રેશર નિયંત્રિત કરી હાર્ટ અટેક અને સ્ટ્રોકનું જોખમ ઓછું કરે છે.

### વજન ઘટાડવામાં મદદરૂપ

પાણીમાં પલાળતાં તે જેલ જેવું બને છે જે પેટને લાંબા સમય સુધી ભરેલું રાખે છે. તે કેલરી ઇન્ટેક ઘટાડે છે અને મેટાબોલિઝમ વધારે છે.

### બ્લડ સુગર લેવલ સ્થિર રાખે

ડાયાબિટીસના દર્દીઓ માટે આદર્શ. તે કાર્બોહાઇડ્રેટ્સના અવશોષણને ધીમું કરે છે અને ઇન્સ્યુલિન સ્પાઇક અટકાવે છે.

### હાડકાં અને દાંત મજબૂત બનાવે

કેલ્શિયમ, મેગ્નેશિયમ અને ફોસ્ફરસનો સારો સ્રોત હોવાથી હાડકાંની ઘનતા વધારે છે અને ઓસ્ટિયોપોરોસિસથી બચાવે છે.

### ઊર્જા અને સ્ટેમિના વધારે

પ્રોટીન અને સ્વસ્થ ફેટ્સથી શરીરને લાંબા સમય સુધી ઊર્જા મળે છે. એથ્લેટ્સ અને વ્યસ્ત વ્યક્તિઓ માટે ઉત્તમ.

### ત્વચા અને વાળની સુંદરતા વધારે

એન્ટીઓક્સિડન્ટ્સ ત્વચાને ફ્રી રેડિકલ્સથી બચાવે છે, વૃદ્ધત્વના ચિહ્નો ઘટાડે છે અને વાળને મજબૂત બનાવે છે.

### સોજા અને ઇન્ફ્લેમેશન ઘટાડે

તેના એન્ટી-ઇન્ફ્લેમેટરી ગુણો આર્થરાઇટિસ, સાંધાના દુખાવા અને અન્ય સોજા સંબંધિત સમસ્યાઓમાં રાહત આપે છે.

### મગજ અને માનસિક સ્વાસ્થ્ય

ઓમેગા-૩ મગજના કોષોને પોષે છે, યાદશક્તિ વધારે છે અને ડિપ્રેશન-એંગ્ઝાયટીનું જોખમ ઘટાડે છે.

### રોગપ્રતિકારક શક્તિ વધારે

વિટામિન્સ, મિનરલ્સ અને એન્ટીઓક્સિડન્ટ્સ ઇમ્યુનિટીને મજબૂત કરે છે જેથી વારંવાર થતી બીમારીઓથી બચી શકાય છે.

**ઉપયોગની રીતઃ** દરરોજ ૧-૨ ચમચી ચિયા સીડ્સને પાણી, દૂધ, સ્મૂધી, ઓટ્સ અથવા દહીંમાં પલાળીને લો. વધુ પડતું લેવાથી પેટમાં અસ્વસ્થતા થઈ શકે છે તેથી મર્યાદામાં રાખો. ગર્ભવતી મહિલાઓ અને કેટલીક બીમારીઓમાં ડોક્ટરની સલાહ અવશ્ય લેવી.

ચિયા સીડ્સ એક સસ્તું અને સરળ ઉપલબ્ધ સુપરફૂડ છે જે તમારા સ્વાસ્થ્યને નવી ઊર્જા આપી શકે છે. આજથી જ તમારા આહારમાં તેને સામેલ કરો અને સ્વસ્થ જીવન જીવો! ચાલો જાણીયે ચિયા સીડ્સ પુડિંગ કઈ રીતે લઇ શકાય. ■

## ચિયા સીડ્સ પુડિંગ રેસીપી

ચિયા સીડ્સના તમામ ફાયદાઓ (પાચન, વજન નિયંત્રણ, ઓમેગા-૩, પ્રોટીન, એન્ટીઓક્સિડન્ટ્સ વગેરે) એક જ વાનગીમાં મેળવવા માટે ચિયા સીડ્સ પુડિંગ એક આદર્શ વિકલ્પ છે. તે snacking, breakfast કે dessert તરીકે લઈ શકાય છે.

**બેઝિક ચિયા સીડ્સ પુડિંગ (૧ વ્યક્તિ માટે)**



**સામગ્રીઃ**

- ૨ ચમચી ચિયા સીડ્સ
- ૧ કપ (૨૫૦ મિલી) દૂધ (ડેરી અથવા બદામ/કોપરાનું દૂધ)
- ૧/૨ ચમચી વેનિલા એસેન્સ અથવા મધ (સ્વાદ માટે)
- ૧ ચમચી મધ અથવા ગુલાબની પેટલ જામ
- ટોપિંગ માટેઃ તાજા ફળો (કેળું, સ્ટ્રોબેરી, બ્લુબેરી), બદામ, નારિયેળનો ભૂકો.

**બનાવવાની રીતઃ**

૧. એક બાઉલમાં ૨ ચમચી ચિયા સીડ્સ અને ૧ કપ દૂધ નાખો.
૨. વેનિલા અને મધ ઉમેરીને સારી રીતે હલાવો.
૩. ૫ મિનિટ રાહ જુઓ, ફરી હલાવો (ગાંઠ ન પડે તે માટે).
૪. ઢાંકીને ફ્રિજમાં ૪-૫ કલાક અથવા રાત્રે આખી રાત રાખો. સીડ્સ પલાળીને જેલ જેવું બની જશે.
૫. સવારે ટોપિંગ સાથે સર્વ કરો.

સમયઃ તૈયારી ૫ મિનિટ + ફ્રિજમાં સેટ થવાનો સમય

કેલરીઃ આશરે ૨૫૦-૩૦૦ (વેરિએશન પ્રમાણે)

### વેરિએશન્સ (વધુ ફાયદા માટે)

**પ્રોટીન પુડિંગઃ** દૂધમાં વેગન પ્રોટીન પાઉડર ઉમેરો.
**ફાઇબર રિચઃ** સાથે chia + flax seeds મિક્સ કરો.
**એન્ટીઓક્સિડન્ટ બુસ્ટઃ** બ્લુબેરી અથવા કાકડીના ટુકડા ઉમેરો.
**વેગન વર્ઝનઃ** નાળિયેર અથવા બદામનું દૂધ વાપરો.

**આ પુડિંગના ફાયદાઃ**

- લાંબા સમય સુધી પેટ ભરેલું રાખી વજન નિયંત્રિત કરશે
- ઓમેગા-૩ અને પ્રોટીનથી હૃદય અને મગજને તાકાત આપશે
- ફાઇબરથી પાચન સુધરશે
- સ્વાદિષ્ટ અને સરળ બાળકોથી લઈને વૃદ્ધો સુધી બધા માટે આદર્શ

રોજ સવારે અથવા સાંજે એક વાર લેવાથી ચિયા સીડ્સના તમામ ૧૦ ફાયદા તમને સરળતાથી મળી રહેશે. અજમાવી જુઓ અને તમારા અનુભવ વિશે જણાવજો!

# પવિત્ર શ્રાવણ માસ ને ઉપવાસમાં ખાસ ઉપયોગી છે અંજીર...

સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક
feedback@bombaysamachar.com

અંજીર નામ વાંચતાની સાથે જ મોં માં પાણી આવવા લાગે. કુદરતની કરામત તેવાં વિવિધ સૂકામેવામાં મીઠાશ પૂરતાં અંજીરની વાત નિરાળી છે. એકટાણું કે ઉપવાસમાં ખાસ શરીરને તાજગી બક્ષે છે. તેનું મુખ્ય કારણ છે અંજીરમાં ભરપૂર માત્રામાં કેલ્શિયમ, પોટેશ્યિમ, ફોસ્ફરસ તેમ જ આયર્ન સમાયેલું છે.

ભારતમાં સૌથી વધુ અંજીરનું ઉત્પાદન કરતું રાજ્ય છે મહારાષ્ટ્ર. તેમાં પૂનાની આસપાસના વિસ્તારના અંજીરની વાત નિરાળી ગણવામાં આવે છે. સૂકા પ્રદેશમાં વધુ પાક આપતું ફળ ગણાય છે. પૂનામાં થતાં લીલા તેમ જ સૂકા અંજીરની માગ દેશ-વિદેશમાં જોવા મળે છે. આશરે ૯૦૦ હેક્ટરમાં અંજીરની ખેતી કરવામાં આવે છે. અંજીર વિશે



એવું કહેવાય છે કે તેના ઉપયોગ દ્વારા શરીરને અનેક લાભ મળી રહે છે. ત્વચા, પિત્તાશય આંખ તેમ જ હાડકાંની માવજત માટે ગુણકારી ગણાય છે. અંજીર બે પ્રકારના જોવા મળે છે. પ્રથમ જેની ખેતી કરવામાં આવે છે. તેનો ઉપયોગ ખાવામાં કરી શકાય છે તેના પાન તેમ જ ફૂલ મોટા હોય છે. જ્યારે જે આપમેળે ઊગી જાય છે તેવાં જંગલી અંજીરના ફળ - મોટા પાન ધરાવતાં અંજીરની સરખામણીમાં નાના હોય છે.

અંજીરને ભારતની વિવિધ ભાષામાં અલગ-અલગ નામે ઓળખવવામાં આવે છે. જેમ કે સંસ્કૃતમાં અંજીરકમ કે ફલ્ગુજમ, કોંકણીમાં પન્ગારા, તેલુગુમાં સીમઈયટ્ટી, પંજાબીમાં ફેગેરી કે ફાગુ, મલયાલમમાં સીમાયટ્ટી, ઓરિયામાં પુષ્પોષુન્યો, અરેબિકમાં તેન અથવા તીન.

૧૦૦ ગ્રામ અંજીરમાં ૨૪૯ કેલરી, પ્રોટીન ૩.૩ ગ્રામ, ફાઈબર ૯.૮ ગ્રામ, શર્કરા ૪૭.૯૨ ગ્રામ, કેલ્શિયમ ૧૬૨ મિલિગ્રામ, પોટેશ્યિમ ૬૮૦ મિલિગ્રામ, વિટામિન કે ૧૫.૬ માઈક્રોગ્રામ, વિટામિન સી ૧.૨ મિલિગ્રામની માત્રા સમાયેલી છે.

## અંજીર-વર્મિસેલી ખીર



**સામગ્રી:** ૧ નાની વાટકી વર્મિસેલી, ૩ નંગ પલાળેલાં અંજીર, ૧ લિટર દૂધ, ૩ ચમચી બદામ, ૧ ચમચી પિસ્તાની કતરણ, ૧-૪ તાંતણાં કેસર, ૨ મોટી ચમચી મિલ્કમેડ, ૨ ચમચી દેશી ગુલાબના પાંદડા.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ ૨ ચમચી ઘીમાં બદામની કતરણ કે નાના ટૂકડાંને સાંતળી લો. ત્યારબાદ તેમાં પિસ્તા સાંતળવા. હળવેથી પિસ્તાને બહાર એક વાટકીમાં કાઢી લેવાં. વર્મિસેલી ધીમી આંચ ઉપર સાંતળવી. તેનો રંગ સોનેરી થાય ત્યાર બાદ તેમાં હૂંફાળું દૂધ ભેળવવું. દૂધ બરાબર ઉકળવા લાગે એટલે તેમાં અંજીરના નાના ટૂકડાં ભેળવીને દૂધમાં ભેળવવાં. ત્યારબાદ તેમાં ૧ ચમચી દૂધમાં પળાળેલી કેસર, દેશી ગુલાબના પાન ઉમેરવાં બદામ-પિસ્તાની કતરણથી સજાવીને ખીરને ઠંડી કે ગરમ પીરસવી. ઓછી સાકરવાળી છતાં મીઠાશ વાળી અંજીર-વર્મિસેલીની ખીર સ્વાદમાં અત્યંત મધુર-સ્વાદિષ્ટ લાગે છે.

## અંજીરના સ્વાસ્થ્યવર્ધક લાભ

**પાચનતંત્રને મજબૂત બનાવે છે :** અંજીરમાં રહેલી ડાયેટરી ફાઈબરની માત્રા લાંબા સમયથી રહેલી કબજિયાતની સમસ્યામાંથી રાહત અપાવે છે. વળી અજીરનું સેવન કરવાથી એસિડિટી, ગેસ જેવી સમસ્યાથી રાહત મળે છે. રાત્રિના પલાળીને નરણાં કોઠે તેનું સેવન કરવાથી પેટ સાફ થઈ જાય છે. પેટ હલકું બની જાય છે. ફાઈબર આંતરડાંની ગતિને નિયમિત કરવામાં મદદ કરે છે. ભોજનને પચાવવામાં મદદ કરે છે. તેથી જ પલાળેલાં અંજીરને કુદરતી રેચક ગણવામાં આવે છે.

**હાડકાં મજબૂત બનાવે છે :** અંજીરમાં મેગ્નેશ્યિમ, ફોસ્ફરસ તેમ જ કેલ્શિયમ જેવાં મિનરલ્સની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. મિનરલ્સનું પ્રમાણ શરીરમાં જળવાઈ રહે તો હાડકાં તેમ જ દાંતની મજબૂતાઈ જળવાઈ રહે છે. જેને કારણે અંજીરનું સેવન કરવાથી હાડકાં બરડ બનતાં અટકે છે. કારણ કે વય વધવાની સાથે હાડકાં નબળાં પડે છે. વયસ્ક વ્યક્તિ માટે અંજીરનું સેવન અતિ આવશ્યક ગણાય છે.

**ત્વચા તેમજ વાળ માટે લાભકારી :** અંજીરમાં ઍન્ટિ ઓક્સિડન્ટનું પ્રમાણ હોય છે. જે ત્વચા તેમજ વાળ માટે અત્યંત લાભદાયક ગણાય છે. ખરતાં વાળ અટકે છે. તો ત્વચાની ચમક વધે છે. જેથી અંજીરનું સેવન કરવું નાના મોટા બધા જ માટે લાભકારક ગણાય છે. અનેક લોકો અંજીરને કુદરતી સૌંદર્ય વર્ધક ગણે છે. કેમ કે તેમાં સારા પ્રમાણમાં મિનરલ્સ તથા વિટામિન સમાયેલાં છે. જેથી ત્વચા તેમજ વાળની તંદુરસ્તી જાળવવામાં મદદ કરે છે.

**ઍનિમિયામાં લાભકારી :** અંજીરમાં આયર્નની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી છે. આયર્ન શરીરમાં હિમોગ્લોબીનના સ્તરને જાળવી રાખવામાં મદદ કરે છે. જેથી શરીરમાં ઑક્સિજન પૂરતાં પ્રમાણમાં પહોંચી શકે છે. જેને કારણે શરીરમાં નબળાઈ આવવી કે અચાનક ચક્કર આવવાં જેવી તકલીફથી બચી શકાય છે. માસિક ધર્મ વખતે યુવતીઓ તેમજ મહિલાઓમાં લોહીની ઊણપ સર્જાય છે. જેથી તેમના માટે અંજીરનું સેવન વધુ લાભદાયક ગણી શકાય.

**હૃદયના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક :** અંજીરમાં પોટેશ્યિમ તેમજ ઍન્ટિઓક્સિડન્ટનું પ્રમાણ ભરપૂર હોય છે. જે હૃદયના સ્વાસ્થ્ય માટે લાભકારક ગણાય છે. પોટેશ્યિમ બ્લડ પ્રેશરને નિયંત્રણમાં રાખે છે. ઍન્ટિઓક્સિડન્ટ ખરાબ કૉલેસ્ટ્રોલને ઘટાડવામાં મદદ કરે છે. જેને કારણે અચાનક ઊભી થતી હૃદય સંબંધિત બિમારીથી બચી શકાય છે. તેનો ભય ઘટે છે.

**રોગપ્રતિકારક શક્તિ વધારે છે :** અંજીરમાં રહેલાં ઍન્ટિ-ઓક્સિડન્ટ્સ શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. ફ્રિ રેડિકલ્સની સામે લડીને શરીરને અંદરથી સ્વસ્થ બનાવે છે. મોસમના બદલાવને કારણે થતાં રોગથી શરીરની રક્ષા કરે છે. નિયમિત અંજીર ખાવાથી દિવસભર વ્યક્તિ ઊર્જાવાન રહે છે. શરીરની રોગપ્રતિકારક ક્ષમતામાં સુધારો થાય છે.

**નર-નારીની પ્રજનન શક્તિ સુધારે છે :** અંજીરનું સેવન કરવાથી હોર્મોનની સમતુલા જળવાય છે. શરીર નવી ઊર્જાનો અનુભવ કરે છે. પ્રાચીન આયુર્વેદિક ગ્રંથ મુજબ અંજીરનું સેવન નર-નારીની પ્રજનન ક્ષમતા વધારવામાં ફાયદાકારક ગણાય છે.

**ડાયાબિટીસમાં મર્યાદિત માત્રામાં લાભકારી :** અનેક વખત એવું માનવામાં આવે છે કે અંજીર કુદરતી રીતે જ મીઠાશ ધરાવતું હોવાથી તેનો ઉપયોગ ડાયાબિટીસના દર્દીઓ કરી શકે નહીં. પ્રમાણભાન રાખીને અંજીરનું સેવન ડાયાબિટીસના દર્દીઓ કરી શકે છે. કેમ કે અંજીરનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ મધ્યમ છે. તેથી નિષ્ણાત ડૉક્ટરની સલાહ બાદ અંજીરનું સેવન કરવાથી શરીરને ઊર્જાવાન બનાવી શકાય છે. પ્રમાણભાન રાખીને અંજીરનું સેવન અચૂક ગુણકારી બની રહે છે.

અંજીરનો ઉપયોગ કરીને વિવિધ મીઠાઈ તેમજ ચટણી બનાવી શકાય છે. અંજીરવાળું દૂધ કે અંજીરની સ્મૂધી નાન-મોટા પ્રત્યેકને ભાવતી હોય છે. અંજીરનો હલવો, અંજીરની બરફી, અંજીરની પૂરણપોળી, અંજીર -ખજૂરનો પાક શિયાળામાં ઘરે-ઘરે બનતો હોય છે. આજે આપણે અંજીર-વર્મિસેલી સેવની ખીરની રીત જોઈશું. ■

# વરસાદીય વનસ્પતિ...

આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા
feedback@bombaysamachar.com

ચોમાસાની ઋતુમાં તરોતાજા રહેવું ખૂબ જરૂરી છે. એના માટે કુદરતે આપણને બક્ષેલી ભેટ સમાન ભાજીઓને આપણી થાળીમાં સ્થાન આપવું જોઈએ. એનાથી આપણી રોગ સામે લડવાની શક્તિ તો વધે જ છે, સાથે જ આપણાં પાચનતંત્રમાં પણ સુધાર આવે છે.

**ચોમાસાની** ઋતુમાં વરસાદના પાણીથી ધરતી પર હરિયાળી છવાઇ જાય છે. આ સમય દરમિયાન કુદરતી વનસ્પતિમાં ઝડપી વધારો થાય છે. અનેક પ્રકારની વનસ્પતિઓ ઊગી નીકળે છે, જે માનવ માટે તેમ જ અન્ય જીવો-પશુઓ માટે વરદાનરૂપ છે. એથી કુદરત વનસ્પતિના રૂપે આપણી જરૂરિયાત પૂરી કરે છે. માહિતીના અભાવના કારણે આનાથી આપણે વંચિત રહીએ છીએ.

વરસાદીય વનસ્પતિમાં ગાબોડી ભાજી છે. જે વેલા રૂપે થાય છે. તેના પર મોહર (નાની કળીઓ કે નાનાફળ) જે ગોળ આકારના જુવારના દાણા જેવા હોય છે. એટલે જેમ કેરીના ઝાડ પર મોહરો આવે તેવી આ એક મોંઘી ભાજી છે. લીલા રંગની મોહર હોય છે. આનું શાક બનાવી ખવાય છે. આ ક્રીસ્પી અને ક્રંચી છે. જેથી સ્વાદ પણ મધુર છે. મહારાષ્ટ્રમાં આ ભાજી મોટા પ્રમાણમાં થાય છે. વરસાદની ઋતુમાં થતી શારીરિક તકલીફ સામે લડવા માટે આ ભાજી ઉત્તમ છે. ઇમ્યુનિટી વધારવા માટે તેમ જ પેટની તકલીફો દૂર કરવા માટે આ ભાજીનો ઉપયોગ કરવો જેથી વરસાદીય બીમારીથી લડી શકાય છે. આ ભાજી વર્ષમાં એકાદ મહિનો જ મળે છે. કવલીભાજી આનું વાન્સ્પતિક નામ કલોરો ફાઇટમ બોરી વિલિયમ સાંતાપાંઉ આની ઉપલબ્ધતા આખા વર્ષ દરમિયાન હોય છે. પણ માહિતી ન હોવાથી વપરાશ કોઇ એક જાતિ જ કરે છે. આના કોમળ પાનનો ઉપયોગ કરાય છે. આના પર સફેદ ફૂલ આવે છે. કાર્બોહાઇડ્રેટથી ભરપૂર છે. જેથી રોગ પ્રતિકારક ક્ષમતા વધારવા માટે સહાયક છે. વરસાદની ઋતુમાં ખૂબ મોટા પ્રમાણમાં થાય છે. સંક્રમણ વખતે આનો ઉપયોગ આદિવાસી જાતિ કરે છે.



ચિંચિડા



કાકડ



ટાકલા ભાજી

શેવળાભાજી આ ફક્ત વરસાદના દિવસોમાં જ ઊગે છે. આને હેગન સ્ટોલ્ક યેમ કહેવાય છે. એ અડધા ભારતમાં ઊગે છે. આનું શાક અને આમટી (એક પ્રકારની દાળ) બનાવવામાં આવે છે. આ એક અણમોલ વિરાસત છે. ચમકીલા નારંગીની ડાળી હોય છે. પાનનો રંગ પીળો બેંગની હોય છે. દેખાવે ખૂબ જ સુંદર છે. આનું શાક કે દાળ ખટાશ નાખીને બનાવાય છે. મુંબઇની આસપાસ થાણા, પુણે, નાશિક, પાલઘર, રાયગઢમાં આ ખૂબ મળે છે. મુંબઇનાં એક પોષણ વિશેષજ્ઞ અનુસાર આ ભાજી એ દેવીકૃપા છે એમ વર્ણવ્યું છે. શરીરનો બાંધો મજબૂત કરે છે. પાઇલ્સની બીમારીમાં આનો ઉપયોગ મોટા પ્રમાણમાં થાય છે. આ ભાજી મળે તો તેનો ઉપયોગ જરૂરથી કરવો.

તીતરોઇ, નેવલાતુરી કે ચિંચિડા આ ભાજી પણ વરસાદીય એક વેલ છે. લાંબી પતલી વેલ છે. આના ફળ તેઢા-મેઢા (આકારમાં અલગ) છે. આનો ઉપયોગ શાક, ભજિયા અને દાળ બનાવવામાં થાય છે. પેટની સમસ્યા, પિત્ત અને ગરમી ઓછી કરવામાં સહાયક છે. રક્તશુદ્ધિ માટે આનો ઉપયોગ થાય છે.

કુરદુ ભાજી લેટીન નામ સેલોસિયા અજેન્ટીયા વરસાદી ભાજી છે. મુંબઇની આસપાસ થાણા, પાલઘર પાસે મળી રહે છે. આનો આર્યુર્વેદિક ચિકિત્સામાં કીડની સ્ટોન માટે થાય છે.

ટાકલા ભાજી આનો ઉપયોગ મહારાષ્ટ્રમાં ખૂબ મોટા પ્રમાણમાં થાય છે. વરસાદમાં જગ્યા જગ્યાએ આ ખૂબ ઊગે છે. આનું બીજું નામ શકમર્દ કે તગા છે. આખા ભારતમાં મળી રહે છે. ઇમ્યુનિટી માટે પેશાબના રોગો માટે આનો ઔષધીય ઉપયોગ પણ થાય. આ સરળતાથી મળી રહે છે. ફક્ત એકથી બે મહિના વરસાદમાં જ મળે છે. મહારાષ્ટ્રીય જાતિના લોકો આનો ખૂબ ઉપયોગ કરે છે.

બાપટા આ એક તીવ્ર સુંગધવાળી ભાજી છે. આને બાફી તેનું પાણી કાઢી નાખવું પછી તેનું શાક કે અન્ય ભાજીમાં નાખીને ખાઇ શકાય છે.

કોરાટા આનું વાનસ્પતિક નામ રાઇટિયા ટિનકટોરિયા છે. આ એક પર્ણપાતી વૃક્ષ છે. આના ફળ લટકતા હોય છે. મહારાષ્ટ્રમાં આનો ઉપયોગ શાક બનાવવા થાય છે.

કાકડ (ગરુગા પિન્નાટા) આ ફળ ભાજી છે. મુંબઇનાં બજારોમાં ખૂબ મળે છે. શાક બનાવામાં થાય છે.

ભારંગી ભાજી વરસાદમાં ફક્ત થોડા જ દિવસ મળે છે. આનો ઉપયોગ શાક બનાવીને ખવાય છે. બાફી તેનું પાણી કાઢીને ઉપયોગ થાય છે. આનો ઉપયોગ ડાયાબિટીસને જડમૂળથી કાઢી નાખવા માટે થાય છે. આર્યુવેદની દવામાં આના મૂળનો ઉપયોગ કરીને ડાયાબિટીસની દવા બનાવવા થાય છે. શરીરને મજબૂત બનાવે છે.

આ વરસાદની મોસમમાં મળતી ભાજીઓનો ઉપયોગ કરીને સ્વાસ્થ્યને સુદઢ બનાવો, આપની આસપાસ આ ભાજીઓ મળે છે. તે આપને જે ફાવતી હોય તેનો ઉપયોગ જરૂર કરો. ■

મોજની ખોજ
સુભાષ ઠાકર
feedback@bombaysamachar.com

# 'પ્રભુ, હું રોજ તારા મંદિરમાં આવું તો તું ક્યારેક મારા ઘરે આવ...'



AI

'પ્રિય આત્મીય પરમાત્મા, બોલ, શું ચાલે છે? ફાઇન? ફાઇન જ હોયને. તને ક્યાં મોંઘવારી નડે છે. અચ્છા પ્રભુ, સાચું કહેજે મેં તને શ્રાવણના પહેલા દિવસે પૂજારીની મિલકત કીધો એમાં તને કઈ ખોટુંબોટું તો નથી લાગ્યું ને? આ તો શું કે તું જાણે નાનકડો કીકલો હોય એમ તારે ક્યારે ખાવું? શું ખાવું? ક્યારે સૂવું ને ક્યારે જાગવું? શું પહેરવું? આ બધું એ નક્કી કરે તો મારી ખસે કે નઈ? તારા પર દયા આવે કે નઈ? સાલુ,એક મંદિરનો ટેમ્પરરી માલિક જગતના કાયમી માલિકને નોકરની જેમ ટ્રીટ કરે તો મને ઑફિશ્યલ ગુસ્સો આવે કે નઈ? અલ્યા પ્રભુ, મૂર્તિમાં છુપાઈને તું નથી બોલતો કે નથી સાંભળતો એટલે આ આખી માનવ જાત તારો (ગેર)લાભ ઉઠાવે છે એ ખબર પડે છે કે નઈ?'

હવે મૂળ વાત કે '**કાહે બનાયે તુને માટી કે પુતલે, ધરતી યે પ્યારી પ્યારી, મુખડે યે ઉજલે.. કાહેકો દુનિયા બનાઈ, તુને કાહેકો...**' આવા સવાલો આખી માનવ જાત વતી

શૈલેન્દ્રએ ઠેઠ ૧૯૬૬માં એની ફિલ્મ 'તીસરી કસમ'માં પૂછેલા પછી ખેડૂત વરસાદની રાહ જુવે એમ જવાબની રાહ જોઈ પણ તારો કોઈ રિસ્પૉન્સ જ નઈ. પછી મેં આ શ્રાવણમાં બધા ધાર્મિક ગ્રંથ ને ઈશ્વર. કોમ પર સર્ચ કરી પૂછ્યું, પણ તું ભારત સરકારની જેમ ચુપચાપ સાંભળી રહ્યો. પછી મેં મોબાઇલ જોડ્યો પણ કોઈ ગગી બોલી : 'આપને જીસકો કૉલ કિયા હૈ વો અભી પહોંચકે બહાર હૈ... પ્લીઝ, ટ્રાય લેટર.'

એટલે આ લેટર લખ્યો. પ્રભુ, મારે એ જાણવું છે કે તું રોજ કેટકેટલા માટીના પૂતળા બનાવી આ પૃથ્વી પર ઠાલવે છે, તો તારી પાસે માટી કેટલી છે? કારણ કે પૃથ્વી પર જાવક કરતાં આવક વધારે છે. તારી પાસે બીબા કેટલા? ડાઈ કેટલી? તારી આંખોમાં કેટલી તસવીરોની કલ્પના? બા..પ..રે તારી મહેનતને ધન્યવાદ. સેલ્યુટ પ્રભુ, તને બધા 'ગૉડ ઇઝ ગ્રેટ' એમનેમ નથી કહેતા? પણ તેં આ પૂતળાં બનાવ્યાં શા માટે? વાય પ્રભુ વાય? શું પ્રયોજન? પેલો ચંબુ ડફોળ મને કહે કે એને પૂજાવાની ઇચ્છા થઇ એટલે આપણું સર્જન કર્યું. ભાઈ પ્રભુ, આ બદનક્ષીની દુનિયામાં આવી જીવી જાય તો પૂજવાની ક્યાં ના છે. એક વાર પૃથ્વી પર આવ તો ખરો, પણ મેં તારી ફેવર કરી કીધું 'ચંબુડા, ડફોળ, ખાલી પૂજાવા ખાતર ઈશ્વર કંઈ કુંભાર બની આટલી મહેનત ન કરે. તે કંઈ પપુધધુ કે માણસ નથી. સમજ્યો?'

અને પ્રભુ, તેં જોયું કે તેં આ માટીમાં જીવ મૂક્યો એમાં કેવડી મોટી બબાલ થઈ એનો તને ખ્યાલ છે? તું મને એ સમજાવ કે કોઈના ઘેર શેર માટીની ખોટ હોય છે તો કોઈ જગ્યાએ કિલો કિલોના ઢગલા. આવો ઘોર અન્યાય?. દુખ અને ગુસ્સો બંને એકસાથે આવે ને આ બધો તમાશો તું ઉપર બેઠાં બેઠાં કે મંદિરમાં ઊભાં ઊભાં જોયા કરે છે, પણ તને ખબર છે કે તેં અમને માટીમાંથી ઘડીને અહીં મોકલ્યા. ને અમે અહીં માટીમાંથી તારી મૂર્તિઓ ઘડતા ગયા. પ્રભુ... સાલુ કોણ કોનો સર્જનહાર છે એ જ નથી સમજાતું. તું અમને બનાવ ને અમે તને....

પહેલાં ઈંડું આવ્યું કે મરઘી એના જેવું આ કન્ફ્યુઝન છે. પ્રભુ, અમારી દુનિયામાં શ્રાવણમાં આધ્યાત્મિક ભક્તો તારી ભક્તિ કરવા તૂટી પડે છે. એમ મને પણ ક્યારેક બધાની જેમ અંદરથી તારાં દર્શન કરવાની ખૂજલી ઊપડે છે પણ બોલ્ડ કહું તો સવારે નવ પહેલાં હું મારાં મા-બાપનાં દર્શન કરું છું જે જીવતા ઈશ્વર છે, પણ પછી એમની જ આજ્ઞાથી હું નીકળી પડું છું મંદિરમાં તને શોધવા...

પ્રભુ, મને ક્યારેક થાય કે એકના એક પકવાનો ખાઈ કંટાળી ગયો હોય તો તારા માટે ડુંગળીનાં ભજિયાં કે પંજાબી ડિશનું ટિફિન લઈ આવું, પણ લોચો એ છે કે ઘરેથી મંદિર આવવું સહેલું છે પણ મંદિરથી તારા સુધી પહોંચવું જબરું અઘરું છે. મને તો પ્રભુ, એવું થાય છે કે તને શોધવામાં ઘડપણ આવી જશે ને મૃત્યુ પછી જ આપણી મુલાકાત થશે...? પ્રભુ, મને જણાવ કે અહીં અમે તારા મંદિર બનાવીએ એમ તમારી દુનિયામાં તું અમારા ઘર બનાવે ખરા?

અમે ઘરેથી તારાં દર્શન માટે નીકળીએ તો તમે અમારાં દર્શન માટે ક્યારેક તો મંદિરમાંથી નીકળો. અમે કોઈ દિવસ મોબાઇલમાં તારા વૉટ્સઍપની રાહ નથી જોઈ તો તું કઈ આમંત્રણ પત્રિકાની રાહ જોઈ બેઠો છે. વ્યવહાર તો અરસપરસ હોય ને? અને તું ક્યાં છે એ ખબર નથી, પણ હું ક્યાં છું એની તો તને ખબર છે ને? તો ક્યારેક તો મંદિરમાંથી નીકળી મને મળવા ઘરે આવ. હું રાહ જોવું છું...

શું કહો છો? ■

# મહારાષ્ટ્ર બાદ હવે ગુજરાતમાં પણ રિક્ષા અને કૅબચાલકોને ગુજરાતી શીખવાડવાની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહારાષ્ટ્રમાં તાજેતરમાં જ વ્યાવસાયિક રિક્ષા, ટૅક્સી, કેબ ચલાવતા ડ્રાઇવરો માટે હવે વ્યાવહારિક મરાઠી ભાષાનું જ્ઞાન ફરજિયાત બનાવી દેવામાં આવ્યા બાદ હવે આવી જ અમલવારી ગુજરાતી ભાષા માટે ગુજરાતમાં પણ કરવામાં આવે તેવી માગ ઊઠી છે. આ જોગવાઈના અનુસંધાને ગુજરાત સારથી સંઘ દ્વારા ગુજરાત સરકાર સમક્ષ મહત્ત્વપૂર્ણ રજૂઆત કરી ગુજરાત પરમિટવાળા વાહનો ચલાવતા ડ્રાઈવરો માટે ગુજરાતી ભાષાનું ઓછામાં ઓછું કાર્યકારી જ્ઞાન ફરજિયાત કરવાની માગણી કરવામાં આવી છે.

સંઘ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ગુજરાતની સત્તાવાર ભાષા ગુજરાતી છે. ઓટો રિક્ષા, ટેક્સી અને અન્ય જાહેર પરિવહનના ડ્રાઈવરોનો મુસાફરો સાથે સીધો અને સતત સંપર્ક રહેતો હોવાથી ડ્રાઈવરને ગુજરાતી ભાષાનું કાર્યકારી જ્ઞાન હોવું મુસાફરોની સલામતી, સુવિધા અને અસરકારક સંવાદ માટે અત્યંત જરૂરી છે. આ સાથે ટ્રાફિક પોલીસ, આરટીઓ તથા અન્ય સત્તાવાળાઓ સાથે જરૂરી કામગીરીમાં સહકાર આપવા પણ ભાષાનું જ્ઞાન ઉપયોગી બની રહેશે.

ગુજરાત સારથી સંઘે સરકાર સમક્ષ ૮ જેટલી માગણીઓ રજૂ કરી છે. જેમાં મહારાષ્ટ્ર સરકાર દ્વારા કરવામાં આવેલી જોગવાઈનો અભ્યાસ કરી ગુજરાતમાં પણ પરમિટવાળા વાહનોના ડ્રાઈવરો માટે ગુજરાતી ભાષાનું જ્ઞાન ફરજિયાત કરવા કાયદાકીય પ્રક્રિયા હાથ ધરવામાં આવે. નવા પરમિટવાળા વાહનો ચલાવવાની પરવાનગી આપતી વખતે અરજદારને ગુજરાતી ભાષાનું જરૂરી જ્ઞાન હોવાની શરત રાખવામાં આવે. હાલના પરમિટવાળા વાહનચાલકોને તાત્કાલિક દંડ ફટકારવાને બદલે સમય આપવામાં આવે અને ગુજરાતી શીખવા માટે સરકાર દ્વારા સરળ પરીક્ષા તથા પ્રમાણપત્રની વ્યવસ્થા કરવામાં આવે. ■

# 'જયાં વસ્યા હોય ત્યાં ગુજરાતનો માહોલ ઊભો કરી શકે તે ગુજરાતી'

## મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલે કૅનેડામાં સાધ્યો ગુજરાતીઓ સાથે સંવાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમેરિકાની મુલાકાત બાદ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને પ્રતિનિધિમંડળ રવિવારે કૅનેડા પહોંચ્યું હતું. ટોરેન્ટો એરપોર્ટ પહોંચેલા ભૂપેન્દ્ર પટેલનું પરંપરાગત સ્વાગત ગુજરાતી સમુદાયોના અગ્રણીઓ અને કોન્સ્યુલેટ જનરલ ઑફ ઈન્ડિયા દ્વારા થયું હતું.

મુખ્ય પ્રધાને સત્કાર સમારોહમાં ગુજરાતી સમુદાયો સાથે સંવાદ કરતા ગુજરાતની ભૂતકાળની સ્થિતિ અને હાલ દેશના ગ્રોથ એન્જિન તરીકેની ઓળખ બન્નેની વિષદ છણાવટ કરતાં કહ્યું હતું કે, ૧૯૬૦માં મહારાષ્ટ્રથી અલગ રાજ્ય તરીકે ગુજરાત જુદું પડ્યું ત્યારે રોડ-રસ્તા, ગામડાઓમાં વીજળી, પાણી જેવી પાયાની સુવિધાઓ પણ પૂરતી ન હતી. વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી ગુજરાત એ પરિસ્થિતિમાંથી બહાર આવીને દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે તેમ જણાવતા તેમણે કહ્યું કે નરેન્દ્રભાઈ મોદીએ હંમેશાં મોટાં લક્ષ્યો સાથે વિકાસનો જે વિચાર આપ્યો છે તેના જ પરિણામે આજે આખા ગુજરાતનું ડેવલપમેન્ટ ખૂબ સારી રીતે થઈ શક્યું છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગૌરવભેર જણાવ્યું હતું છે કે, જ્યાં પણ વસ્યા હોય ત્યાં ગુજરાતનો માહોલ ઊભો કરી શકે તે ગુજરાતીની આગવી ઓળખ છે. તેમણે ગુજરાતના સર્વાંગી વિકાસની ભૂમિકા ફેડરેશન ઑફ ગુજરાત-કૅનેડાના પરિવારો સમક્ષ આપતા કહ્યું કે, ગુજરાત એટલે વિકાસ આ બેય શબ્દો પર્યાય બની ગયા છે. ગુજરાતમાં ૬ સેમિકન્ડક્ટર પ્લાન્ટ શરૂ થયા છે. એટલું જ નહીં, વાઇબ્રન્ટ ગુજરાત સમિટની સફળતાથી વધુને વધુ ઇન્વેસ્ટમેન્ટ ગુજરાતમાં આવતું થયું છે. તેમણે કૅનેડાના અર્થતંત્રમાં મળી રહેલા ગુજરાતીઓના મજબૂત સહયોગ અને સહકારની પ્રશંસા કરીને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, કૅનેડાના ગુજરાતી ઉદ્યોગ સાહસિકોએ જન્મભૂમિ પ્રત્યેનું ૠણ અદા કરવા ગુજરાતમાં પણ રોકાણો માટે આવવું જોઈએ. આ સંદર્ભમાં મુખ્ય પ્રધાને આગામી વાઇબ્રન્ટ સમિટ ૨૦૨૭માં કૅનેડાના ગુજરાતી સમુદાયોને જોડાવા આમંત્રણ પાઠવ્યું હતું.■




**અભિવાદન :** કૅનેડાના ટોરોન્ટોમાં ગુજરાતના મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલે અભિવાદન સમારોહને સંબોધ્યો હતો. (પીટીઆઈ)

# શ્રાવણના બીજા સોમવારે 'હર હર મહાદેવ'ના નાદ સાથે સોમનાથદાદાની ભવ્ય પાલખી યાત્રા નીકળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

સોમનાથઃ પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના દર્શનાર્થે દેશભરમાંથી હજારોની સંખ્યામાં ભાવિક ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. શિવભક્તોની અપાર શ્રદ્ધા અને ઉત્સાહ વચ્ચે, શ્રી સોમનાથ ટ્રસ્ટની પ્રાચીન અને ભવ્ય પ્રણાલિકા અનુસાર આજે સોમનાથ મહાદેવની વિશેષ પાલખી યાત્રાનું ભક્તિભાવપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

આ દિવ્ય અવસરે, શ્રી સોમનાથ મહાદેવના પ્રતીક સ્વરૂપ શિવલિંગને ફૂલોથી સુશોભિત પાલખીમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા. શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર શ્રી વિજયસિંહ ચાવડા દ્વારા સંપૂર્ણ વૈદિક મંત્રોચ્ચાર અને વિધિ-વિધાન સાથે મહાદેવની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. પૂજન બાદ પરંપરાગત રીતે પાલખી યાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ઢોલ, શરણાઈ અને ડમરુંના મંગળ ધ્વનિ તથા 'હર હર મહાદેવ' અને 'જય સોમનાથ'ના ગગનભેદી નાદ સાથે નીકળેલી આ ભવ્ય પાલખી યાત્રામાં અદ્ભુત શિવભક્તિનો નજારો જોવા મળ્યો હતો. યાત્રાના દર્શન માત્રથી સમગ્ર વાતાવરણ શિવમય બની ગયું હતું. પવિત્ર શ્રાવણ માસના બીજા સોમવારે શ્રી સોમનાથ મહાદેવના દર્શનાર્થે વહેલી સવારથી જ શિવભક્તોનો મહેરામણ ઉમટી પડ્યો હતો. મધ્યાહ્‌ને આરતી સુધીમાં ૫૦૦૦૦ થી વધારે ભક્તોએ મહાદેવના દર્શન કર્યા હતા. ■

### ભાવનગર નકલી દારૂકાંડ

# પકડાયેલા વધુ ૧૩ આરોપીના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર, અન્ય રાજ્ય સુધી તપાસના તાર લંબાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગુજરાતમાં ચકચાર મચાવનાર ભાવનગરના નકલી દારૂકાંડ મામલે સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી) અને સ્થાનિક પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ તેજ કરવામાં આવ્યો છે. અગાઉ ૧૪ આરોપીઓની અટકાયત કર્યા બાદ, આ કેસમાં ઝડપાયેલા વધુ ૧૩ આરોપીઓને આજે ભાવનગર કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. અદાલતે પોલીસની રજૂઆતો અને દલીલો ધ્યાને લઈ તમામ ૧૩ આરોપીઓના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

રિમાન્ડ પર લેવાયેલા ૧૩ આરોપીઓમાં ૧. અરવિંદ ઉર્ફે પાંડે દિનેશભાઈ સોલંકી (ઉં.વ. ૩૨, ધંધોઃ હીરા ઘસવાનો, રહે. શેરી નં. ૫, કૃષ્ણપરા ગૌશાળા, ઘોઘા રોડ, ભાવનગર) ૨. સંજય ઉર્ફે ૪૦૪૦ નાનુભાઈ મકવાણા (ઉં.વ. ૩૨, ધંધોઃ મજૂરી, રહે. શેરી નં. ૩, કૃષ્ણપરા ગૌશાળા, રામાપીરના મંદિર સામે, ઘોઘા રોડ, ભાવનગર) ૩. નિતીનભાઈ ઉર્ફે મુના દેવજીભાઈ મોરી (ઉં.વ. ૪૨, ધંધોઃ હીરા ઘસવાનો, રહે. શેરી નં. ૩, કૃષ્ણપરા ગૌશાળા, ચકુ તલાવડી પાસે, ઘોઘા રોડ, ભાવનગર) ૪. આનંદ રાકેશભાઈ છાંડી (ઉં.વ. ૩૨, રહે. ઉઆદ દૂધી, થાના કરણવાસ, જિલ્લોઃ રાજગઢ, મધ્ય પ્રદેશ) ૫. કિશોર ઉર્ફે પોચો છનાભાઇ સોલંકી (ઉં.વ. ૩૮, ધંધોઃ મોબાઇલ રીપેરીંગ, રહે. પ્લોટ નં. ૧૨૨, ૫૦ વારીયા, રાજપૂત વાળા, સુભાષનગર, ભાવનગર) ૬. મયુર વિનોદભાઇ સોલંકી (ઉં.વ. ૨૭, ધંધોઃ ઓફિસ સફાઈ કામદાર, રહે. પ્લોટ નં. ૪૪, વિદ્યાનગર, ગાંધીકોલોની, વણકરવાસ, ભાવનગર) ૭. સંજયભાઇ દેવજીભાઇ મોરી (ઉં.વ. ૨૭, ધંધોઃ મજૂરી, રહે. મકાન નં. ૩૩, કૃષ્ણપરા ગૌશાળા, ગાયત્રી મંદિર સામે, ઘોઘા રોડ, ભાવનગર) ૮. મુકેશ ઉર્ફે કચોરી ગોવિંદભાઇ બારૈયા (ઉં.વ. ૩૬, ધંધોઃ શાકભાજીની લારી, રહે. મકાન નં. ૫૪-૬૯, શાકમાર્કેટ રોડ, મઢુલીવાળો ખાચો, હરિઓમનગર, ભાવનગર) ૯. સંજય ઉર્ફે ચકરમ ધનજીભાઇ બારૈયા (ઉં.વ. ૩૮, ધંધોઃ ડ્રાઇવિંગ, રહે. ઘોઘા જકાતનાકા, ધાવડીમા વાળો ખારો, પ્લોટ નં. ૩-એચ, ભાવનગર) ૧૦. નીર્મલસિંહ ગંભીરસિંહ વાઘેલા (ઉં.વ. ૩૩, ધંધોઃ ડ્રાઇવિંગ, રહે. કાળિયાબીડ, વીરાણી સર્કલ, ગોકુળધામ રોડ, મોમાઈ ચોક, ભાવનગર) ૧૧. પાર્થરાજસિંહ હરેન્દ્રસિંહ ગોહીલ (ઉં.વ. ૨૧, ધંધોઃ વેપાર, રહે. ભરતનગર, નવા બે માળિયા, બ્લોક નં. ૧૨-બી, રૂમ નં. ૧૧૮૭, તળાજા રોડ, ભાવનગર) ૧૨. સંજય રાવતભાઇ ચાવડા (ઉં.વ. ૨૨, ધંધોઃ વેપાર, રહે. ખરકડીનો સમાવેશ થાય છે. ■

# ખાંડ ૭૨, ગોળ ૧૦૦: તહેવારોમાં ચાથી માંડી મીઠાઈ થઈ મોંઘી

## ડ્રાયફ્રૂટ્સ, ઘી અને પેકેજિંગના ભાવને કારણે મીઠાઈઓમાં પચીસ ટકાના ભાવવધારાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રક્ષાબંધન સહિત શ્રાવણી તહેવારો નજીક આવી રહ્યા છે. ગુજરાત અને ખાસ સૌરષ્ટ્રમાં સાતમ આઠમનો તહેવાર દિવાળી જેટલો જ ધામધૂમથી ઉજવાય છે. જોકે તહેવારો પહેલા જ ખાંડના વધેલા ભાવથી લોકો ત્રાહિમામ છે.

ખાંડની સાથે ગોળ પણ એટલો જ મોંઘો થઈ ગયો છે. માત્ર ખાંડ અને ગોળ નહીં ચણાનો લોટ (બેસન)થી માંડી ડ્રાયફ્રૂટ્સ અને પેકેજિંગ મટિરિયલના ભાવ વધતા વેપારીઓ પણ પરેશાન છે અને આ ભાવવધારો જનતા પર ઝીંકાશે તે નક્કી છે.

અમદાવાદમાં છૂટક વેપારીને ત્યાં સારી ગુણવત્તાની ખાંડ ૭૦થી ૭૨ રૂપિયે કિલો મળે છે, જે માત્ર ત્રણ દિવસ પહેલા ૬૫ રૂપિયે કિલો હતી. હજુ ખાંડ મોંઘી થશે તેમ વિચારી લોકો રીતસર ખાંડ લેવા લાઈન લગાડી રહ્યા છે. ખાંડનો ભાવ ચર્ચામાં છે જ ત્યાં ગોળના ભાવે પણ સેન્ચ્યુરી મારી છે. સારો અને ઓર્ગેનિક ગોળ રૂ. ૧૦૦ માં મળતો હોવાનું દુકાનદારે જણાવ્યું હતું.

આ સાથે ડ્રાયફ્રૂટ્સનામ ભાવમાં ૧૦થી ૧૫ ટકાનો વધારો થયો હોવાનું વેપારીઓ જણાવે છે. બદામ, કાજુ, પિસ્તા તેમ જ ઘી, માવો બધુ જ મોંઘું થયું છે અને સાથે ખાંડનો ભાવ પણ વધી રહ્યો છે, આથી મીઠાઈઓના ભાવ પચીસ ટકા જેટલા વધુ ચૂકવવા પડશે, તેમ વેપારીઓએ જણાવ્યું હતું.

મણિનગર ખાતે સ્વીટ અને ફરસાણની દુકાન ધરાવતા વેપારીએ જણાવ્યું હતું કે જે બેસન ૯૫થી ૯૮ રૂપિયે કિલો મળતો હતો તે હવે ૧૧૫ રૂપિયે થયો છે. ખાંડના ભાવમાં ૨૦ જેટલા રૂપિયાનો વધારો થયો છે. આથી સ્વાભાવિક છે કે મોહનથાળ મોંઘો જ થવાનો છે.

મીઠાઈ તો ઠીક ખાંડના ભાવ વધવાને લીધે સવારની ચા જ ફિક્કી થઈ છે. રાજકોટ ટી એસોસિયેશને ૧લી સપ્ટેમ્બરથી કટિંગ ચાના ભાવ રૂ. ૧૦ને બદલે રૂ. ૧૫ કરવાની તૈયારી કરી રહ્યા હોવાનું જણાવી રહ્યા છે. તેમના જણાવ્યા અનુસાર કોલસાથી માંડી ખાંડ બધુ જ મોંઘુ થયું છે, તેથી ચાનો ભાવ વધારવાની તેમને ફરજ પડી છે.

માત્ર ખાદ્યસામગ્રી નહીં પેકેજિંગ મટિરિયલ પણ મોંઘું થયું છે. પ્લાસ્ટિકની બેગ્સથી માંડી ડબ્બા, ડબ્બા પરના બ્રાન્ડિંગવાળા સ્ટિકર્સ તમામ વસ્તુઓમાં એકથી દોઢ રૂપિયાનો વધારો છે, જેને કારણે વેપારીના ખર્ચમાં ૧૫થી ૨૦ ટકા જેટલો વધારો થયો છે. આથી આ વધારો ગ્રાહકોએ જ ભોગવવાનો વારો આવશે.

શાકભાજી, અનાજ, દાળ, દૂધ-દહીં સાથે હવે ખાંડ,ગોળ સહિતની વસ્તુઓ મોંઘી થતા મધ્યમવર્ગીય પરિવારોની આર્થિક ભીંસમાં વધારો થઈ રહ્યો છે, તેવી ફરિયાદો લોકો કરી રહ્યા છે.

જોકે સરકાર ચીજવસ્તુઓના ભાવને કાબૂમાં લેવા અલગ અલગ પગલાંઓ ભરી રહી છે, પરંતુ હાલમાં તો મોંઘવારીનો માર લોકોએ સહન કરવાનો વારો આવ્યો છે. ■

# સુરતમાં નવનિર્મિત મચ્છી માર્કેટને 'શ્રી નરેન્દ્ર મોદી હોલસેલ ફિશ માર્કેટ' નામ અપાતા વિવાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરના નાનપુરા-લક્કડકોટ વિસ્તારમાં નવનિર્મિત મચ્છી માર્કેટને વડા પ્રધાન નરેન્દ્ર મોદી નામ આપી દેતા વિવાદ સર્જાયો છે. રૂ. ૩.૯૦ કરોડના ખર્ચે નિર્મિત ફિશ માર્કેટના મુખ્ય પ્રવેશદ્વાર પર જ 'શ્રી નરેન્દ્ર મોદી ફિશ માર્કેટ' લખેલું મોટું બોર્ડ લગાવી દેવામાં આવ્યું છે. શાકાહારી જીવનશૈલી ધરાવતા વડા પ્રધાન મોદીના નામનો ઉપયોગ માછલીના વેચાણ સ્થળ માટે કરાતાં ભાજપના સ્થાનિક આગેવાનો અને કાર્યકરોએ આઘાતની લાગણી અનુભવી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નામનો ઉપયોગ ફિશ માર્કેટ માટે થતાં સુરત મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોનની ટીમ ગેરકાયદેસર રીતે મુકાયેલું બોર્ડ દૂર કરવા માટે તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. મનપાની ટીમને કાર્યવાહી કરતી જોઈને વેપારીઓએ પોતાની ભૂલ સ્વીકારી હતી અને જાતે જ આ વિવાદાસ્પદ બોર્ડ ઉતારી લેવાની ખાતરી આપી હતી.

જ્યારે સમગ્ર વિવાદ વચ્ચે સુરત ફિશ માર્ચન્ટ એસોસિયેશનના પ્રમુખ કલ્પેશ નવસારીવાલાએ જણાવ્યું હતું કે, પીએમ મોદીએ મત્સ્ય સંપદા યોજના અંતર્ગત માછીમારો કરોડો રૂપિયાનું અલગ મંત્રાલય બનાવ્યું છે. સુરત મનપાના ઠરાવ મુજબ જ માર્કેટ શરૂ કરવામાં આવ્યું છે. વેપારીઓએ રૂ. ૪૩ લાખ ડિપોઝિટ ભરી છે અને ૬ મહિનાનું એડવાન્સ ભાડું આપ્યું છે. ભાજપ નેતાઓના પ્રયાસથી જ આ માર્કેટ બન્યું છે. અમે આ બોર્ડ ઉતારવા દેશું નહીં. ■

# રાજયમાં સ્વાઇન ફ્લૂના દર્દીઓની હાલત સામાન્યઃ આરોગ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશભરમાં એચવનએનવન એટલે કે સ્વાઈન ફ્લૂના કેસ વધી રહ્યા છે. ગુજરાતના ગાંધીનગરમાં પણ બે કેસ નોંધાયા હોવાના અહેવાલો મળ્યા છે. જોકે રાજ્ય સરકારે આ મામલે સત્તાવાર આંકડો કે માહિતી નથી આપી, પરંતુ દરદીઓની હાલત સામાન્ય હોવાનું જણાવ્યું હતું. આ મુદ્દે સમીક્ષા કરવા માટે ગાંધીનગર ખાતે આરોગ્ય પ્રધાન પ્રફૂલ પાનશેરિયાના અધ્યક્ષસ્થાને ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આયોજિત આ બેઠકમાં રાજ્યની વિવિધ સિવિલ હોસ્પિટલોના તબીબી અધિક્ષકો, મેડિકલ કોલેજોના ડીન તેમજ જિલ્લા અને મહાનગરપાલિકાઓના વરિષ્ઠ આરોગ્ય અધિકારીઓ હાજર રહ્યા હતા. પ્રફૂલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, દિલ્હી અને મુંબઈ જેવા મહાનગરોમાંથી સિઝનલ ફ્લૂના કેસો સામે આવી રહ્યા છે અને આ બંને શહેરોમાંથી ફ્લાઇટ્સ, ટ્રેન તથા બસ માર્ગે નાગરિકોનું ગુજરાતમાં સતત આવાગમન રહે છે. તેમણે સ્પષ્ટતા કરતાં ઉમેર્યું હતું કે, રાજ્યમાં સ્વાઈન ફ્લૂનો કોઈ ગંભીર ઉપદ્રવ નથી. દર્દીઓની હાલત સામાન્ય હોવાથી રાજ્યના નાગરિકોએ સહેજ પણ ચિંતા કરવાની જરૂર નથી. તેમણે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી અધિકારીઓને આદેશ આપતાં જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૧૯ની એચવનએનવન ગાઇડલાઇન મુજબ જ રાજ્યની તમામ હોસ્પિટલોમાં દર્દીઓના સેમ્પલિંગ, ટેસ્ટિંગ અને સારવારની પ્રક્રિયાનું ચોક્કસ પાલન થાય તેમજ ઇમરજન્સી વિભાગો, તબીબો અને નર્સિંગ સ્ટાફને આ અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવે. ■

# અબડાસાના પિંગલેશ્વર દરિયાકાંઠેથી બિનવારસુ શંકાસ્પદ એઆઇએસ ઉપકરણ અને ઑક્સિજન કિટ મળી આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકાના સંવેદનશીલ પિંગલેશ્વર દરિયાકાંઠે સુરક્ષા એજન્સીઓના સઘન પેટ્રોલિંગ દરમિયાન બિનવારસી હાલતમાં ટેકનિકલ ઉપકરણો મળી આવતાં તંત્ર એલર્ટ થઈ ગયું છે. પોલીસ, એલઆઈબી અને એસઓજીની સંયુક્ત ટુકડીઓએ કાંઠા પરથી એક ઓટોમેટિક આઈડેન્ટિફિકેશન સિસ્ટમ અને ઓક્સિજન સિલિન્ડર કિટ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. જખૌ પોલીસના જોરૂભા જાડેજા અને પુનશી મહેશ્વરી સહિતની ટુકડીએ પેટ્રોલિંગ દરમિયાન આ શંકાસ્પદ સાધનો જપ્ત કર્યા હતાં. પ્રાથમિક તપાસ મુજબ, મળી આવેલું ગોળાકાર એઆઈએસ ઉપકરણ મોટા માલવાહક જહાજો અને આંતરરાષ્ટ્રીય ફિશિંગ ટ્રોલરમાં પાણીની ઊંડાઈ માપવા, માછલીઓનું લોકેશન જાણવા અને દરિયામાં પડેલી વસ્તુઓનું ચોક્કસ લોકેશન ટ્રેસ કરવા માટે વપરાય છે. આ ઉપરાંત, સ્થળ પરથી કેસરી રંગના બોક્સમાંથી કટોકટીના સમયે ક્રૂ મેમ્બર્સનો જીવ બચાવવા માટે વપરાતી માસ્ક સાથેની ઓક્સિજન કિટ મળી આવી છે. ■

# સાણંદ જીઆઈડીસી પોલીસે ₹ ૧.૧૧ કરોડનો વિદેશી દારૂ જપ્ત કર્યો, ડ્રાઈવરની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગરમાં થયેલા લઠ્ઠાકાંડ બાદ ગુજરાતના અનેક વિસ્તારોમાં પોલીસે સઘન તપાસ ઝુંબેશ હાથ ધરી છે. આ સાથે જ અમદાવાદ ગ્રામ્ય પોલીસ પણ અત્યારે એક્શનમાં આવીને તપાસ કરી રહી છે. આ દરમિયાન સાણંદ જીઆઈડીસી પોલીસે કુલ ૧.૧૧ કરોડના દારૂના જથ્થા સાથે એકની ધરપકડ પણ કરી હતી. સાણંદ જીઆઈડીસી પોલીસે ચોક્કસ બાતમીના આધારે સાણંદ-વિરમગામ હાઈવે પરથી વિદેશી દારૂ ભરેલું કન્ટેનર ઝડપી પાડ્યું હતું. પોલીસે આ કેસમાં કન્ટેનરના ડ્રાઈવર કરતારામ મેઘવાલની ધરપકડ કરી પૂછપરછ શરૂ કરી છે. પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, એક કન્ટેનરમાં વિદેશ દારૂ સરેન્દ્રનગર લઈ જવામાં આવી રહ્યો છે. જેથી સાણંદ જીઆઈડીસી પોલીસ દ્વારા વોચ રાખવામાં આવી હતી અને વીરપુર પાટિયા પાસેથી દારૂ સાથે કન્ટેનર ઝડપી પાડ્યું હતું.■

# સુરતમાં ગણેશજીની મૂર્તિ જોવા ભીડ જમા થઈ, દોડભાગમાં મહિલા-બાળકો ગૂંગળાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બે દિવસ પહેલા મુંબઈના ભૂલેશ્વર વિસ્તારમાં ગણેશજીની મૂર્તિ પડી જતા બે જણનાં મોત નિપજ્યાંની ઘટના તાજી જ છે ત્યારે સુરતમાં મૂર્તિને જોવા ઉમટેલા લોકોમાં નાસભાગ મચવાની ઘટના પ્રકાશમાં આવી હતી. રવિવારે રાત્રે ઘોડદોડ રોડ પરના રામચોકમાં જાણીતા ગ્રૂપ દ્વારા લાવવામાં આવતા ગણેશજીની વિશાળ મૂર્તિના દર્શન માટે ઉમટયા હતા. જોતજોતામાં હજારોની સંખ્યામાં લોકો આવી જતા ભીડને નિયંત્રણમાં રાખવાનું આયોજકો અને પોલીસતંત્ર માટે કઠિન બની ગયું હતું. એકસાથે લોકો એકઠા થઈ જતા પગ મૂકવાની પણ જગ્યા રહી ન હતી અને લોકોમાં નાસભાગ થઈ હતી. નાનાં બાળકો સાથે મહિલાઓ આવી હોવાથી તેઓને ગૂંગળામણનો અનુભવ થયો હતો. આ સમગ્ર ઘટનાના વીડિયો વાઇરલ થયા હતા. ભીડમાં બાળક મા-બાપથી છુટ્ટા પડ્યાં હતાં અને બાદમાં તેમને મળી જતા ભાવુક દૃશ્યો પણ સર્જાયાં હતાં. લોકોના ચપ્પલ નીકળી ગયાં હતાં અને રસ્તા પર ચપ્પલનો ખડકલો થયો હતો. આ દરમિયાન વિસ્તારમાં ટ્રાફિકજૅમની સ્થિતિ ઊભી થઈ હતી. એકસાથે ભીડ એકત્રિત થઈ હતી તેથી પોકેટમારો પણ સક્રિય થયા હતા અને અમુક લોકોના વોલેટ કે મોબાઈલ ચોરાયાની ફરિયાદો પણ થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આયોજકના સૂત્રોના જણાવ્યા અનુસાર વ્યવસ્થાની પૂરતી તકેદારી રાખવામાં આવી હતી, પરંતુ અપેક્ષા કરતા ઘણા ગણેશભક્તો આવ્યા હતા, છતાં સ્વયંસેવકોએ વ્યવસ્થા જાળવી હતી. જ્યારે પોલીસસૂત્રોએ જણાવ્યું હતું કે એકાદ-બે જગ્યાએ ભીડ વધી ગઈ હતી, પરંતુ સ્થિતિ નિયંત્રણમાં લાવવામાં આવી હતી. સદ્‌નસીબે કંઈ જ અજુગતી ઘટના ઘટી ન હતી. આયોજકો સાથે સીધી વાત થઈ શકી ન હતી. ■

# વડોદરામાં ભાજપના જ બે જૂથ વચ્ચે મારામારી

## ફેસબુકની પોસ્ટ બાદ વિવાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ થોડા દિવસ પહેલા સુરત ભાજપમાં એક કાર્યાલયમાં પક્ષના જ નેતાઓ વચ્ચે મારામારીના અહેવાલો વહેતા થયા હતા ત્યારે હવે ફરી વડોદરામાં પક્ષના બે જૂથો વચ્ચેની જાહેરમાં થયેલી મારામારી ચર્ચાનો વિષય બની હતી. વડોદરા જિલ્લામાં ડભોઈના ભીલાપુર ગામમાં ભાજપનાં બે જૂથો વચ્ચે વિવાદ થયા બાદ ઝપાઝપી પર આવી ગયા હતા. એકબીજાના કપડાં ફાડી નાખ્યાં હતાં અને મારામારી ઉગ્ર બની હતી, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. મળતી વિગતો અનુસાર જિલ્લા પંચાયતના સભ્યો અને સસ્તા અનાજની દુકાન સાથે જોડાયેલા લોકો વચ્ચે કોઈ બાબતે પહેલેથી થોડો વિખવાદ ચાલી રહ્યો હતો. તેમાં દારૂ જુગારની ફેસબુક પોસ્ટને કારણે વાત બગડતા એકબીજા પર હુમલો કરી દીધો હતો. આરોગ્ય સમિતિના ચેરમેન સામે કથિત દાદાગીરીના આક્ષેપો સાથે થયેલી આ મારામારીમાં ભાગદોડ મચી ગઈ હતી અને ઇજાગ્રસ્ત પરેશ પટેલને ગંભીર હાલતમાં સારવાર માટે એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. અન્ય ઈજાગ્રસ્તોને પણ સારવાર આપવામાં આવી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પોલીસે ઘટના અંગે સ્થળ તપાસ હાથ ધરી બંને પક્ષોની માહિતી મેળવવાની શરૂઆત કરી છે. સમગ્ર ઘટનામાં કેટલા લોકો ઈજાગ્રસ્ત થયા અને કોની સામે કાર્યવાહી થશે તે અંગે હજુ સ્પષ્ટતા નથી. ■

# 'આપ'ના ધારાસભ્ય ચૈતર વસાવાની જામીન અરજી ગુજરાત હાઈ કોર્ટે નકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વન વિભાગના કર્મચારી પર હુમલો કરવા તથા સરકારી કામગીરીમાં અડચણ પેદા કરવાના આરોપમાં દોષિત ઠરેલા આમ આદમી પાર્ટીના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાની જામીન અરજી ગુજરાત હાઈ કોર્ટે નકારી હતી.

કોર્ટે અવલોકન કર્યું હતું કે વસાવાએ સરકારી અધિકારીઓને ડરાવવા અને દબાણ કરવાને બદલે પીડિત પક્ષોને કાનૂની ઉપાયો અપનાવવા માટે પ્રોત્સાહિત કરવા જોઈતા હતા.

ધારાસભ્ય માટે આવું વર્તન યોગ્ય ન ગણી શકાય. જામીન આપવા અને સજા સ્થગિત કરવાથી એવી ધારણા ઊભી થઈ શકે છે કે સત્તાના હોદ્દા પર બેઠેલા લોકો કાયદાની પહોંચની બહાર છે. ■

# ગેરકાયદે સોનુંઃ ભાવનગરનાં ડૉક્ટરનાં જવાબોથી કસ્ટમ્સ વિભાગ અસંતુષ્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપર રવિવારે વહેલી સવારે અરેબિયાની ફ્લાઈટમાં શારજહાંથી અમદાવાદ આવેલી ડોક્ટર યુવતી પાસેથી કસ્ટમ વિભાગે ૪૯૯.૫૪૦ ગ્રામ ૨૪ કેરેટના રૂ. ૮૩.૧૪ લાખની કિંમતની સોનાની ચેન જપ્ત કરીને તેની ધરપકડ કરી હતી. કસ્ટમની તપાસમાં એવી ચોંકાવનારી વિગતો બહાર આવી છે કે દુબઈની જાણીતી હૉસ્પિટલમાં પ્રેક્ટિસ કરતી ૩૧ વર્ષની આ યુવતી સાત લાખનો પગાર ધરાવે છે અને કસ્ટમ વિભાગને કોઈ સંતોષકારક જવાબ આપી શકી નથી. તેના પરિવારના સભ્યો બીમાર રહેતા હોવાથી અવારનવાર આવતી હોય છે, પરંતુ દાણચોરી કરવા પાછળનું કોઈ ચોક્કસ કારણ તે હજુ સુધી જણાવી શકી નથી. કસ્ટમ વિભાગે ભાવનગરની રહેવાસી ડૉક્ટર યુવતીનો પાસપોર્ટ જમા લઈને, એરપોર્ટ ઉપર જ શરતી જામીન આપીને દાણચોરીનો મુદ્દામાલ સરકાર હસ્તક જપ્ત કરીને કસ્ટમર વિભાગની શરતો મુજબ હાજરી આપવાની શરતે પેસેન્જર યુવતીને હાલ મુક્ત કરી છે. કસ્ટમ વિભાગના ટોચના સૂત્રોએ જણાવ્યું હતું કે ભાવનગરની યુવતીએ નીટની પરીક્ષા પાસ કરી છે અને મેડિસિનમાં પોસ્ટ ગ્રેજ્યુએટ કરી દુબઈ સારી હોસ્પિટલમાં નોકરી કરે છે. અમદાવાદ એરપોર્ટ ઉપર આવતા પહેલા તેણે અગાઉથી જ સોનાની લગડીઓ એટલે કે ટુકડા પોતાના બચત કરેલા રૂપિયામાંથી ખરીદી કર્યા હતા ત્યારબાદ તેણે સોનાની ચેન બનાવડાવી હતી તેવું નિવેદન પેસેન્જર યુવતીએ આપ્યું હતું. ■



# જુરેલની સદી પછી ૫૦૩ના સ્કોરે ભારતે દાવ ડિકલેર કર્યો: લંકાએ ઝડપથી બે વિકેટ ગુમાવી

કોલંબો: શ્રીલંકા સામેની બીજી ટેસ્ટ મેચના બીજા દિવસે ટીમ ઈન્ડિયા મજબૂત સ્થિતિમાં પહોંચી ગઈ છે. વરસાદના વિઘ્નો વચ્ચે ભારતે પોતાનો પહેલો દાવ નવ વિકેટે ૫૦૩ રન પર ડિકલેર કર્યો હતો. રમતના અંતે શ્રીલંકાએ પોતાની પહેલી ઈનિંગમાં બે વિકેટે આઠ રન કર્યા હતા. શ્રીલંકા હજુ ભારતથી ૪૯૫ રન પાછળ છે. બીજા દિવસના અંતે કમિલ મિશારા પાંચ રન સાથે ક્રીઝ પર હતા. અગાઉ વરસાદના કારણે મેચ અટકાવી પડી હતી.

ભારત તરફથી ધ્રુવ જુરેલે સદી ફટકારી હતી, જ્યારે રિષભ પંતે પણ શાનદાર ઇનિંગ રમી હતી, જેના કારણે ભારતે પ્રથમ ઈનિંગમાં ૫૦૦ રનનો આંકડો પાર કર્યો હતો. જુરેલ અંત સુધી અણનમ રહ્યો અને ભારતે ત્રીજા સત્રમાં દાવ ડિકલેર કરવાનો નિર્ણય લીધો. શ્રીલંકાએ પ્રથમ ઈનિંગમાં શરૂઆતમાં બે વિકેટ ગુમાવી દીધી હતી. લાહિરુ ઉદારા (૧) અને પ્રભાત જયસૂર્યા (૨) આઉટ થયા હતા. હવે ત્રીજા દિવસે ભારતીય બોલરો શ્રીલંકાની પહેલી ઈનિંગ ઝડપથી પૂરી કરવા માટે પ્રયત્ન કરશે. શ્રીલંકાએ બીજા દિવસે ફક્ત ૩ ઓવર રમી હતી અને બે વિકેટ ગુમાવી દીધી હતી. પ્રસિદ્ધ કૃષ્ણા અને માનવ સુથાર ભારત માટે સફળ રહ્યા હતા. શ્રીલંકાએ બે વિકેટ ગુમાવીને આઠ રન કર્યા હતા. ભારતીય ટીમ ટેસ્ટ શ્રેણીમાં ૧-૦થી આગળ છે.

બીજા દિવસે ભારતીય ટીમને શરૂઆતનો ઝટકો લાગ્યો હતો જ્યારે સારાંશ જૈન (૬ રન) અસિથા ફર્નાન્ડોના હાથે કેચ આઉટ થયો. સારંશના આઉટ થયા બાદ રવિવારની ઇજા પછી રિષભ પંત બેટિંગમાં પાછો ફર્યો. પંત અને ધ્રુવ જુરેલે સાતમી વિકેટ માટે ૧૧૨ રનની શાનદાર ભાગીદારી કરી. આ ભાગીદારી દરમિયાન પંતે ૮૧ બોલમાં પોતાની ફિફ્ટી પૂરી કરી જ્યારે જુરેલે ૯૭ બોલમાં આ માઇલસ્ટોન સુધી પહોંચ્યો હતો.

કેસરા નુવાંથાએ રિષભ પંતને આઉટ કરીને ભાગીદારી તોડી હતી. પંતે ૮૯ બોલમાં ૬૩ રન કર્યા હતા.માનવ સુથાર (૧૮ રન) ખાસ યોગદાન આપવામાં નિષ્ફળ ગયો અને પ્રભાત જયસૂર્યાના સ્પિન બોલ પર કેચ આઉટ થયો હતો.

અગાઉ કોલંબો ટેસ્ટનો પહેલો દિવસ ભારતના પક્ષમાં હતો. ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધા બાદ દેવદત્ત પડિક્કલે ભારતીય ટીમ માટે ૧૧૭ રનની શાનદાર ઇનિંગ રમી. પડિક્કલે ૧૯૩ બોલનો સામનો કર્યો અને ૧૨ ચોગ્ગા ફટકાર્યા હતા. પડિક્કલે પોતાની સતત બીજી ટેસ્ટ મેચમાં સદી ફટકારી હતી. આ દરમિયાન કેપ્ટન શુભમન ગિલે ૧૦૮ બોલમાં ૬ ચોગ્ગાની મદદથી ૫૦ રન કર્યા હતા. યશસ્વી જયસ્વાલ (૪૫ રન) અને રવિન્દ્ર જાડેજા (૪૩ રન) એ પણ ઉપયોગી ઇનિંગ રમી હતી. ■

# રિષભ પંતના છગ્ગાએ તોડી સોલાર પેનલ



કોલંબો: શ્રીલંકાના ફાસ્ટ બોલર લાહિરુ કુમારાનો બાઉન્સર રવિવારે રિષભ પંતના હાથના કાંડા પર વાગ્યો હતો. જે બાદ તે રિટાયર્ડ હર્ટ થયો હતો. ગઈ કાલે સારાંશ જૈનની વિકેટ પડ્યા બાદ પંત ફરી રમતમાં આવ્યો હતો. લાહિરુ કુમારાએ જ્યારે પંતને નિશાન બનાવીને ફરી એકવાર લેગ સાઇડ પર બાઉન્સર ફેંક્યો, ત્યારે આ વખતે ભારતીય વિકેટકીપર-બેટ્સમેન સંપૂર્ણપણે તૈયાર હતો. પંતે આંખના પલકારામાં બોલને ફાઇન લેગ ઉપરથી પુલ કરીને સીધો સ્ટેડિયમની છત પર પહોંચાડી દીધો. આ છગ્ગો એટલો વિશાળ હતો કે બોલ સ્ટેડિયમ પાર કરી ગયો હતો. છગ્ગાનું અંતર ૯૫ મીટર હતું. આ સિક્સરના કારણે સ્ટેડિયમની છત પર લાગેલી સોલાર પેનલ પણ તૂટી ગઈ હતી. પંતના આ ખતરનાક શોટ બાદ બોલ મેદાનની બહાર જતો રહ્યો હતો, જેના કારણે રમતને થોડા સમય માટે રોકવી પડી હતી. મેચ ચાલુ રાખવા માટે ચોથા અમ્પાયરે તાત્કાલિક નવા બોલનું બોક્સ લઈને મેદાન પર આવવું પડ્યું હતું. પંતની આ તોફાની વાપસીએ મેદાનમાં હાજર દર્શકો અને કોમેન્ટેટર્સને પણ રોમાંચિત કરી દીધા હતા. ■

# યશસ્વી-અસિથાને લડવાનું ભારે પડયું, દંડ ફટકારાયા

દુબઈ: કોલંબોમાં ભારત અને શ્રીલંકા વચ્ચે રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચના પહેલા દિવસે એક મોટો વિવાદ થયો હતો. ભારતના યુવા ઓપનર યશસ્વી જયસ્વાલ અને શ્રીલંકાના ફાસ્ટ બોલર અસિથા ફર્નાન્ડો મેદાન પર ઝઘડી પડ્યા હતા. આઈસીસીએ જયસ્વાલ અને ફર્નાન્ડોને તેમની મેચ ફીના પચીસ ટકા દંડ ફટકારવામાં આવ્યો છે. બંને ખેલાડીઓને એક-એક ડિમેરિટ પોઈન્ટનો દંડ પણ આપવામાં આવ્યો છે.

ભારતની પ્રથમ દાવની ૧૭મી ઓવરમાં ફર્નાન્ડોએ જયસ્વાલને આઉટ કર્યો, જેના પછી બંને ખેલાડીઓ વચ્ચે બબાલ થઈ હતી. જયસ્વાલ ફર્નાન્ડો તરફ આગળ વધ્યો અને બંનેએ એકબીજાને કાંઈક કહ્યું હતું. ત્યારબાદ ફર્નાન્ડોએ પોતાનું માથું જયસ્વાલ તરફ આગળ વધાર્યું જેના જવાબમાં જયસ્વાલ પણ આગળની તરફ ઝૂક્યો જેના કારણે ફર્નાન્ડોના માથા પર હેલ્મેટ ટકરાયું હતું.

આઈસીસીએ એક નિવેદનમાં કહ્યું હતું કે, બંને ખેલાડીઓએ પોતાના ગુનાનો સ્વીકાર કરી લીધો છે અને આઈસીસી એલિટ પેનલના મેચ રેફરી એન્ડી પાઈક્રોફ્ટ દ્વારા પ્રસ્તાવિત દંડ સ્વીકાર્યો અને તેથી ઔપચારિક સુનાવણીની કોઈ જરૂર પડી નહોતી. બંને ખેલાડીઓને આઈસીસી આચારસંહિતાની કલમ ૨.૧૨ ના ઉલ્લંઘન બદલ દોષિત ઠેરવવામાં આવ્યા હતા. આ નિયમ ખેલાડી, સપોર્ટ સ્ટાફ, અમ્પાયર, મેચ રેફરી અથવા અન્ય કોઈપણ વ્યક્તિ (આંતરરાષ્ટ્રીય મેચ દરમિયાન દર્શકો સહિત) સાથે અયોગ્ય શારીરિક સંપર્ક સાથે સંબંધિત છે. આઈસીસીએ કહ્યું કે ''ફર્નાન્ડો અને જયસ્વાલના શિસ્ત રેકોર્ડમાં એક-એક ડિમેરિટ પોઇન્ટ ઉમેરવામાં આવ્યો છે, જેમણે છેલ્લા ૨૪ મહિનામાં કોઈ ગુનો કર્યો નથી.''■



## ભારત લડશે ને જવાબ પણ આપશે: યશસ્વી

કોલંબો/નવી દિલ્હી: કોલંબોમાં ભારત અને શ્રીલંકા વચ્ચે શરૂ થયેલી બીજી અને અંતિમ ટેસ્ટ મેચમાં ઓપનર યશસ્વી જયસ્વાલ ૪૫ રનના તેના સ્કોર પર ક્લીન બોલ્ડ થયો એને પગલે બોલર અસિથા ફર્નાન્ડોએ અપમાનજનક કમેન્ટ કરીને તેને ઉશ્કેર્યો અને પછી જે ઘટના બની એ પ્રકરણમાં નવા અને ચોંકાવનારા વળાંકો આવી રહ્યા છે.

યશસ્વીએ એક પ્રતિક્રિયામાં સંકેત આપ્યો હતો કે ફર્નાન્ડોએ ઉશ્કેરણીજનક અને અપમાનજનક કમેન્ટ કરી હતી. યશસ્વીએ એક પ્રતિક્રિયામાં કહ્યું હતું કે 'આ ભારત લડશે અને જવાબ પણ આપી દેશે.'

ક્રિકેટની એક જાણીતી વેબસાઇટે 'શું જયસ્વાલે હદ વટાવી હતી?' એવા ટાઈટલ સાથે એક વીડિયો બનાવ્યો હતો જેમાં જાણીતા કોમેન્ટેટર અને વિશ્લેષક હર્ષા ભોગલેએ યશસ્વીની ટીકા કરતા કહ્યું હતું કે 'યશસ્વીએ પાછા આવવાને બદલે સીધા ડગઆઉટ તરફ જ જતા રહેવું જોઈતું હતું.'

હર્ષા ભોગલેએ યશસ્વીની ટીકા કરી ત્યાર બાદ સોશ્યલ મીડિયામાં તરત જ યશસ્વીની સામી કમેન્ટ આવી હતી જેમાં તેણે કહ્યું હતું કે 'તમને ખબર નથી કે એ (ફર્નાન્ડો) શું બોલ્યો હતો.

જાણ ન હોય તો પ્લીઝ, કોઈ જજમેન્ટ પણ નહીં આપવાનું. (ફર્નાન્ડો વિશે) જો કોઈ વ્યક્તિ હદ વટાવે તો તેણે વળતા જવાબની પણ તૈયારી રાખવી પડે. તેમણે (હરીફ ખેલાડીઓએ) આટલું તો જાણી જ લેવું જોઈએ કે ભારતીય ખેલાડીઓ મેદાન પર (મેચમાં) લડવા માટે અને જવાબ આપવા માટે ઊતરતા હોય છે.' ■

# મહિલા હોકી વર્લ્ડ કપમાંથી બહાર ફેંકાઈ ભારતીય ટીમ

ઍમ્સ્ટલ્વીન: ભારતનું મહિલા હોકી વર્લ્ડ કપ ૨૦૨૬ જીતવાનું સ્વપ્ન ચકનાચૂર થઈ ગયું છે. ટીમે ઓસ્ટ્રેલિયા સામે બીજા રાઉન્ડની છેલ્લી મેચ રમી હતી, જેમાં એક પણ ગોલ થઈ શક્યો નહીં અને મેચ ડ્રો રહી હતી. બંને ટીમોએ સમગ્ર મેચ દરમિયાન સખત લડત આપી હતી પરંતુ ચાર ક્વાર્ટરમાં કોઈ પણ ટીમ ગોલ કરી શકી ન હતી. મેચ બાદ ભારત અને ઓસ્ટ્રેલિયા બન્નેના ૨-૨ પોઈન્ટ હતા. પરંતુ ઓસ્ટ્રેલિયાએ ભારત કરતા એક ગોલ વધુ કર્યો હતો. આમ તેણે સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

ભારતની બલજીત કૌરને સાતમી મિનિટમાં ગ્રીન કાર્ડ મળ્યું, જ્યારે ઓસ્ટ્રેલિયાની સ્ટુઅર્ટ ટૈટમને ૧૧મી મિનિટે ગ્રીન કાર્ડ બતાવવામાં આવ્યું. આ મેચમાં કુલ નવ પેનલ્ટી કોર્નર આપવામાં આવ્યા હતા, પરંતુ કોઈ પણ ટીમ આ તકોને ગોલમાં ફેરવી શકી નહીં. મેચના પહેલા ક્વાર્ટરમાં બંને ટીમ ગોલ કરી શકી ન હતી. ઓસ્ટ્રેલિયાએ રમતની પ્રથમ મિનિટમાં ગોલ કર્યો પરંતુ ભારતે તેને પડકાર્યો હતો. ત્યારબાદ ગોલ રદ કરવામાં આવ્યો. પહેલા ક્વાર્ટરમાં બંને ટીમો વચ્ચે જોરદાર મુકાબલો જોવા મળ્યો હતો, પરંતુ કોઈ ગોલ થયો ન હતો.

બીજા ક્વાર્ટરમાં રોમાંચક મુકાબલો જોવા મળ્યો હતો, પરંતુ કોઈ પણ ટીમ ગોલ કરી શકી ન હતી. ઓસ્ટ્રેલિયાને ૧૭મી મિનિટે પેનલ્ટી કોર્નર આપવામાં આવ્યો હતો, પરંતુ કાંગારૂઓ તકનો લાભ લેવામાં નિષ્ફળ રહ્યા હતા. ભારતીય ગોલકીપર સવિતા પુનિયાએ ઉત્તમ પ્રદર્શન કર્યું. પછી બીજા ક્વાર્ટરના અંત પહેલા ૩૦મી મિનિટે ભારતને પેનલ્ટી કોર્નર આપવામાં આવ્યો હતો, પરંતુ ભારતીય ટીમ ગોલ કરવામાં નિષ્ફળ રહી હતી. ■

## છલકાયા આંસુ, ચહેરા થયા ઉદાસ




ઍમ્સ્ટલ્વીન : ભારતીય મહિલા હોકી ટીમની વર્લ્ડ કપમાં સફર સમાપ્ત થઈ ગઈ છે. ઓસ્ટ્રેલિયા સામેની મેચ ગોલ વિના જ ડ્રો રહેતા ગોલ ગણતરીના આધારે ભારતીય ટીમ સેમિફાઇનલની દોડમાંથી બહાર થઈ ગઈ હતી. સીટી વાગતાની સાથે જ ડગઆઉટમાં બેસેલા ભારતની સૌથી અનુભવી ખેલાડી સવિતા પુનિયા અને તેની સાથી ગોલકીપર બિચ્છુ દેવીના આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા હતા. તેની પાછળ બેઠેલી ઇશિકા ચૌધરી વિશ્વાસ કરી શકતી ન હતી કે તે તેના પહેલા વર્લ્ડ કપમાં મેડલની આટલી નજીક પહોંચીને ચૂકી ગઈ હતી.

મેચ બાદ ખેલાડીઓના ચહેરા પર દુઃખ છલકાઈ રહ્યું હતું. મેદાન છોડીને પોતાની ટીમ બસની રાહ જોઈ રહેલી ખેલાડીઓની આંખો લાલ થઈ ગઈ હતી. મુખ્ય કોચ શોર્ડ મારીને મીડિયા સાથે વાત કરી, પરંતુ તેમનું દુઃખ છુપાવી શક્યા નહીં. ટીમના વૈજ્ઞાનિક સલાહકાર અને એથ્લીટ પરફોર્મન્સના વડા વેઇન લોમ્બાર્ડ અને સિનિયર ખેલાડીઓ પહેલીવાર વર્લ્ડ કપમાં રમી રહેલી ખેલાડીઓને પ્રોત્સાહિત કરી રહ્યા હતા. અનુભવી મિડફિલ્ડર નેહા ગોયલ પણ છેલ્લે આંસુ રોકી શકી નહીં.

# પુરુષ હોકી વર્લ્ડ કપમાં આર્જેન્ટિના સામે હાર્યું ભારત, સેમિફાઈનલની રેસમાંથી બહાર

ઍમ્સ્ટલ્વીન: ભારત એફઆઈએચ પુરુષ હોકી વર્લ્ડકપમાં પુલ-ઈની અંતિમ મેચમાં સોમવારે અહીં આર્જેન્ટિના સામે ૩-૫થી હાર સાથે ભારત સેમિફાઇનલની રેસમાંથી બહાર ફેંકાઈ ગયું છે.

આર્જેન્ટિના તરફથી ટોમસ ડોમેન (૩૩મી અને ૪૫મી મિનિટ) એ બે ગોલ કર્યા, જ્યારે જોકિન ટોસ્કાની (૧લી મિનિટ), નિકોલસ ડેલા ટોરે (૬ઠ્ઠી મિનિટ) અને લુકાસ ટોસ્કાની (૫૩મી મિનિટ) એ એક-એક ગોલ કર્યા હતા.

ભારત તરફથી સુખજીત સિંહ (૧૦મી અને ૫૮મી મિનિટ) એ બે ગોલ કર્યા જ્યારે હાર્દિક સિંહ (૬૦મી મિનિટ) એ એક ગોલ કર્યો હતો. આ હાર સાથે ભારતીય ટીમ પુલ-ઈમાં છેલ્લા સ્થાને રહી હતી. ભારત હવે ૨૮ ઓગસ્ટે સાતમા સ્થાનના પ્લેઓફમાં બેલ્જિયમનો સામનો કરશે. ■

# ઈંગ્લિશ બોલર બ્રાયડન કાર્સને પોલીસે પકડ્યો, ઈંગ્લૅન્ડના ક્રિકેટમાં હાહાકાર



લંડન: ઇંગ્લેંડ ક્રિકેટ ટીમની મુશ્કેલી મેદાનની બહાર સમાપ્ત થવાનું નામ નથી લઇ રહી. પાકિસ્તાન વિરુદ્ધ ટેસ્ટ સીરીઝ વચ્ચે ફાસ્ટ બોલર બ્રાયડન કાર્સનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તે પોલીસની હથકડીમાં નજરે પડી રહ્યો છે. આ ઘટના બાદ ઇંગ્લેંડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડે મામલાની તપાસ શરુ કરી દીધી છે. વીડિયોમાં કાર્સને ડર્બીની એક નાઇટ ક્લબની બહાર પોલીસ અધિકારીઓની વચ્ચે જોવામાં આવ્યો

ઇસીબીએ એક નિવેદન બહાર પાડીને જણાવ્યું કે, અમને ગઈકાલે રાત્રે ડર્બીમાં બનેલી એક ઘટના અંગે જાણકારી મળી છે અને અમે હાલમાં તેની તપાસ કરી રહ્યા છીએ. શક્ય બનશે ત્યારે અમે આગળની વિગતો આપીશું. ડર્બીશાયર પોલીસ પાસે પણ આ મામલે પ્રતિક્રિયા માંગવામાં આવી છે, જ્યારે ડરહમે આ અંગે ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો છે.

કાર્સ માટે આ ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે જ્યારે તેઓ લાંબા સમય બાદ ઇંગ્લેન્ડની ટેસ્ટ ટીમમાં વાપસીની તૈયારી કરી રહ્યા હતા. ગત એશિઝ શ્રેણીમાં તેઓ ઈંગ્લેન્ડનો સૌથી સફળ બોલર રહ્યો હતો.■

# ઈમરાન ખાનને યોગ્ય સારવાર મળે એટલી જ અપીલ: કપિલદેવ



નવી દિલ્હી: ભારતના મહાન ક્રિકેટર કપિલ દેવે પાકિસ્તાનની જેલમાં બંધ ભૂતપૂર્વ વડાપ્રધાન અને વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન ઇમરાન ખાન સાથે માનવીય વ્યવહાર કરવાની અપીલ કરી હતી. આ અગાઉ રવિવારે કપિલ સહિતના ૨૨ ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય કેપ્ટનોએ પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફને છેલ્લા છ મહિનામાં બીજી વખત પત્ર લખીને ઇમરાન માટે યોગ્ય સારવાર સુનિશ્ચિત કરવા વિનંતી કરી હતી.

આ વર્ષે ફેબ્રુઆરીમાં સુનીલ ગાવસ્કર સહિત ૧૪ ભૂતપૂર્વ કેપ્ટનોએ અદિયાલા જેલમાં ઇમરાનના સ્વાસ્થ્ય અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. ઇમરાન પર જેલમાં યોગ્ય તબીબી સંભાળનો અભાવ અને તબીબી બેદરકારીનો આરોપ મૂકવામાં આવ્યો છે. કપિલ દેવે કહ્યું કે તેઓ પાકિસ્તાની કાયદાથી વાકેફ નથી, પરંતુ તેઓ અધિકારીઓને અપીલ કરે છે કે ઇમરાનને કેદી તરીકે પણ મૂળભૂત સુવિધાઓ અને માનવીય વ્યવહાર કરવામાં આવે. ■

# દુલીપ ટ્રોફી સૂર્યવંશી ફ્લૉપ, પણ તેની ટીમ મોટી જીતની તૈયારીમાં

બેંગ્લૂરુ: યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશી દુલીપ ટ્રોફીમાં ભલે ફ્લોપ રહ્યો, હોય પરંતુ તેની ટીમ ઇસ્ટ ઝોન મોટી જીત તરફ આગળ વધી રહી છે. બેંગ્લૂરુમાં સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે રમાઈ રહેલી દુલીપ ટ્રોફીમાં નોર્થ-ઇસ્ટ ઝોનને ઈસ્ટ ઝોન સામે ફોલોઓન મળ્યું હતું. બીજા દિવસની રમત સમાપ્ત થાય તે પહેલા ઇસ્ટ ઝોનના બોલરોએ નોર્થ-ઇસ્ટને પ્રથમ દાવમાં ૧૧૧ રનમાં ઓલઆઉટ કરી દીધી હતી અને પછી ફોલો-ઓન આપ્યું હતું. બીજા દાવમાં નોર્થ-ઇસ્ટની ટીમને એક ઓવર રમવાની તક મળી અને તેણે ફક્ત સાત રન કર્યા હતા. નોર્થ-ઇસ્ટની ટીમ હજુ પણ ૩૪૯ રન પાછળ છે. મેચ જીતવા માટે ઈસ્ટ ઝોનને બીજી ઇનિંગમાં બધી ૧૦ વિકેટ લેવાની જરૂર પડશે.

ઇસ્ટ ઝોન ટીમ તરફથી પ્રથમ દાવમાં સુદીપ કુમાર અને શાહબાઝ અહેમદે સદી ફટકારી હતી. ઈસ્ટ ઝોન ટીમે પ્રથમ ઇનિંગમાં ૪૬૭ રન કર્યા હતા. સુદીપ કુમારે પ્રથમ ઇનિંગમાં ૨૫ ચોગ્ગા અને એક છગ્ગા સાથે ૧૪૬ રન કર્યા હતા જ્યારે શાહબાઝ અહેમદે શાનદાર બેટિંગ કરી ૨૪૪ બોલમાં ૧૬૭ રન ફટકાર્યા હતા. કુમાર કુશાગ્રે પણ ૫૫ રનનું યોગદાન આપ્યું હતું. અનુકુલ રોયે ૩૭ રન કર્યા હતા.

મેચ શરૂ થાય તે પહેલાં ચાહકોને વૈભવ સૂર્યવંશી અને ઇશાન કિશન પાસેથી ઘણી આશાઓ હતી. જોકે, આ મેચમાં બંને બેટ્સમેન નિષ્ફળ ગયા. વૈભવ આઠ અને ઈશાન કિશન ચાર રન કરીને આઉટ થયા હતા.

ઇસ્ટ ઝોન તરફથી અભિજિત સરકારે પાંચ વિકેટ લીધી હતી જ્યારે શાહબાઝ અહેમદે ત્રણ વિકેટ લીધી. હવે, આ મેચના ત્રીજા દિવસે ઈસ્ટ ઝોનના બોલરો નોર્થ ઈસ્ટની ટીમને જલદી આઉટ કરી જીત મેળવવાનો પ્રયાસ કરશે. ■

# નોર્થ અને વેસ્ટ ઝોન વચ્ચેની મેચમાં બોલરોનો દબદબો

બેંગ્લુરુ: દુલીપ ટ્રોફીની બીજી ક્વાર્ટર ફાઈનલ-૧ નોર્થ અને વેસ્ટ ઝોન વચ્ચે રમાઈ રહી છે. બીજા દિવસના અંતે મેચ ખૂબ રોમાંચક તબક્કામાં પહોંચી ગઈ છે. મેચમાં બોલરોનો દબદબો જોવા મળ્યો હતો. બીજા દિવસના અંતે નોર્થ ઝોને ૧૭૧ રનની લીડ મેળવી હતી. ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લેનાર નોર્થ પ્રથમ ઇનિંગમાં આયુષ બદોની (૫૧) અને અંશુલ કંબોજ (૬૦)ની અડધી સદીની મદદથી ૨૫૧ રન કર્યા હતા. વેસ્ટ ઝોન તરફથી તનુષ કોટિયન અને તુષાર દેશપાંડેએ ચાર-ચાર વિકેટ લીધી હતી, જેના જવાબમાં વેસ્ટ ઝોન પ્રથમ ઇનિંગમાં ફક્ત ૧૮૭ રનમાં ઓલઆઉટ થઈ ગયું. શમ્સ મુલાનીએ ૫૨ રન કર્યા હતા. આવેદ મુશ્તાકે સૌથી વધુ પાંચ વિકેટ લીધી હતી, જ્યારે અર્શદીપ સિંહે ત્રણ વિકેટ ઝડપી હતી. નોર્થ ઝોન પાસે પ્રથમ ઇનિંગના આધારે ૬૪ રનની લીડ મળી હતી. તેમણે બીજા દાવમાં ચાર વિકેટ ગુમાવીને ૧૦૭ રન ફટકારતા તેમની લીડ ૧૭૧ રન થઈ છે. ■

# એશિયન ગેમ્સની પસંદગીનાં માપદંડોમાં છૂટછાટ નહીં અપાય

નવી દિલ્હી: રમતગમત મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે જે ખેલાડીઓ એક વર્ષ પહેલા જાહેર કરાયેલા પસંદગીના માપદંડો પૂર્ણ નહીં કરે તેમને તેમના સમર્થકોના દબાણ છતાં એશિયન ગેમ્સ માટે પસંદ કરાયેલી ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવશે નહીં. રમતગમત મંત્રાલયે ૧૯ સપ્ટેમ્બરથી ૪ ઓક્ટોબર દરમિયાન જાપાનના આઈચી-નાગોયામાં યોજાનારી એશિયન ગેમ્સ માટે ૪૯૨ રમતવીરોની ટુકડીને મંજૂરી આપી છે. આમાં એથ્લેટિક્સના ૭૩ ખેલાડીઓ સામેલ છે.■

# યુવા ક્રિકેટરોને ડ્રગ્સ, ફિક્સિંગથી બચાવવાની સિલેક્ટરોની જવાબદારી

નવી દિલ્હી: ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) ની નવી જૂનિયર ક્રિકેટ પસંદગી સમિતિને એક નવી મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવશે. આ સમિતિ યુવા ક્રિકેટરોને ડ્રગ્સ, સટ્ટાબાજી અને મેચ ફિક્સિંગના ખતરાઓને લઈને સતર્ક કરશે. બીસીસીઆઈની આગામી વાર્ષિક સામાન્ય બેઠકમાં જૂનિયર પસંદગી સમિતિની જાહેરાત કરવામાં આવશે. બીસીસીઆઈએ જૂનિયર ક્રિકેટ સમિતિમાં પાંચ પદો માટે અરજીઓ મગાવી છે, જેની અંતિમ તારીખ પાંચમી સપ્ટેમ્બર છે.■

# મહિલા એશિયા કપ અગાઉ પાકિસ્તાનને ઝટકો

લાહોર: પાકિસ્તાનની વિકેટકીપર-બેટ્સમેન નઝીહા અલ્વી ઘૂંટણની ઈજાને કારણે મહિલા ટી-૨૦ એશિયા કપમાંથી બહાર થઈ ગઈ છે. તેના સ્થાન પર સદાફ શમાસને પાકિસ્તાનની મહિલા ટીમમાં સામેલ કરવામાં આવી છે.

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) અનુસાર, અલ્વીએ તેના ડાબા ઘૂંટણના પાછળના ભાગમાં દુખાવાની ફરિયાદ કરી હતી અને ત્યારબાદના સ્કેન કરવામાં આવતા ઈજાની જાણ થઈ હતી. પીસીબીની મેડિકલ ટીમ દ્વારા તપાસ બાદ તેની તાત્કાલિક સારવાર શરૂ કરાઈ હતી અને તેના સ્વસ્થ થવામાં ''ચાર અઠવાડિયા સુધી'' નો સમય લાગે તેવી સંભાવના છે. ■

## પશ્ચિમ રેલવે ટ્રેન નં. ૦૫૦૫૪/૦૫૦૫૩ બાંદ્રા ટર્મિનસ ⇌ ગોરખપુર સાપ્તાહિક સ્પેશિઅલ ટ્રેનને નિયમિત કરશે

| નિયમિત ટ્રેન નં. | પ્રારંભ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | W.E.F. | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૧૫૦૮૬ | બાંદ્રા ટર્મિનસ - ગોરખપુર (અમૃત ભારત એક્સપ્રેસ) | ૨૯.૦૮.૨૦૨૬ | ૨૧.૪૫ ક. (શનિવાર) | ૦૬.૪૫ ક. (સોમવાર) |
| ૧૫૦૮૫ | ગોરખપુર- બાંદ્રા ટર્મિનસ (અમૃત ભારત એક્સપ્રેસ) | ૨૮.૦૮.૨૦૨૬ | ૦૭.૫૦ ક. (શુક્રવાર) | ૧૭.૪૫ ક. (બીજા દિવસે) |

**થોભશેઃ** બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, સૂરત, વડોદરા, રતલામ, શામગઢ, ભવાની મંડી, કોટા, ગંગાપુર સિટી, બયાના, આગ્રાફોર્ટ, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, આઈશબાગ, બાદશાનગર, ગોંડા, બસ્તી અને ખલીલાબાદ સ્ટેશનો બંને દિશાઓમાં.

**સંરચનાઃ** સ્લિપર ક્લાસ અને સેકન્ડ સિટિંગ કોચેસ

સમય, થોભવાના સ્થળો અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે યાત્રીઓ કૃપયા www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો

ટ્રેન નં. ૧૫૦૮૬ માટે બુકિંગ ૨૬.૦૮.૨૦૨૬ના તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર ખૂલશે.

**પશ્ચિમ રેલવે**
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને અમને ફોલો કરો
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપયા તમામ આરક્ષિત ટીકીટો માટે અસલ ID પ્રૂફ સાથે રાખો.

# સરકારે ઘઉં અને ઘઉંની બનાવટો પરનો નિકાસ પ્રતિબંધ દૂર કર્યો

નવી દિલ્હી/નવી મુંબઈ : સરકારે આજે તાત્કાલિક ધોરણે અમલી બને તેમ દુર્રમ સહિતની વેરાઈટીઓનાં ઘઉંની નિકાસ પરનો પ્રતિબંધ દૂર કર્યો છે. ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડ દ્વારા આજે બહાર પાડવામાં આવેલા નોટિફિકેશન અનુસાર સરકારે ઘઉંના લોટ, મેંદો અને સોજી (સિમેલિન) જેવી અન્ય ઘઉંની બનાવટોની નિકાસને પણ મંજૂરી આપી છે. નોંધનીય બાબત એ છે કે અગાઉ ગત ફેબ્રુઆરીમાં સરકારે ઘઉંના મર્યાદિત શિપમેન્ટને મંજૂરી આપી હતી. જોકે, હવે ઘઉંની નિકાસ નીતિ તાત્કાલિક ધોરણે પ્રતિબંધમાંથી મુક્ત કરવામાં આવી હોવાનું નોટિફિકેશનમાં ઉમેર્યું હતું.

સરકારનાં નિકાસ પ્રતિબંધનાં નિર્ણયથી લાંબા સમયથી સુષુપ્ત અવસ્થામાં રહેલી ઘઉંની બજાર બહાર આવી હોવાનું નવી મુંબઈ એપીએમસી માર્કેટનાં વિશ્લેષક દેવેન્દ્ર અમૃતલાલ વોરાએ જણાવતાં ઉમેર્યું હતું કે સરકાર પાસે ગત ૩૧મી જુલાઈના રોજ ૫.૧૦ કરોડ ટન જેટલો પર્યાપ્ત માત્રામાં ચમકવિહોણા ઘઉંનો સ્ટોક હતો જે લાંબો સમય સુધી ટકે તેમ ન હોવાથી તેનો નિકાસ કરવો પણ જરૂરી હતો. ગત ૧૨મી જાન્યુઆરીથી ૫૦ લાખ ટન ઘઉં અને ૧૦ લાખ ટન ઘઉંની આડપેદાશોની નિકાસની શરતી છૂટ આપવામાં આવી હતી, પરંતુ આકરાં નિયંત્રણો હોવાથી યુરોપિયન અને આફ્રિકન દેશોમાં પૂછપરછ હોવા છતાં નિકાસમાં અવરોધ આવતા હતા. કેમ કે ૧૦ હજાર ટન ઘઉં અને ૨૫૦૦ ટન મેંદો અને લોટમાં નિકાસ સિંગલ બાયર વિદેશોમાં બંધબેસતા નહોતા. જોકે, સરકારને વારંવાર ઈ-મેઈલ અને અખબારી યાદી મારફતે વેપારીઓ દ્વારા જાણકારી આપવામાં આવતી હતી, પરંતુ શક્ય છે કે સરકારે અલ નિનોની સંભવિત અસરને ધ્યાનમાં લેતા થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી હોય.

સરકારે ઓપન સેલ સ્કીમની ભાવ સાથે જાહેરાત કરતાં સ્થાનિકમાં પણ ભાવ કાબૂમાં રહે તેવી વ્યવસ્થા સાથે નિયંત્રણો દૂર કરતાં બજારમાં નિકાસના ઉજળા સંજોગો નિર્માણ થયા છે. જોકે, ઘઉંની નિકાસ બાબતે જોઈએ તો હાલમાં ખેડૂતો કે નાના સ્ટોકિસ્ટો પાસે પણ હાલમાં માલ નહીંવત્ છે, પરંતુ સરકાર પાસે જે મોટી માત્રામાં માલ છે તેની નિકાસ થતાં ફ્રી રેશનની થોડીઘણી નુકસાની સરભર થશે, એમ તેમણે જણાવતા ઉમેર્યું હતું કે આ નિર્ણયથી ઘઉંની બનાવટોના સાહસિકોને નક્કી સુવર્ણ તક મળશે અને ડચકા ખાતી ફ્લોર મિલો પુનઃ જીવિત થશે.

# દેશમાં ખાંડની અછત નથી, આગામી દિવસોમાં ખાંડના રિટેલ ભાવ નીચા આવશેઃ ઈસ્મા

નવી દિલ્હીઃ ખાંડ ઉદ્યોગના અગ્રણી સંગઠન ઈન્ડિયન સુગર મિલ્સ એસોસિયેશન (ઈસ્મા)એ આજે જણાવ્યું હતું કે દેશમાં ખાંડની કોઈ અછત નથી અને રિટેલ સ્તરે ભાવમાં ઘટાડો જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરી છે. અત્રે પત્રકાર પરિષદને સંબોધતા ઈસ્માના પ્રમુખ નિરજ શિરગાવકરે જણાવ્યું હતું કે ટ્રેડરો અને ઔદ્યોગિક વપરાશકારો દ્વારા થયેલી સટ્ટાકીય લેવાલી ઉપરાંત પ્રતિકૂળ હવામાનને કારણે ઉત્પાદન ઓછું થવાની ભીતિ સહિતના કારણોસર ખાંડના ભાવમાં તેજીનું વલણ જોવા મળ્યું છે. વધુમાં તેમણે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે કૃત્રિમ અછત ઊભી કરવામાં અને એક્સ મિલ ધોરણે ભાવવધારામાં ખાંડ મિલો બિલકુલ સંડોવાયેલી નથી.

સરકારે ૧૦ લાખ ટન કાચી ખાંડની ડ્યૂટીમુક્ત આયાત કરવાની જાહેરાત કરવાની સાથે ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું છે અને દેશમાં ખાંડની કોઈ અછત ન હોવાનું તેમણે ઉમેર્યું હતું. ઈસ્માના મતાનુસાર વર્તમાન ખાંડ મોસમના અંતે અથવા તો સપ્ટેમ્બરનાં અંતે દેશમાં ખાંડનો આખર માલનો સ્ટોક ૩૫ લાખ ટન જેટલો રહેશે. વધુમાં તેમણે કહ્યું હતું કે ખાંડ મિલો આગામી ૧૫મી ઑક્ટોબર આસપાસ પિલાણ શરૂ કરશે અને ઑક્ટોબર મહિનામાં દેશની સરેરાશ વપરાશી માગ ૨૪થી ૨૫ લાખ ટન રહેવાનો અંદાજ છે.

# ભૂરાજકીય તણાવ અને ક્રૂડતેલના ભાવ વધતાં ઈક્વિટી બૅન્ચમાર્કમાં નરમાઈ

### વિદેશી ફંડોની ₹ ૧૧૮૧.૬૬ કરોડની અને સ્થાનિક ફંડોની ₹ ૨૪૯૩ કરોડની લેવાલીના ટેકે ઘટાડો મર્યાદિત

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા ઈરાન પર વધુ પ્રતિબંધો લાદે અને ભૂરાજકીય તણાવમાં વધારો થવાની ભીતિ હેઠળ આજે ક્રૂડતેલના ભાવમાં તેજીનું વલણ રહેતાં સાવચેતીના અભિગમ વચ્ચે બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સ અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૭૧.૭૨ પૉઈન્ટનો અને ૩૨.૯૫ પૉઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. જોકે, એક્સચેન્જની આંકડાકીય માહિતી અનુસાર આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૨,૩૩૨.૬૪ કરોડની ખરીદી સામે રૂ. ૧૧,૧૫૦.૯૮ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૧૧૮૧.૬૬ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી તેમ જ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૫,૩૩૭.૧૮ કરોડની ખરીદી સામે રૂ. ૧૨,૮૪૩.૭૭ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૨૪૯૩.૪૧ કરોડની ચોખ્ખી ખરીદી રહી હોવાથી બૅન્ચમાર્કમાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગત શુક્રવારના ૭૭,૫૬૪૦.૯૩ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૭૭,૬૨૯.૫૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૭,૨૦૧.૬૬ અને ઉપરમાં ૭૭,૭૮૯.૪૦ સુધી મજબૂત થયા બાદ અંતે આગલા બંધ સામે ૦.૨૨ ટકા અથવા તો ૧૭૧.૭૨ પૉઈન્ટના ઘટાડા સાથે ૭૭,૫૪૦.૯૩ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગત શુક્રવારના ૨૪,૨૫૨ના બંધ સામે વધીને ૨૪,૨૮૫.૦૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ૨૪,૧૪૪.૩૦થી ૨૪,૩૧૩ની રેન્જમાં રહ્યા બાદ અંતે ૦.૧૪ ટકા અથવા તો ૩૨.૯૫ પૉઈન્ટના ઘટાડા સાથે ૨૪,૨૧૯.૦૫ના મથાળે બંધ રહ્યો હતો.

એકંદરે આજે મધ્ય પૂર્વનાં દેશોમાં તણાવની ચિંતા વચ્ચે એશિયન માર્કેટમાં જોવા મળેલી નરમાઈને ધ્યાનમાં લેતા સ્થાનિકમાં ખાસ કરીને બૅન્કિંગ અને ફાઈનાન્સ ક્ષેત્રના શૅરોમાં વ્યાપક વેચવાલી રહેતાં બૅન્ચમાર્ક દબાણ હેઠળ આવ્યા હોવાનું વૅલ્થટેક કંપની એનરીચ મનીનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પોન્મુડી આરએ જણાવતાં ઉમેર્યું હતું કે વૉશિંગ્ટને ઈરાન પર લાદવામાં આવનારા પ્રતિબંધો તેને માટે ઈકોનોમિક ડી-ડે (ડૂમ્સ ડે) સમાન હશે એવી પ્રતિબદ્ધતા દાખવી હતી, જ્યારે ઈરાને અખાતી દેશોમાંથી તેની નિકાસ અટકાવવામાં આવશે એવી ધમકી આપતાં બન્ને દેશો વચ્ચે તણાવ વધવાની ભીતિ સપાટી પર આવતા બજારમાં સાવચેતીનો અભિગમ જોવા મળ્યો હતો.

તે જ પ્રમાણે એચએસટી વૅલ્થનાં સીઈઓ હરિસેલ્વન રાધાકૃષ્નને જણાવ્યું હતું કે અમેરિકાએ ઈરાન પર આકરા પ્રતિબંધો લાદવામાં આવશે એવી જાહેરાત કરતાં તણાવ વધવાની શક્યતાને ધ્યાનમાં લેતા બજારમાં જોવા મળેલો આરંભિક સુધારો ધોવાઈ ગયો હતો અને અંતે નકારાત્મક અન્ડરટોને બજાર બંધ રહી હતી.

આજે અમેરિકા ઈરાન પર કેવાં પ્રતિબંધો લાદે છે તેની રાહ હેઠળ બજારમાં સાવચેતીનું વલણ જોવા મળ્યું હતું. જોકે, બ્રેન્ટ ક્રૂડતેલમાં નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં જોવા મળેલા સાધારણ ઘટાડાનો બજારને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ્સ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવતાં ઉમેર્યું હતું કે અમેરિકાના પ્રતિબંધોની ક્રૂડતેલના ભાવ પર કેવી અસર થશે તે જોવું રહ્યું.

દરમિયાન આજે બીએસઈ ખાતે કુલ ૪૬૮૮ શૅરમાં કામકાજ થયા હતા. જેમાંથી ૧૯૭૩ શૅરના ભાવ વધીને, ૨૪૬૭ શૅરના ભાવ ઘટીને અને ૨૪૮ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૮૭ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૧૨૨ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા અને ૪૨ શૅરોમાં નીચલી સર્કિટ લાગી હતી. વધુમાં આજે બીએસઈ મિડકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં ૦.૧૧ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે સ્મોલકેપ સિલેક્ટ ઈન્ડેક્સમાં સાધારણ ૦.૦૬ ટકાનો સુધારો આવ્યો હતો.

# સોનામાં ₹ ૧૫૩૪ની આગેકૂચ, ચાંદીમાં ₹ ૧૨૩૯ની પીછેહઠ

મુંબઈઃ લંડન ખાતે આજે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સનાં નરમાઈના અન્ડરટોન સાથે સોનાના ભાવ એક ટકાના ઉછાળા સાથે ત્રણ મહિના કરતાં વધુ સમયગાળાની ઉપરની સપાટીએ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હોવાના અહેવાલોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ઝવેરી બજારમાં બન્ને કિંમતી ધાતુઓમાં સામસામા રાહ જોવા મળ્યા હતા, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૫૨૮થી ૧૫૩૪ની આગેકૂચ જોવા મળી હતી, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૨૩૯ની પીછેહઠ જોવા મળી હતી.

આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે હાજરમાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૫૨૮ વધીને રૂ. ૧,૬૧,૫૦૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧૫૩૪ વધીને રૂ. ૧,૬૨,૧૫૪ના મથાળે રહ્યા હતા. જોકે, તાજેતરમાં સોનાના ભાવમાં ચમકારો આવ્યો હોવાથી છૂટીછવાઈ રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. તેમ જ આજે વેરારહિત ધોરણે હાજરમાં ચાંદીના કિલોદીઠ ભાવ આગલા બંધ સામે રૂ. ૧૨૩૯ના ઘટાડા સાથે રૂ. ૨,૪૫,૩૯૧ના મથાળે રહ્યા હતા. ચાંદીમાં માત્ર ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી લેવાલી હતી, પરંતુ જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે એક ટકો વધીને ઔંસદીઠ ૪૬૪૯.૦૮ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૪૭૦૬.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ઔંસદીઠ ૬૮.૯૩ ડૉલર આસપાસ ટકેલા રહ્યા હતા.

એકંદરે અમેરિકી ટ્રેઝરી ડિપાર્ટમેન્ટનાં લાંબાગાળાના બૉન્ડના બાયબૅકના કાર્યક્રમની જાહેરાત પશ્ચાત્ ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં ગત સપ્તાહે સોનાના વૈશ્વિક ભાવમાં પાંચ ટકા જેટલો ઉછાળો આવી ગયો છે. જોકે, વૈશ્વિક સોનું ઔંસદીઠ ૪૬૦૦ ડૉલર આસપાસની સપાટીએ કોન્સોલિડેટ થવાની શક્યતા વ્યક્ત કરતાં એક્ટિવ ટ્રેડના વિશ્લેષક રિકાર્ડો એવાન્જેલિસ્ટાએ જણાવતાં ઉમેર્યું હતું કે હજુ કેટલો સમય ડૉલર ઈન્ડેક્સ દબાણ હેઠળ રહે તેના પર સોનાની વધઘટ અવલંબિત રહેશે.

આજે બજાર વર્તુળોની નજર બુધવારે જાહેર થનારા ગત જુલાઈ મહિનાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા પર અને આગામી શુક્રવારનાં રોજ જેક્શન હૉલ ખાતેનાં ફેડરલ રિઝર્વના અધ્યક્ષ કેવિન વાર્શનાં વક્તવ્ય પર સ્થિર થઈ હોવાથી અમુક અંશે રોકાણકારોનો સાવચેતીનો અભિગમ પણ જોવા મળ્યો હતો. જોકે, તાજેતરમાં આવેલા અમેરિકાના આર્થિક ડેટાઓને ધ્યાનમાં લેતા અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં વધારો કરે તેવી માત્ર ૩૬ ટકા શક્યતા બજાર વર્તુળો સીએમઈ ફેડ વૉચ ટૂલ પર મૂકી રહ્યા છે. વાસ્તવમાં જોઈએ તો ફુગાવામાં વધારાના સંજોગોમાં સોના જેવી અસ્ક્યામતોમાં રોકાણકારોની માગ રહેતી હોય છે, પરંતુ હાલના સંજગોમાં જો ફુગાવો વધે તો વ્યાજદરમાં કપાતની શક્યતા નબળી પડતી હોવાથી સોનામાં રોકાણકારો લેવાલીથી દૂર રહેતા હોય છે. વધુમાં અમેરિકાએ ઈરાનના વેપારી ભાગીદાર દેશો પર આકરા આર્થિક નિયંત્રણો લાદવા તૈયારી કરી રહ્યું હોવાનું જણાવતાં ક્રૂડતેલના ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું.

**પશ્ચિમ રેલવે**

**બ્રિજ પેઈન્ટિંગ વર્ક**

ડે. ચી. (બ્રિજ-લાઈન), પશ્ચિમ રેલવે, દાદર ઈ-ટેન્ડર નં.: DYCE-BR-DDR-૨૦૨૬-૦૮ મંગાવે છે. કામનું નામ: ''મુંબઈ ડિવિઝનના ADE/B/વલસાડના અધિકાર ક્ષેત્રમાં વિરાર-સૂરત સેક્શનમાં Br નં. ૧૬૬ UP, ૧૬૬ DN, ૧૬૯ UP & ૧૬૯ DN તથા ચર્ચગેટ-વિરાર-સફાલે સેક્શન વચ્ચે મેજર સ્ટીલ ગર્ડર બ્રિજ નં. ૨૩A UP/DN હર્બર (OWG), ૨૭ UP/DN હર્બર, ૩૧ UP/DN હર્બર, ૩૧ UP/DN લોકલ, ૩૧ UP/DN દ્વારા, ૩૧ STA, ૫૬STA, ૪૬ UP/DN દ્વારા ૪૬ STA, ટર્ન ટેબલ બાંદ્રા, ૯૨ UP/DN અને ૯૩ UP/DNનું પેઈન્ટિંગ''. કામની અંદાજિત કિંમતઃ ₹ ૭૮,૩૮,૫૩૭.૬૮. બારડીઃ ₹ ૧,૫૬,૮૦૦/-. ઈ-ટેન્ડરની સુપ્રતિ માટે અને ઈ-ટેન્ડર ખોલવા માટેની તારીખ અને સમયઃ ઓનલાઈન ટેન્ડર ૧૮.૦૯.૨૦૨૬ના ૧૫.૦૦ ક. પહેલા સુપ્રત કરવાના રહેશે અને તે જ દિવસે તા. ૧૮.૦૯.૨૦૨૬ના ૧૫.૩૦ ક. ખૂલશે. વેબસાઈટ વિગતો અને સ્થળ માટે નોટિસ જ્યાં સંપૂર્ણ વિગતો વેબસાઈટ @www.ireps.gov.in પર જોઈ શકાય છે. 0512

અમને લાઈક કરો : facebook.com/WesternRly

**PUBLIC NOTICE**

NOTICE is hereby given to the public at large that M/s.Parshwa Maitri Corporation LLP, a Limited Liability Partnership Firm duly registered under the provisions of the Limited Liability Partnership Act, 2008, having its registered office at ROW House number 7, Jansukh Niwas CHS ltd, Kasturba Road, Kandivali west, Mumbai 400064, through its constituted Attorney to the designated partners, Apurva Paresh Shah, (collectively the "Owners"), are the owners of and well and sufficiently entitled to the undermentioned land and the structures standing thereon. The said property is free from all encumbrances, charges, liens, mortgages, claims, demands, attachments, trusts, and other liabilities of any nature whatsoever, and Owners have a clear, marketable, and indefeasible title thereto.

AND WHEREAS Owners have decided to undertake the redevelopment of the said property. For the said purpose, my client is negotiating with the Owners to jointly re-develop the said property by being admitted to the said LLP as a partner with certain terms and conditions mentioned and recorded between them.g

Any and all persons/entities including any bank and/or financial institution having any right, title, claim, benefit, demand and/or interest etc. against the Owners and/or its partners and/or the undermentioned land and/or the structure standing thereon or any part thereof and/or any part thereof and/or any other rights, title, interest etc. or any part thereof including any right, title, claim, benefit, demand and/or interest etc. by way of sale, exchange, let, lease, sub-lease, license, assignment, mortgage, tenancy, inheritance, bequest, succession, gift, lien, charge, maintenance, easement, family arrangement/settlement, contracts, agreements, partnership, arrangement, decree and/or order of any Court of Law, Tribunal, Authority and/or any other fora or otherwise of whatsoever nature, is/are hereby required to make the same known in writing, along with supporting documentary evidence, to the undersigned at the address and the email ID mentioned below, within fifteen (15) days from the date of the publication of this public notice, failing which, any and all the rights, titles, claims, benefits, demands and/or interests etc., if any, shall be deemed to have been waived and abandoned and extinguished for all purposes.

The Schedule above referred to All that pieces and parcel of vacant land admeasuring 1278 sq mtrs or thereabouts lying being and situated at CTS No 700, Village Malad North, Ramchandra lane, Malad west, Mumbai-400064 and bounded as follows:

**On the North:** Existing Ramchandra lane.
**On the South :** Nalla
**On the East :** Shreeji Apartment, CTS 698, 699
**On the West:** Milan CHS Ltd (CTS 701)

**Dated this 25th day of August, 2026**

**Mehul Rathod**
**Advocates High Court,**
Office No.5, 1st Floor, Shree Mahavir Chambers, 1/5, Banaji Street, Off. Cawasji Patel Street, Fort, Mumbai - 400 001.
Email id: adv.marathod@gmail.com

# ડૉલર સામે રૂપિયામાં સાધારણ એક પૈસાનો સુધારો

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સત્ર દરમિયાન જોવા મળેલો સાત પૈસાનો સુધારો ધોવાઈ ગયો હતો અને સત્રના અંતે રૂપિયો આગલા બંધ સામે સાધારણ એક પૈસાના સુધારા સાથે ૯૫.૭૦ના મથાળે બંધ રહ્યો હતો. વધુમાં અમેરિકા દ્વારા ઈરાન પર આર્થિક નિયંત્રણો લાદવામાં આવે તેની ભીતિ હેઠળ તાજેતરમાં ક્રૂડતેલના ભાવમાં વધારો થવાની સાથે આયાતકારોની ડૉલરમાં લેવાલી રહેવાને કારણે પણ રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૫.૭૧ના બંધ સામે સુધારા સાથે ૯૫.૬૮ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૭૫ અને ઉપરમાં ૯૫.૬૪ સુધી મજબૂત થયા બાદ અંતે આગલા બંધ સામે એક પૈસાના સુધારા સાથે ૯૫.૭૦ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયામાં ત્રણ પૈસાનો સુધારો આવ્યો હતો. હાલમાં અમેરિકા અને ઈરાનની મડાગાંઠ વચ્ચે ક્રૂડતેલના ભાવમાં તેજીનું વલણ રહેતું હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નકારાત્મક વલણ જોવા મળે તેવી શક્યતા છે. તેમ છતાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રૂપિયાને અમુક અંશે ટેકો આપી શકે છે, એમ મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી સમયગાળામાં ડૉલર સામે રૂપિયો ૯૫.૫૦થી ૯૬ની રેન્જમાં રહે તેમ જણાય છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૧૮ ટકા વધીને ૯૮.૯૮ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૧૭૧.૭૨ પૉઈન્ટ અને ૩૨.૯૫ પૉઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યો હતો

# ખાંડમાં વધુ ₹ ૨૭૨થી ૩૯૮નો ઘટાડો

નવી મુંબઈઃ સરકાર દ્વારા ખાંડની સંગ્રહખોરી ડામવા માટે રાજ્યના વિવિધ વેપારીઓ પર પાડવામાં આવી રહેલા દરોડાઓ અને ખાંડ મિલો પર વાસ્તવિક સ્ટોકની ચકાસણીઓ થઈ રહી હોવાથી ગત ગુરુવારે મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં ભાવ જે ક્વિન્ટલે રૂ. ૬૫૦૦ સુધી પહોંચી ગયા હતા તે ગત શનિવારે અંદાજે ૧૦ ટકાના ઘટાડા સાથે ક્વિન્ટલે રૂ. ૫૮૫૦ આસપાસની સપાટીએ રહ્યા હતા. આમ મથકો પરનાં નિરુત્સાહી અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ આજે હાજરમાં ભાવઘટાડો આગળ ધપતાં ક્વિન્ટલે રૂ. ૨૭૨થી ૩૯૮ ઘટી આવ્યા હતા, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ક્વિન્ટલે રૂ. ૩૩૦થી ૪૦૦નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની પ્રબળ માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હોવા છતાં મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૯૮ અને ઉપલા મથાળેથી રૂ. ૩૮૮ ઘટીને રૂ. ૫૮૦૨થી ૫૯૯૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ.૨૭૨થી ૩૦૧ના ઘટાડા સાથે રૂ. ૫૯૮૦થી ૬૨૨૧માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની ખપપૂરતી માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૦ એ ઉપલા મથાળેથી રૂ. ૩૩૦ના ઘટાડા સાથે રૂ. ૫૬૫૦થી ૫૭૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૦૦ અને ઉપલા મથાળેથી રૂ. ૩૫૦ના ઘટાડા સાથે રૂ. ૫૭૫૦થી ૫૮૫૦માં થયાના અહેવાલ હતા.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**વિભાગઃ હાઈડ્રોલિક એન્જિનિયરનો વિભાગ**
**નં. E.E. (M.)M.W./૨૫૮૪/મેઈન્ટ- તા. ૨૪-૦૮-૨૦૨૬**
**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય અને બીડ અંતિમ તારીખ અને સમય ટેન્ડર સેક્શન અને મહાટેન્ડર પોર્ટલ હેઠળ B.M.C.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટીસમાં ઉલ્લેખેલ છે.

| ક્ર. નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧ | ૨૦૨૬_MCGM_૧૩૨૯૯૦૦ | A.E. (M.) W.W. શહેર સેક્શન હેઠળ મશીન સ્ટોપ સેક્શનમાં એસેસરીઝ સાથે યુનિવર્સલ મિલિંગ મશીનનું સપ્લાય અને કમિશનિંગ (ટેન્ડરની ઈશ્યૂ અને વેચાણની તારીખઃ ૨૫.૦૮.૨૦૨૬) |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે http://portal.mcgm.gov.in ખાતે BMC વેબસાઈટ અને http://mahatenders.gov.in ખાતે મહાટેન્ડર પોર્ટલ વેબસાઈટની મુલાકાત લો.

સહી/-
PRO/1190/ADV./2026-27 E.E. (M.) M.W.

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**વૃક્ષ પ્રાધિકરણ**
**- પબ્લિક નોટીસ -**

મહારાષ્ટ્ર (અર્બન એરિયાસ) પ્રોટેક્શન એન્ડ પ્રીઝર્વેશન ઓફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ (૨૪મી જાન્યુઆરી ૨૦૨૫ સુધી સુધારિત)ની કલમ ૮ (૩) (C) હેઠળની જોગવાઈને અનુરૂપ ઝોન **III**માં **H/પશ્ચિમ** વોર્ડમાંથી ૦૩ પ્રસ્તાવો, **K/સાઉથ** વોર્ડમાંથી ૦૨ પ્રસ્તાવો અને **K/નોર્થ** વોર્ડમાંથી ૦૩ પ્રસ્તાવો કુલ ૦૮ પ્રસ્તાવો. (અર્બન એરિયાસ) પ્રોટેકશન એન્ડ પ્રીઝર્વેશન ઓફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ (૨૪મી જાન્યુઆરી ૨૦૨૫ સુધી સુધારિત)ની કલમ ૮ (૬) હેઠળ વૃક્ષોને હટાવવા માટે મ્યુનિસિપલ કમિશનર/ચેરમેન, ટ્રી ઓથોરિટી દ્વારા મંજુરી મેળવવા માટે પ્રાપ્ત થયેલ.

ઉપર દર્શાવેલ પ્રસ્તાવોમાં કટીંગ/ટ્રાન્સપ્લાન્ટિંગ માટે વૃક્ષોની માહિતી BMC વેબસાઈટ - www.mcgm.gov.in. ....> About us ....> ward/Department ....> Department manuals ....> Gardens & Tree Authority ....> Docs ....> Tree Permission 21 Days ....> 517(H/West), 518(K/South), 519(H/West), 520(K/North), 521(K/North), 522(H/West), 523(K/North), 524(K/South) - Zone-3 ઉપર ઉપલબ્ધ છે.

**સુપ્રિ. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસર ઓફ ટ્રી ઓથોરિટી**

સુપ્રિ. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસર ઓફ ટ્રી ઓથોરિટી
હમ્બોલ્ટ પેન્ગવીન બિલ્ડીંગ, ૨જો માળ,
વીરમાતા જીજાબાઈ ભોસલે બોટેનિકલ ઉદ્યાન & ઝૂ
સંત સાવતા માલી માર્ગ, ભાયખલા (પૂ),
મુંબઈ- ૪૦૦૦૨૭.
ટેલિ. નં. - ૨૩૭૪૨૧૬૨
ઈ-મેલ- dysg.ta@mcgm.gov.in

સહી/-
PRO/1195/ADV./2026-27 સુપ્રી. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસર

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**SMT. M.T. અગ્રવાલ મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ મુલુંડ, મુંબઈ-૪૦૦૦૮૦**
**નં. MGH/૩૩૨૭/AMW તા. ૨૪.૦૮.૨૦૨૬**
**ઈ-ટેન્ડર નોટિસ**

આ ઈ-ટેન્ડર નોટીસ છે. બૃહન્મુંબઈના મ્યુનિસિપલ કમિશ્નર નીચેના કામો માટે ઈ-ટેન્ડર મંગાવે છે.

| ક્ર. નં. | કામનું નામ | બાના રકમ ડીપોઝીટ (બારડી) રૂ. | સ્ક્રુટીની ફી રૂ. | બીડ પ્રારંભ તારીખ અને સમય | ઈ-ટેન્ડર ફોર્મની સુપ્રતીની છેલ્લી તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | Smt. M.T. અગ્રવાલ હોસ્પિટલ મુલુંડ (પ)ના રેડિયોલોજી વિભાગ માટે DR સિસ્ટમ સાથે ૩૦૦ MA એક્સરે મશીનનું સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. બીડ નં. GEM/ ૨૦૨૬/B/ ૭૯૩૧૨૦૨ | રૂ. ૩૮૯૦૦/- | રૂ.૭૯૮૬/- + ૧૮% GST રૂ. ૯૪૨૩/- | ૨૪/૦૮/૨૦૨૬ | ૦૩/૦૯/૨૦૨૬ |

MCGMમાં નોંધાયેલ હોય અને અગાઉથી જેઓએ કાયમી ડીપોઝીટ ચૂકવેલ છે તેમના સહિત, તમામ બીડરોએ બારડી (હેડર ડેટામાં દર્શાવ્યા મુજબ) ટેન્ડરના ટેક્નિકલ પેકેટના ખોલ્યા પહેલા DD ફોર્મેટમાં ચૂકવવાના રહેશે. ડિમાન્ડ ડ્રાફ્ટ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનને સંબોધિત કરવાના રહેશે.

નોંધ એ) ઉપરોક્ત ટેન્ડરના પાત્રતા માપદંડો https://gem.gov.in વેબસાઈટ પર અપલોડ કરાયેલ ઈ-ટેન્ડર સૂચનામાંથી સંદર્ભ લો.

ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ દ્વારા ઈશ્યૂ અથવા પ્રાપ્ત કરવામાં આવશે નહીં.

સહી/-
ચીફ મેડિકલ ઓફિસર
PRO/1189/ADV./2026-27 Smt. M.T. અગ્રવાલ મ્યુનિસિપલ જનરલ હોસ્પિટલ, મુલુંડ (પ.)

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

**मुंबई इमारत दुरुस्ती व पुनर्रचना मंडळ**
**(म्हाडाचा घटक)**
म्हाडा MHADA

उपमुख्य अधिकारी/पु.गा., गृहनिर्माण भवन, कक्ष क्र. ३७२, दुसरा मजला, कलानगर, वांद्रे (पु), मुंबई-५१

**जाहिर सुचना**

मुंबई इमारत दुरूस्ती व पुनर्रचना मंडळाच्या अखत्यारीतील उपकर प्राप्त इमारतीमधील ज्या भाडेकरु/रहिवाशी यांना निष्कासन सूचना (व्हेकेशन नोटिस) देऊन इमारत खाली करण्यात आलेली आहे व त्यांच्या मूळ इमारतीचा अरुंद भूखंड, आरक्षण, रस्ता रूंदीकरण इत्यादी कारणामुळे पुनर्विकास शक्य नाही. तसेच उपकरप्राप्त इमारती पुनर्रचित झालेल्या आहेत, परंतु कमी गाळे बांधले गेले आहेत अशा वंचित मुळ भाडेकरु/रहिवाशी यांना यापूर्वी मंडळाद्वारे पुनर्रचित/पुनर्विकसित इमारतीमध्ये कायमस्वरुपी गाळा देण्यात आलेला नाही व त्यांचे वारसदार संक्रमण शिबीरात स्वतः अधिवास धारण करीत आहेत. अशा खऱ्याखु-या मूळ भाडेकरु/रहिवाशी अथवा त्यांचे वारसदार यांचेकडून **दि. ०१/०९/२०२६ सकाळी १०.०० वाजता पासून ते दि. २०/०९/२०२६ रात्री ११.५९ पर्यंत** बृहतसूचीवरून पात्रता निश्चित करून गाणे वितरणासाठी ओनलाईन अर्ज मागविण्यात येत आहेत. अर्जदाराची नोंदणी व ओनलाईन अर्ज भरण्याची पद्धत म्हाडा संकेतस्थळ **masterlist.mhada.gov.in** वर उपलब्ध आहे.

**ओनलाईन अर्ज करण्याची कार्यपद्धत खालील प्रमाणे.**

Step-१. सर्वप्रथम अर्जदार यांनी म्हाडा संकेतस्थळ www.mhada.gov.in. वर citizen corner मध्ये जाऊन Application for Masterlist वर Click करून नोंदणी (Registration) करावे.

**अथवा**

masterlist.mhada.gov.in या संकेतस्थळावर जावून Registration करावे

Step-२. Login करण्यासाठी नोंदणी (Registration) करताना वापरलेल्या e-mail ID व पासवर्ड (Password) ने Login करावे.
सदर **e-mail ID** व पासवर्ड (**Password**) जतन करून ठेवावा.

Step-३. Login केल्यानंतर आपणांस अर्ज करण्याच्या सुचना व पद्धती [Guidelines/User Manual] दिसून येईल. त्यानुसार आपणांस अर्ज करणे सोपे होईल.

**सूचनाः-**

१] नोंदणी (Registration) करताना अर्जदाराचा वैध मोबाईल नंबर आणि ई-मेल पत्ता असणे आवश्यक आहे.
२] अर्ज भरण्याच्यावेळी अर्जदाराकडे खालील कागदपत्रांच्या Scan Copy असणे आवश्यक आहे.
i] अर्जदाराचा रंगीत फोटो. (jpg format)
ii] अर्जदाराचा हस्ताक्षर किंवा अंगठ्याचा ठसा आदीचा फोटो. (jpg format)
iii] आधार कार्ड (pdf format)
iv] व्हेकेशन नोटीस, जुन्या इमारतीतील गाळ्यांची भाडेपावती, विद्युत देयक, संक्रमण शिबिरातील गाळ्याचे वितरण आदेश व ताबा पावती (pdf format)
v] हस्तांतरण करारनामा (Transfer Agreement) (pdf Format)

**टीपः-**

१. ज्यांना या पूर्वी बृहतसूची समितिने पात्र घोषित केलेले आहे अशा व्यक्तीनी नव्याने अर्ज दाखल करु नये. तसेच ज्या अर्जदारांनी ऑनलाईन पद्धतीने अर्ज दाखल केला आहे अशा अर्जदारांनी पुनश्च नव्याने अर्ज दाखल करु नये.
२. तथापि, ज्यांनी यापुर्वी बृहतसुचीकरीता ऑफलाईन पद्धतीने अर्ज केलेला आहे परंतु त्यांचे प्रकरण अद्याप प्रलंबित आहे अशा व्यक्तीनी नव्याने ऑनलाईन अर्ज दाखल करावा.
३. अर्ज यशस्वीरित्या Submit केल्यानंतर, अर्जदाराने स्वतः प्रमाणित केलेले, अर्जासोबत ऑनलाईन दाखल केलेले कागदपत्र ३० दिवसांच्या कालावधीत खाली नमूद केलेल्या पत्तयावर जमा करावीत.
**पत्ताः खोली क्र. ३७२, दुसरा मजला, म्हाडा, गृहनिर्माण भवन, कलानगर, बांद्रा पुर्व, मुंबई-५१.**
४. सुनावणीच्या वेळेस अर्जदाराने सर्व Upload केलेल्या कागदपत्रांच्या मूळ प्रती व त्यासंबंधीत कागदपत्रे सोबत आणणे बंधनकारक आहे. अर्जदाराची पात्रता व पुनर्रचित/ पुनर्विकसित गाळ्याचे वितरण याबाबत म्हाडा अधिनियम १९७६ व विनिमय १९८१ तसेच शासनाचे व म्हाडाचे नूतन धोरणातील तरतुदीमधील धोरणानुसार गुणवत्तेवर निर्णय घेण्यात येईल.

**मा. उपाध्यक्ष/ प्राधिकरण यांचे मान्यतेने**
**दिनांकः- 20/08/2026**

सही/-
**उपमुख्य अधिकारी/ पु.गा.**
**मुंबई ईमारत दुरुस्ती व पुनर्रचना मंडळ**
**मुंबई**

म्हाडा-गृहनिर्माण क्षेत्रातील देशातील अग्रगण्य संस्था
CPRO/A/652
Follow us:mhadaofficial



# વ્યવહારુ ભાષાનો આગ્રહ, પણ સરકાર કોઈને અન્યાય નહીં કરે

## મરાઠી ભાષા મુદ્દે ફડણવીસની સ્પષ્ટતા

મુંબઈઃ મહારાષ્ટ્રમાં મરાઠી ભાષા નહીં આવડવાને કારણે ઓટો અને ટેક્સીચાલકોના લાઇસન્સ રદ કરવા અને કાર્યવાહી કરવાના મુદ્દે રાજકારણ ગરમાયું છે. આ અંગે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે રાજ્ય સરકાર માત્ર વ્યવહારુ મરાઠી ભાષાના જ્ઞાનનો આગ્રહ રાખે છે અને કોઈ પણ હિન્દી ભાષી પર અન્યાય થવા દેવામાં આવશે નહીં. ભાષા શીખવા માટે જરૂર પડશે તો મુદત પણ લંબાવવામાં આવશે.

આજે પત્રકારો સાથે વાતચીત દરમ્યાન જયારે રાજ્યમાં મરાઠી ભાષા ન બોલી શકતા રિક્ષા ટૅક્સીચાલકો વિરુદ્ધ કાર્યવાહી વધી રહી છે ત્યારે ફડણવીસે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે સરકાર કોઈ પણ હિન્દી ભાષી ભાઈ સાથે કે કોઈની પણ સાથે મરાઠી ભાષાના મુદ્દે અન્યાય નહીં થવા દઈશું નહીં.

ફડણવીસે જણાવ્યું હતું કે અમે નથી ઇચ્છતા કે હિન્દી ભાષી એકદમ ફાંકડું મરાઠી બોલે પણ અમારો માત્ર એટલો જ પ્રયાસ છે કે તેમને વ્યવહારુ મરાઠી ભાષા આવડવી જોઈએ. તેમને

(જુઓ પાનું ૪) ▶▶

## સમયમર્યાદા પહેલાં ડ્રાઈવરોને દંડ કરનારા અધિકારીઓ સામે પગલાં : સરનાઈક

મુંબઈઃ મહારાષ્ટ્રના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે સોમવારે ચેતવણી આપી હતી કે ભાષા શીખવાની એક મહિનાની સમયમર્યાદા પૂરી થાય તે પહેલાં ઓટોરિક્ષા અને ટેક્સી ડ્રાઇવરોને ખોટી રીતે દંડ ફટકારનારા આરટીઓ અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે.

મુંબઈમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં સરનાઈકે સ્પષ્ટતા કરી કે ૧૨ ઓગસ્ટના સરકારી ઠરાવમાં કહેવામાં આવ્યું હતું કે આરટીઓ અધિકારીઓ ઓટોરિક્ષા અને ટેક્સી ડ્રાઇવરોને એક મહિનાની નોટિસ આપશે અને જેમને પ્રાથમિક

(જુઓ પાનું ૪) ▶▶



**સાવચેતીના પગલાંઃ** મુંબઈમાં મરાઠી ભાષાના મુદ્દા વચ્ચે બિન-મરાઠી રિક્ષા ચાલકો દ્વારા કાંદિવલીમાં અડધા કલાક સુધી રસ્તો રોકી રાખ્યા બાદ, લાલજીપાડાથી કાંદિવલી લિંક રોડ સુધી પોલીસ તૈનાત કરવામાં આવી હતી. (અમય ખરાડે)

## રિક્ષાચાલકોના વિરોધથી પબ્લિકને હેરાનગતિ

મુંબઈઃ મુંબઈના કેટલાક વિસ્તારમાં સોમવારે સામાન્ય લોકોને કેટલાક ઓટોરિક્ષા અને ટેક્સી ડ્રાઈવરો દ્વારા કથિત ગુંડાગીરીનો ભોગ બનવું પડ્યું હતું. આ ચાલકો રાજ્ય સરકારના મરાઠી શીખવાના અભિયાનનો વિરોધ કર્યો હતો અને સમુદાયના અન્ય ડ્રાઈવરોને મુસાફરોને બેસાડતા અટકાવ્યા હતા.

સોશ્યલ મીડિયા પર ફરતા કેટલાક વીડિયોમાં

(જુઓ પાનું ૪) ▶▶




# અમરાવતી અગ્નિકાંડઃ ફડણવીસે ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા

## પીડિત પરિવાર માટે આર્થિક સહાયની જાહેરાત

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે અમરાવતીની જિલ્લા મહિલા હૉસ્પિટલમાં લાગેલી આગમાં ત્રણ નવજાત શિશુઓના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો અને આ ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા હતા.

ફડણવીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર મૃત્યુ પામેલા દરેક બાળકના પરિવારને ૫ લાખ રૂપિયાની આર્થિક સહાય પૂરી પાડશે.

ફડણવીસે આ ઘટનાને ''અત્યંત દુઃખદ અને હૃદયદ્રાવક'' ગણાવી અને મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે નોંધ્યું કે સદભાગ્યે, આ ઘટના દરમિયાન હૉસ્પિટલમાંથી ૩૬ બાળકોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા. મુખ્ય પ્રધાને

(જુઓ પાનું ૪) ▶▶

### પિતા બનવાની ખુશી થોડા કલાકોમાં શોકમાં ફેરવાઈ

અમરાવતીઃ પિતા બન્યાની ખુશી પરિવારને આપ્યાના થોડા જ કલાકો બાદ, સ્વપનિલ બાગરે મહારાષ્ટ્રના અમરાવતીની સરકારી હૉસ્પિટલના કોરિડોરમાં પોતાની પત્ની અને એક દિવસના પુત્રને બેચેનીથી શોધી રહ્યા હતા. પરંતુ બાદમાં તેમને જાણવા મળ્યું કે એનઆઈસીયુમાં લાગેલી આગમાં તેમના નવજાત બાળકનું મૃત્યુ થયું છે.

બાગરેએ જણાવ્યું હતું કે તેમની પત્નીએ રવિવારે અન્ય એક હૉસ્પિટલમાં સમય પહેલાં જન્મેલા અને ઓછું વજન ધરાવતા બાળકને જન્મ આપ્યો હતો, અને બાળકને

(જુઓ પાનું ૪) ▶▶

### માતા-પિતાની નજર સામે નવજાત શિશુઓના પ્રાણ ગયા

અમરાવતી (મહારાષ્ટ્ર): જે બાળકોના હાથે પોતાના અગ્નિસંસ્કારની ઈચ્છા હોય તેમને નજર સામે આગમાં હોમાઈ જતાં જોવા પડે તે કેવી કરુણતા!

મહારાષ્ટ્રના અમરાવતીમાં જિલ્લા મહિલા હૉસ્પિટલના નવજાત શિશુઓના સઘન સારવાર વિભાગ (એનઆઈસીયુ)માં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેના કારણે કેટલાક નવજાત શિશુઓ બળીને રાખ થઇ ગયા હતાં.

પ્રત્યક્ષદર્શીઓએ અને કેટલાક વાલીઓએ જણાવ્યું કે, ધુમાડાથી ભરાઈ ગયેલા કેર યુનિટ્સમાંથી બાળકોને બચાવવા માટે સુરક્ષાકર્મીઓ અને નર્સો

(જુઓ પાનું ૪) ▶▶

## વિપક્ષે રાજ્યવ્યાપી ફાયર ઓડિટની માગ કરી

મુંબઈઃ અમરાવતીની એક હૉસ્પિટલમાં આગ લાગ્યા બાદ નવજાત શિશુઓને બચાવવા માટે તબીબી સ્ટાફે તમામ પ્રયાસો કર્યા હોવાનું જણાવીને મહારાષ્ટ્રના આરોગ્ય પ્રધાન પ્રકાશરાવ અબિતકરે લૂલો બચાવ કર્યો હતો; દરમિયાન, વિપક્ષે જવાબદારી નક્કી કરવાની અને હૉસ્પિટલોનું રાજ્યવ્યાપી અગ્નિ સુરક્ષા ઓડિટ કરવાની માગ કરી હતી.

એનસીપી (એસપી) ના નેતા અને રાજ્યના ભૂતપૂર્વ ગૃહપ્રધાન અનિલ દેશમુખે દાવો કર્યો હતો કે ૨૦૨૧માં ભંડારા હૉસ્પિટલમાં લાગેલી આગમાં ૧૦ નવજાત શિશુઓનાં મોત થયા બાદ રચવામાં આવેલી સમિતિની ભલામણોનો અમલ કરવામાં આવ્યો નથી. તેમણે રાજ્યભરની હૉસ્પિટલોમાં

(જુઓ પાનું ૪) ▶▶







## હાજર નર્સે દુર્ઘટનાનું વર્ણન કર્યું

અમરાવતી (મહારાષ્ટ્ર) : સોમવારે વહેલી સવારે અમરાવતીની જિલ્લા મહિલા હૉસ્પિટલના નવજાત શિશુઓના સઘન સારવાર વિભાગમાં લાગેલી આગ બાદ, ગાઢ ધુમાડા અને ઓછી દૃશ્યતા વચ્ચે નર્સોએ ઘોડિયા અને ઇન્ક્યુબેટરમાંથી નવજાત શિશુઓને બહાર કાઢવા માટે ભારે દોડધામ કરી હતી. ફરજ પર

(જુઓ પાનું ૪) ▶▶

## સાત સભ્યોની તપાસ સમિતિ, આઠ દિવસમાં આપશે અહેવાલ

અમરાવતીઃ મહારાષ્ટ્રના અમરાવતીની સરકારી જિલ્લા મહિલા હોસ્પિટલના નવજાત શિશુ સંભાળ એકમમાં સોમવારે વહેલી સવારે લાગેલી ભીષણ આગમાં ત્રણ નવજાત શિશુનાં મોત થયા હતા. ૩૬ અન્ય નવજાત શિશુઓને ધુમાડાથી ભરાયેલા નવજાત શિશુ

(જુઓ પાનું ૪) ▶▶

## મઝગાંવમાં ગણેશમૂર્તિના આગમનની શોભાયાત્રા પર ઇંડાં ફેંકાયાં

મુંબઈઃ અખિલ ભૂલેશ્વર સાર્વજનિક ગણેશોત્સવ મંડળના 'ભૂલેશ્વરચા રાજા'ની ૨૨ ફૂટ ઊંચી ગણેશમૂર્તિ પડતાં બેનાં મોત થયાની ઘટના તાજી છે ત્યારે દક્ષિણ મુંબઈના મઝગાંવ વિસ્તારમાં રવિવારે રાતે ગણેશમૂર્તિના આગમનની શોભાયાત્રા પર અજાણ્યા શખસોએ ઇંડાં ફેંકતાં વાતાવરણ તંગ બન્યું હતું. પોલીસે પરિસ્થિતિને નિયંત્રણમાં લીધા બાદ આખા વિસ્તારમાં ચાંપતો બંદોબસ્ત ગોઠવી દીધો હતો અને આ પ્રકરણે ગુનો

(જુઓ પાનું ૪) ▶▶

## એમસીએના પાંચ ફૂડ આઉટલેટ્સના લાઈસન્સ સસ્પેન્ડ

મુંબઈઃ મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)એ મુંબઈ ક્રિકેટ એસોસિએશન (એમસીએ)ના પરિસરમાં આવેલા પાંચ ખાદ્ય આઉટલેટ્સના લાઈસન્સ સસ્પેન્ડ કર્યા છે. ખાદ્ય સુરક્ષા નિયમોના ઉલ્લંઘન અને સ્વચ્છતામાં ખામીઓ સામે આવ્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે.

એફડીએની તપાસમાં પરમિટ રૂમ, પેવેલિયન, મેડિટેરેનિયન, ઓરિએન્ટલ સ્વિંગ અને ક્લબવે એન્ડ પેસ્ટ્રી કાઉન્ટરમાં ખાદ્ય પદાર્થોના સંગ્રહ, રેફ્રિજરેશન, તાપમાન નિયંત્રણ અને

(જુઓ પાનું ૪) ▶▶







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**